# શ્રી સ્વામિનારાયણ

માસિક

કિમંત ₹ ૫/-


સળંગ અંક ૮૩ માર્ચ ૨૦૧૪

પ્રકાશનઃ- દર માસની ૧૧ તારીખે



શ્રી નરનારાયણદેવનો ૧૯૨મો પાટોત્સવ મહોત્સવ



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧













૧. શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં શ્રીનરનારાયણદેવના ૧૯૨માં પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ દર્શન ૨. એડિલડ (ઓસ્ટ્રેલિયા)માં નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે અન્નકૂટ દર્શન. ૩. ડેટ્રોઈટ મંદિરમાં શાકોત્સવ દર્શન. ૪. એટલાન્ટા મંદિરમાં શાકોત્સવ દર્શન. ૫. શિકાગો મંદિરમાં શિક્ષાપત્રી જયંતી પ્રસંગે શિક્ષાપત્રીનું પૂજન કરતાં સંત-હરિભક્તો. ૬. લેસ્ટર મંદિરમાં શિક્ષાપત્રી જયંતીના સભામાં કથામૃત પાન કરતાં હરિભક્તો.

જેતલપુર શ્રી સ્વામિનારાયણ મંદિરનો નવો નંબર ૯૦૯૯૯૩૯૩૭૬



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૭ ● અંક : ૮૩

માર્ચ-૨૦૧૪

(મૂળ વર્ષ ૪૭)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info
www.swaminarayan.in
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | સ્વામિનારાયણનો જયજયકાર | ૦૬ |
| ૦૪. | શ્રી શિક્ષાપત્રીની આમાન્યા અંગે ધર્મવંશીનો ધર્મોપદેશ | ૦૮ |
| ૦૫. | ઘી વાળી ખીચડી | ૧૦ |
| ૦૬. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વચનમાંથી | ૧૨ |
| ૦૭. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ઓસ્ટ્રેલીયા ધર્મપ્રવાસ | ૧૩ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૪ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૧૬ |
| ૧૦. | ભક્તિ સુધા | ૧૯ |
| ૧૧. | પ્રશ્ન પેટી | ૨૩ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૨૪ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● વંશ પરંપરાગત દેશમાં રૂા. ૫૦૧-૦૦ ● વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# ॥ અસ્મદીયમ્ ॥

સર્વાવતારી શ્રીહરિને પોતાના આશ્રિત માત્રને અક્ષરધામમાં તેડી જાવા છે તેથી તે અક્ષરધામમાં લઈ જવાની યોગ્યતા અપાવવા માટે ભગવાન શ્રીહરિએ શુદ્ધ સ્વસ્વરૂપનું જ્ઞાન આપીને પાત્રતા પ્રાપ્ત કરે તે જ આશયથી આ અતિ આવશ્યક એવી ભગવાન શ્રી નરનારાયણની ઉપાસના ભક્તિ અને પૂજા દ્વારા મેળવવાનો સરળ સુલભ માર્ગ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતમાત્રને ઓળખાવ્યો છે. તે પોતાના વચનામૃતોમાં વારંવાર તેને પુનઃરાવર્તન કરીને પણ આ જીવના હૃદયમાં તે ઉપાસના દૃઢ થાય તેવો ખાસ આગ્રહ રાખ્યો છે. તે વચનામૃત ૨૭૩ ગ્રન્થમાંથી આટલાં વચનામૃતો અવશ્ય પણે વાંચવા અને સમજવાનો પ્રયત્ન કરવો તે મુમુક્ષુમાત્રના અતિ હિતમાં છે. ગ.પ્ર. ૮, ૪૮, ૭૩, ૭૪, સારંગપુરનું ૮, ગ.મ. ૨૧, ૨૨, અમદાવાદ ૪, ૬, ૮, જેતલપુર ૩, ૪, ૫ આ તેર વચનામૃતો જીવનમાં ઉતારે તેને અન્યત્ર જ્યાં ત્યાં ફાંફા મારવા જવું પડે નહિ.

માટે વ્હાલા સુજ્ઞ ભક્તો આપણને આવા પ્રત્યક્ષ દેવ મળ્યા છે તેથી આપણા ભાગ્યનો કોઈ પાર નથી. દેશ-વિદેશના હરિભક્તોને નમ્ર અનુરોધ છે કે પરમ કૃપાળુ પરમાત્મા શ્રી નરનારાયણદેવના દર્શન પાટોત્સવ પ્રસંગે તો અવશ્ય કરજ્યો.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

## (ફેબ્રુઆરી-૨૦૧૩)



૧ શ્રી સ્વામિનારાયણ મંદિર લીલાપુર (તા. હળવદ મૂળી દેશ) મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨ શ્રી સ્વામિનારાયણ મંદિર માણેકપુર (ચૌધરી) કથા પ્રસંગે પધરામણી.

૩ ઈસંડ ગામે શ્રી રોકડીયા હનુમાનજી મહારાજની પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. સાંજે મૂળી પધરામણી.

૪ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી વસંત પંચમીના શ્રી રાધાકૃષ્ણદેવનો પાટોત્સવ અને રંગોત્સવ પ્રસંગે પધરામણી.

૫ શ્રી સ્વામિનારાયણ મંદિર ઉવારસદ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૬ શ્રી સ્વામિનારાયણ મંદિર મુવાસા (પંચમહાલ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૭ શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૮ શ્રી સ્વામિનારાયણ મંદિર ભીમપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૯ શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન મુંબઈ (વિલેપાર્લે) કથા પ્રસંગે પધરામણી.

૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર મોખાસણ પાટોત્સવ પ્રસંગે આયોજીત કથા પ્રસંગે પધરામણી.

૧૦થી ૧૯ ફેબ્રુઆરી
શ્રી સ્વામિનારાયણ મંદિર એડીલેડ (ઓસ્ટ્રેલીયા) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી ત્યાંથી સીડની પધરામણી.

૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ઠાકોરજીનો પાટોત્સવ-અભિષેક પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.

૨૧ શ્રી સ્વામિનારાયણ મંદિર વિહાર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ભક્તિનગર (મૂળી દેશ) કથા પ્રસંગે પધરામણી.

૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર જાનવડ (પંચમહાલ) કથા પ્રસંગે પધરામણી.

૨૪ શ્રી સ્વામિનારાયણ મંદિર ભાઉપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૫-૨૬ હૈદ્રાબાદ (આંધ્રપ્રદેશ) કથા પ્રસંગે પધરામણી.

૨૬ થી ૨૮ છપૈયાધામ અને અયોધ્યા દર્શનાર્થે

## પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ફેબ્રુઆરી-૨૦૧૪)

૧૬ શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા પાટોત્સવ પ્રસંગે આયોજીત કથામાં પધાર્યા.



# સ્વામિનારાયણનો જયજયકાર

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

ભગવાન સ્વામિનારાયણ મહાપ્રભુના સ્વધામ ગમન બાદ સન્ ૧૯૦૭ ના અરસામાં (કહેવાતા) શારદાપીઠ શંકરાચાર્ય માધવતીર્થ પ્રેરિત સ્વામિનારાયણ સંપ્રદાયની વ્યવસ્થા વેદ વિરુદ્ધ હોવાનો દુષ્પચાર કરવામાં આવ્યો. તેમાં કાશી આદિ નગરોના વિદ્વાનો વેદ વિશારદો ધર્માચાર્યો મહામંડલેશ્વરોને તેમાં સામેલ કરવામાં આવ્યા હતા. ટૂંકા સમયમાં સ્વામિનારાયણ સંપ્રદાયની અન્ય સંપ્રદાયો કરતા પ્રસિદ્ધિ મોખરે હોવાથી આશ્રિતોને ડગમગાવા સફળ ન થતાં વામપંથી જેવા હિન લોકોનો ઉપયોગ કરી સંપ્રદાય વિરૂદ્ધ વેદ વિરુદ્ધ વ્યવસ્થાનો નારો લગાવ્યો. જેના પડધા કાશી સુધી પહોંચતા. કાશીસ્થ પંડિતોને સંપ્રદાયની વ્યવસ્થા વેદ વિરૂદ્ધ છે એવું નિવેદન પ્રસિદ્ધ કરવા ચારેબાજુથી દબાણ કરવામાં આવ્યું. ત્યાર પછી સંપ્રદાયના આશ્રિત પ્રતિનિધિઓને અમદાવાદ-વડતાલ દેશના વિદ્વાન પાંચ સંતો હરિભક્તોને આચાર્ય મહારાજશ્રીએ હસ્ત લિખિત શાસ્ત્રોની પોથીઓ લઈને કાશી મોકલ્યા. તેમાં વડતાલના પૂજ્ય શાસ્ત્રી બળરામદાસજી સ્વામી મુખ્ય હતા.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય વ્યવસ્થા વિષે શાસ્ત્રાર્થમાં તા. ૬-૧૧-૧૯૦૭ શ્રી ભારતધર્મ મહામંન્ડલ પ્રધાન કાર્યાલય કાશીમાં પંડિત મહારાજ નારાયણ શિવપુરીના પ્રધાનાધ્યક્ષ પદે પ્રતિષ્ઠિત વિદ્વાનો મહામહોપાધ્ય પંડિત સુધાકર દ્વિવેદીએ સભામાં પ્રસ્તાવ રજૂ કર્યો તેને દરભંગાના મહી મહેન્દ્ર વ્યાકરણાચાર્યશ્રી જયદેવ શર્માએ અનુમોદન આપ્યું. તેમાં છસો (૬૦૦) થી વધુ ભારતભરના વિદ્વાનોને નિમંત્રીત કર્યા હતા તે સર્વેની ઉપસ્થિતિમાં અગીયાર દિવસ સુધી શિક્ષાપત્રી, વચનામૃત દેશ વિભાગનો લેખ, અને સત્સંગિજીવન પર ૨૫૦ કુલ બસો પચાસ પ્રશ્નો પૂછવામાં આવ્યા. સંપ્રદાય વ્યવસ્થાના એક એક વિષય પર વિચાર ચર્ચા વેદાદિના સચોટ પુરાવાઓ સહિત સંતોની સાથે પંડિત લક્ષ્મીદાસ પંડિત નાગરદાસ વિગેરેએ જાહેર મંચ પર શ્રીજી મહારાજની કૃપાથી જવાબો સપ્રમાણ રજૂ કર્યા. તેમાં પ્રશ્ન ૨૨૯ માં પૂછ્યું કે ભગવદ્ ધામો વિષે શું માનો છો ? તેના જવાબમાં શ્રીમદ્ ભગવદ્ગીતાના ૧૫ માં અધ્યાયના પ્રમાણ આપીને **વચનામૃત-અમદાવાદ-સાતમાં શ્રીહરિએ કહ્યું છે કે; અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાશ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ બધી મારી તેજે કરીને તેજાયમાન છે.** ભગવદ્ ગીતાના સપ્રમાણ જવાબ સાંભળી મતમતાન્તરમાં માનતા વિદ્વાનો ગીતાજીના મત સામે પ્રશ્ન પૂછવાના સાહસ ન કરતાં સવિનય જવાબ સ્વીકાર્યો. બસોને પચાસ પ્રશ્નોતરની નોંધ એક વિદ્વાન પાસેથી મેળવીને સુરતના એનજીન પ્રેસ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તે સમયે સંપ્રદાય વ્યવસ્થાનો વિજય થયો અને સંપ્રદાયની સમ્પૂર્ણ વ્યવસ્થા વેદવિરુદ્ધ નથી એવા ઠરાવો કરવા કરવામાં આવ્યા તે નીચે મુજબ છે.

**ઠરાવ-૧ :** શ્રી સહજાનંદ સ્વામી નિર્મિત શિક્ષાપત્રીના ઉપદેશ કલ્યાણકારી અને વૈદિક છે. તેના અનુસાર પ્રવર્તિત સંપ્રદાય વેદોક્ત માનવામાં આવે, બ્રાહ્મણાદિક વર્ણ એ આશ્રય કરવામાં કોઈ દોષ નથી. કારતક સુદ-એકમ સંવત ૧૯૬૪ બુધવાર - લેખક - સુધાકર દ્વિવેગી (મહામહોપાધ્યાય).

**ઠરાવ-૨ :** શ્રી સહજાનંદ સ્વામી લિખિત શિક્ષાપત્રી વૈદિક ધર્મનું અવલમ્બન કરે છે. તેમાં રહેલા ઉપદેશો વૈદિક છે. તેનો આશ્રય કરવા માટે કોઈ પ્રકારની આપત્તિ

નથી. લે - કૈલાશચન્દ્ર શિરોમણી (મહામહોપાધ્ય). તદુપરાંત ૨૨ વિદ્વાનોએ હસ્તાક્ષર કર્યા છે.

**ઠરાવ-૩ :** શ્રી સહજાનંદ સ્વામી લિખિત શિક્ષાપત્રી ઉપદેશશ્રૃતિ સ્મૃતિ અનુસાર વૈદિક છે તેનું અનુસરણ કરનાર સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત વૈદિક છે. કારતક સુદ-એકાદશી ૧૯૬૪ લે - પંડિત સંગમલાલ ઝા. (મહામહોપાધ્યાય) તદુપરાંત ૧૪૧ પંડિતોના હસ્તાક્ષર કરેલ છે.

**ઠરાવ-૪ :** શ્રી સહજાનંદ સ્વામી વિરચિત શિક્ષાપત્રીના ઉપદેશ દેવતા પિતૃયજ્ઞને અર્થે પણ હિંસા ન કરવી તથા ક્યારેય પણ માંસ ન ખાવું આદિ ધર્મ તથા શ્રૌત સ્માર્ત વર્ણ આશ્રમના ધર્મ વેદવિહિત છે તેનો આશ્રય કરવો તેમાં કોઈ દોષ નથી. કારતક સુદ-૧૩ સંવત ૧૯૬૪ લે - સુબ્રહ્મણ્યશાસ્ત્રી (મહામહોપાધ્યાય) આદિ પંડિત વર્ય.

**ઠરાવ-૫ :** શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની શિક્ષાપત્રી નામે ગ્રન્થનો ઉપદેશ શ્રૃતિસ્મૃતિ વેદ અનુરૂપ છે. ચારેય વર્ણના લોકોને આશ્રય કરવામાં કોઈ આપત્તિ નથી. માગસર સુદ-૩ શનિવાર સંવત ૧૯૬૪ લે - ભવાનીશંકર અગ્નિહોત્રી આદિ ૧૮ વિદ્વાનોના હસ્તાક્ષર.

**ઠરાવ-૬ :** શ્રી સ્વામિનારાયણની શિક્ષાપત્રી મેં વાંચી તેનો વિચાર મનન કરીને વિશ્વાસ આવ્યો કે સંપ્રદાય વ્યવસ્થા વેદ વિરુદ્ધ નથી. કારતક વદ-૧૪ સંવત ૧૯૬૪ લે - સ્વામી અદ્વૈતાનંદ આદિ ૩૬ વિદ્વાનોનાં હસ્તાક્ષર.

તદુપરાંત સંવત ૧૯૪૦ માં વડોદરા શહેરના વિદ્વાનોની પરિષદ ભરાણી હતી તેમાં પણ સંપ્રદાયનું પ્રતિપાદન કરતા ઠરાવો વિદ્વાનોએ કર્યા હતા.

કાશીની વિદ્વત પરિષદમાં ખરા સમયે અમદાવાદનું સાતમું વચનામૃતના વચનોથી વિજયની ઘોષણા કરવામાં આવી. તો જેમાં અમદાવાદનું સાતમું વચનામૃત છપાયું હોય એવું પુસ્તક વસાવવું. સંવત ૧૯૬૪ માં વચનામૃતમાં અમદાવાદનું સાતમું હતું. જેને વિદ્વત્ પરિષદમાં રજૂ કર્યું જે વિદિત થાય. ભારતના અન્ય કોઈ સંપ્રદાયને આવી આપત્તિઓનો સામનો કરવો પડ્યો નથી. શ્રીજી મહારાજની કૃપાથી સદાય સ્વામિનારાયણનો જય જયકાર.


શ્રી સ્વામિનારાયણ માસિક પ્રકાશનની માલિકી અંગેની માહિતી.

**From-IV (see Rule : 8)**

| | | | |
|---|---|---|---|
| ૧. | **પ્રકાશન સ્થળ** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧ |
| ૨. | **પ્રકાશન સમય** | : | માસિક દર મહિને |
| ૩. | **મુદ્રકનું નામ** | : | મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૪. | **તંત્રીનું નામ** | : | મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૫. | **માલિક (સંસ્થાપક)** | : | **શ્રી નરનારાયણ દેવની ગાદીના અધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** |
| | **રાષ્ટ્રીયતા** | : | હિન્દી |
| | **સરનામું** | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |

હું શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

**સહી : શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, મહંત સ્વામી**

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧

(પ્રકાશકની સહી)

# શ્રી શિક્ષાપત્રીની આમાન્યા અંગે ધર્મવંશીનો ધર્મોપદેશ

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ

ભગવાન શ્રી સ્વામિનારાયણે અક્ષરધામમાંથી આ પૃથ્વીલોકમાં આવીને આ જીવોના કલ્યાણને અર્થે મંદિરો-મૂર્તિઓ, શાસ્ત્રો અને ધર્મવંશી આચાર્યશ્રી, એમ ત્રણ સ્વરૂપે અખંડ રૂપે વિચરવાનું વરદાન આપ્યું છે. અને પોતાની હયાતી દરમ્યાન જ એ ત્રણેયની સુપેરે રચના કરીને સંપ્રદાયનું સુદઢ બંધારણ ઘડ્યું છે. સૌ પ્રથમ સં. ૧૮૭૮ ફાગણ સુદ-૩ ના દિવસે અમદાવાદમાં મંદિરની રચના કરીને શ્રી નરનારાયણદેવ પધરાવ્યા અને તેમાં પોતે અખંડ નિવાસ કરીને રહેશે તેવું દઢપણે ભક્તજનોને જણાવ્યું. ત્યાર પછી સં. ૧૮૮૨ ના મહાસુદી પંચમીના દિવસે પોતે શ્રી શિક્ષાપત્રીની રચના સંસ્કૃતમાં કરી અને આ મારી વાણી તે મારું જ સ્વરૂપ જ છે તેમ શ્લો. ૨૦૯ માં જણાવ્યું. અને મોક્ષના છેલ્લા ઉપાય સમાન ધર્મવંશી આચાર્યની સ્થાપના કરી, અમદાવાદ-શ્રી નરનારાયણદેવ દેશ અને વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશ એમ બે પીઠસ્થાનોનું સ્થાપન કર્યું અને સર્વે સત્સંગીજનોના ગુરુપણાને વિશે આચાર્યશ્રીને સ્થાપ્યા અને સહર્ષ જાહેર કર્યું કે આ ધર્મવંશી આચાર્ય આજથી અમારે ઠેકાણે છે તેને સૌ માનજ્યો અને પૂજજો જેથી મારી પૂજા કર્યાનું ફળ તમને નિઃશંકપણે પ્રાપ્ત થશે. અને તે અંગે દેશ વિભાગનો લેખ સં. ૧૮૮૩ ના માગસર સુદ-૧૫ ના રોજ ગઢડામાં લખાવડાવ્યો.

શ્રીહરિએ સ્વયં લખેલ શિક્ષાપત્રી સત્સંગીજનોના જીવનનો આધાર છે. આ લોક અને પરલોકમાં સુખી થવાનો સચોટ અને એકમાત્ર રસ્તો છે. અને તે આજ્ઞાઓનું ઉલ્લંઘન કરીને, પોતાના ગમતા પ્રમાણે વર્તનાર જીવ, જરૂર મોટા કષ્ટને જ પામે છે તેવી ચેતવણી પણ શ્રીહરિએ આશ્રિતજનોને આપેલી જ છે. શિક્ષાપત્રીમાં જણાવેલી આજ્ઞાઓ માત્ર પરલોકના મોક્ષ માટે જ નથી. પરંતુ આ લોકમાં પણ જીવન સરળ, સમૃદ્ધ અને સુખી રહે તેવી જડીબુટ્ટી સમાન આજ્ઞાઓ પણ તેમાં સમાવી લેવાઈ છે.

શિ. શ્લો. ૨૦૮ માં શ્રીહરિ જણાવે છે કે, આ શિક્ષાપત્રીનો નિત્યે પાઠ કરવો, ભણતાં ન આવડતું હોય તો તેનું શ્રવણ કરવું. આ શ્રવણ માત્રથી પણ પવિત્ર થવાય છે. કેમ કે આ સ્વયં અક્ષરધામાધિપતિ ભગવાન શ્રીસ્વામિનારાયણે લખેલી છે અને ઉચ્ચારેલી છે. કવિ શ્રી દલપતરામ આ શિક્ષાપત્રીના ૧ થી ૨૧૨ શ્લોકો સળંગ, ઊંધા અને છત્તા એમ બંને રીતે અસ્ખલિતપણે બોલી શકતા ! આજે પણ ઘણા સંતો અને હરિભક્તોને આ શિક્ષાપત્રી અક્ષરસહઃ કંઠસ્થ છે ! જેમણે શ્રીજીની વાણીને આવી રીતે આત્મસાત્ કરી છે તે હરિભક્તોને પણ ધન્ય છે. વળી શ્રીહરિ શ્લો. ૨૦૯ માં જણાવે છે કે, આ જે અમારી વાણી છે તે અમારું સ્વરૂપ છે તેમ પરમ આદર થકી માનવી. જેટલો મહિમા શ્રી નરનારાયણદેવનો છે તેટલો જ મહિમા આ શ્રી શિક્ષાપત્રીનો છે. તે શ્રીજીનું વાંઙ્મય સ્વરૂપ છે.

હરિભક્ત માત્રે એ વિવેક જરૂરથી રાખવો ઘટે કે, જ્યારે કોઈ પુસ્તક ધર્મવંશી આચાર્યશ્રીની આજ્ઞાથી છપાય-પ્રકાશિત થાય ત્યારે જ તે સત્શાસ્ત્ર બને છે. બજારમાં ગમે તેણે છપાવેલી શિક્ષાપત્રી એ પુસ્તક છે, પણ જો એ ધર્મવંશી આચાર્યશ્રીની આજ્ઞાથી પ્રકાશિત થયું હોય તો તે શાસ્ત્ર બને છે - શ્રીજી સ્વરૂપ બને છે. આપણી દૈનિક પૂજામાં શિક્ષાપત્રી અવશ્ય રાખવી ઘટે અને તે પણ આચાર્યશ્રીની આજ્ઞાથી છપાયેલ હોય તે. શિક્ષાપત્રી શ્લો. ૧૩૨ માં શ્રીજીએ, ધર્મવંશી આચાર્યશ્રીને સદ્વિદ્યાની પ્રવૃત્તિ કરવાની આજ્ઞા કરી અને તેના પાલનને અર્થે, ધર્મશાસ્ત્રમાં કશું પણ ક્ષેપક-વધારાનું ન ઉમેરાઈ જાય તે જોવું ખૂબ અગત્યનું બની રહે છે અને તેથી દરેક પુસ્તકો ધર્મવંશી આચાર્યશ્રીની આજ્ઞાથી બહાર પડે તે જ માન્ય ધર્મશાસ્ત્ર ગણાય.

અત્યારના યુગમાં ઘણા ભક્તજનો ઘણા સારા-માઠા પ્રસંગો ઉપર શિક્ષાપત્રી છપાવીને દરેક આગંતુકને ભેટ આપે છે. આ બાબતે આપણે વિવેક રાખવો ઘટે કે શ્લો. ૨૧૦ માં શ્રીજીએ સ્પષ્ટતા કરી છે કે આ શિક્ષાપત્રી માત્ર દૈવી જીવને જ અપાય પણ આસુરી જીવને ન જ અપાય. સંપ્રદાયના શાસ્ત્રોમાં દૈવી અને આસુરી જીવ કોને કહેવાય તેની પણ વિગતવાર ચર્ચા કરી જ છે. પરંતુ એક વાત દિવા

જેવી સ્પષ્ટ છે કે શ્રીજીનું આ સ્વરૂપ ગમે તેને આપી ન શકાય. કુપાત્ર જીવોના હાથમાં શિક્ષાપત્રી જાય તો આપણે શ્રીજીના કુરાજીપણાનો ભોગ જરૂર બનીએ છીએ. ભગવદ્ ગીતાના અધ્યાય ૧૮ શ્લો. ૬૭ માં પણ શ્રીકૃષ્ણ જણાવે છે કે, આ ગીતારૂપી રહસ્યમય ઉપદેશ કોઈપણ કાળે, ન તો તપરહિત માણસને કહેવો, ન તો ભક્તિ રહિતને અને ન તો સાંભળવા ન ઈચ્છતા માણસને કહેવો તથા જે મારામાં દોષદષ્ટિ રાખે છે એને તો કદીય ન કહેવો. આમ આ પરાવાણી છે તે ગમે તે જીવોને નહિ પણ સુપાત્રને જ અપાય તે વિવેક જરૂર રાખવો ઘટે. ઘણા તો આ શિક્ષાપત્રીમાં પોતાના સંબંધીજનોના ફોટા આગળ છાપે અને પછી લખેલ છે કે "શ્રી... ના સ્મરણાર્થે. સુજ્ઞજને વિચાર કરવો ઘટે કે આપણે સ્મરણ શ્રીજી મહારાજનું જ રાખવાનું છે અન્ય કોઈનું નહિ. શિક્ષાપત્રીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સિવાય અન્ય કોઈના ફોટોગ્રાફ મૂકી શકાય નહિ. કારણ કે ધર્મવંશી આચાર્ય દ્વારાએ પ્રકાશિત થયેલી શિક્ષાપત્રી તો પૂજામાં રાખીને તેની નિત્ય પૂજા થાય છે. શ્રીજી સિવાય અન્ય કોઈ જીવનું પૂજન કરવામાં મહાદોષ આવે અને મોક્ષના માર્ગેથી પડી જવાય તે નિશંક છે. આપણે શ્લો. ૨૦૫ નું હાર્દ સમજવું કે, શિક્ષાપત્રી પ્રમાણે વર્તવાથી કલ્યાણ છે. પણ માત્ર શિક્ષાપત્રીની આજ્ઞાઓ અન્ય કોઈને માત્ર આપવાથી કે, ઉપદેશવા માત્રથી કલ્યાણ થતું નથી. અત્યારે તો ઘણા અલ્પજ્ઞાનીઓ તો માત્ર શિક્ષાપત્રી વહેંચવા કે વેચવા માત્રથી જ કલ્યાણ માની બેઠા છે !

શ્રી શિક્ષાપત્રી છપાવતી વખતે સામાન્ય રીતે તેમાં, શ્રીહરિની ચિત્ર પ્રતિમા અને ધર્મવંશી આચાર્યશ્રીનો આજ્ઞાપત્ર અચૂકપણે હોવો જ જોઈએ. શક્ય હોય ત્યાં સુધી મૂળ સંસ્કૃત શ્લોકો છાપીને તેની નીચે, ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, મરાઠી વગેરે પ્રાંતિય ભાષામાં તેનો અનુવાદ છાપવો જોઈએ. કારણ કે શ્રીહરિની મૂળવાણી તો સંસ્કૃત છે. તે આપણને ન આવડતી હોય તો પણ, તેની પૂજા-અર્ચા કરવી જોઈએ. છપાવેલી આ શિક્ષાપત્રીમાં બિન જરૂરી નામોનો ઉલ્લેખ ન જ કરવો પણ આ જીવનો સ્વભાવ જ એવો છે કે, .... મેં છપાવી છે, હું લાવ્યો છું, મેં વહેંચી છે, મારી પ્રેરણાથી... વિગેરે ભાવ દર્શાવે છે. સુજ્ઞ જને વિચાર કરવો ઘટે કે, જ્યારે સ્વયં શ્રીહરિ એમ કહે છે કે આ મેં લખી છે.... આ મારું સ્વરૂપ છે ત્યારે તેની ઉપર આપણા કોઈ જ શબ્દોની જરૂર રહેતી નથી .અંગ્રેજીમાં ઉક્તિ છે કે **I is always capital.** આ અહમમમત્વનો ભાવ છોડીને આપણે વર્તવું. તો જ સાહિત્યની સેવા થાય અને શ્રીજીનો રાજીપો થાય.

શિક્ષાપત્રી મહાગ્રંથનું મૂલ્ય તેનું માહાત્મ્ય, આપણે અચૂક સમજવું જોઈએ. ઘણી વખતે હરિભક્તોને ઘેર શિક્ષાપત્રી ગ્રંથની ઉપર ગમે તેવા આડા-અવળા લીટા હોય, ગમે ત્યાં રિમાર્કો લખેલી હોય, તેની ઉપર અન્ય પુસ્તકોના ઢગલા મૂક્યા હોય, તેની ઉપર ચીજ-વસ્તું મુકેલી હોય છે. આ બધું તદ્દન અયોગ્ય છે. જો આપણે શિક્ષાપત્રીને શ્રીજી સ્વરૂપ સમજીએ તો આવું કશું કરાય નહિ. નીચે આસન મૂક્યા વગર શિક્ષાપત્રી મૂકાય નહિ. તેની ઉપર અન્ય કોઈ પણ પુસ્તકો / શાસ્ત્રો ન મૂકાય. અપવિત્ર હાથે તેનો સ્પર્શ ન જ થાય. પ્રતિદિન સવારે તેની પૂજા કરવી પડે, શિક્ષાપત્રીમાં અન્ય કાંઈ કાગળો વગેરે ન મૂકાય. ગમે તે રીતે ઘાંટા પાડીને તેનું પઠન ન થાય, શાંત ચિત્તે શ્રીજીનું ધ્યાન ધરીને સ્પષ્ટ ઉચ્ચારોથી ધીરગંભીર પણે તેનું પઠન કરવું જોઈએ. જેમ રાષ્ટ્રગીત ગવાતું હોય ત્યારે દેશના નાગરિકે ઉભા થઈને, સાવધાનની સ્થિતિમાં યથાયોગ્ય મર્યાદામાં રહીને તે ગાવું જોઈએ. તેમ શિક્ષાપત્રીનું પઠન હરતાં ફરતાં કે સૂતાં સૂતાં થાય નહિ. એક સ્થળે સ્વસ્તિકાસને બેસીને શ્રીજીનું અનુસંધાન રાખીને તેનું પઠન કરવું જોઈએ. સુજ્ઞ જને તે વાંચીને ફક્ત મૂકી દેવી નહિ પરંતુ તેનું મનન અને નિદિધ્યાસ કરવો. હંમેશા સ્મૃતિ રાખવી કે મારાથી કઈ આજ્ઞાનું ઉલ્લંઘન થઈ ગયું છે ? અને તે અંગે પરમાત્માની આગળ દીનભાવે પ્રાર્થના કરીને એકાંતિક હરિભક્ત પાસેથી અથવા ધર્મવંશી આચાર્યશ્રી થકી તેનું પ્રાયશ્ચિત લેવું અને શુદ્ધ થવા તત્પર રહેવું.

અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશના પૂર્વ પીઠાધિપતિ, ધર્મકુળ મુકુટમણિ, વિશ્વવંદનીય, તપોમૂર્તિ એવા પ.પૂ. શ્રી મોટા મહારાજશ્રી શ્રી તેજેન્દ્રપ્રસાદજી એટલે કરુણાનો સાગર, સંપ્રદાયનું અને સર્વે સત્સંગીજનોનું હિત સદાકાળ જેને હૈયે રહેલું છે તેવા આ

અનુસંધાન પેજ નં. ૧૮ પર

# ઘી વાળી ખીચડી

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક

પત્તર હાથમાં લેતાં જ સુવાસ આવી. સાધુ ઉભા થઈ ગયા. આ હું નહિ જમું. ઘીની સુગંધ આવે છે.

સંતો ત્રણ દિવસ થયાં કંઈ જમ્યા ન હતા. ઉપવાસનો આજે ચોથો દિવસ હતો. હરિ ઈચ્છાથી ખીચડી મળી પણ ઘી વાળી નીકળી. સંતે તે ન ખાધી. ઉભા થઈ ગયા.

એ હતા ભાયાત્માનંદ સ્વામી. શ્રીહરિએ સંતોને ઘી નહિ ખાવાની આજ્ઞા કરી હતી.

પોતાના સુંદર સિંહાસન ઉપર વિરાજમાન ભગવાન સ્વામિનારાયણે એકદા મુક્ત મુનિને કહ્યું, સ્વામી ! તમે પચાસ સાધુઓનું મંડળ લઈ મારવાડ દેશમાં ફરવા જાઓ. મારવાડ દેશ સાવ કોરો રહ્યો છે. નપાણીઓ વિસ્તાર છે. ત્યાંના લોકો ખડતલ છે. મહેનતું છે પરિશ્રમથી કમાનારા છે. પરંતુ એ પ્રદેશ જોઈએ તેવો સમૃદ્ધ નથી. પ્રજા ગરીબ ગણાય. તે પ્રદેશના મનુષ્યોના હૃદયમાં તમે સતસંગના બીજ રોપો થોડીઘણી મુશ્કેલીઓ પડશે પણ આ કામ તમારાથી જ થવાનું છે.

મરૂ ભૂમિમાં સંતો વિચરી રહ્યા છે. સત્સંગનો પ્રચાર કરી રહ્યા છે. પણ કોઈ આવતું નથી. લોક સમૂહ એવું સમજે છે જે સ્વામિનારાયણ જાદુગારાનું આ મંડળ છે. ત્યાં જાવા જેવું નથી. જેવી તેવી વાતો કરીને આપણો સંસાર ભંગાવે તેવા છે. આવી ભ્રમણાથી સમાજમાં કોઈ રસ દાખવતુ નથી. પરંતુ સંતો તેમનું કર્તવ્ય નિષ્ઠાપૂર્વક કર્યે જાય છે. ઝોળીમાં કોઈ ભીક્ષા આપતું નથી. જ્યાં જાય ત્યાં લોકો અપમાન કરે છે. તિરસ્કાર કરે છે. દુર્વચનો બોલે છે. ત્રણ દિવસ વીતી ગયા પાણી પીવા પુરતું યે અનાજ મળ્યુ નથી. સંતો અદ્‌ભુત ધીરજ રાખી રહ્યાં છે. ભૂખ તરસ સહન કરી રહ્યા છે છતાં રાત દિવસ ભજન-કીર્તન કરે છે. કથા વારતા કરે છે. જ્યાં ત્યાં પડ્યા રહે છે.

ચોથા દિવસનું પ્રભાત થયું. સંતવૃંદ સમક્ષ મુક્તમુનિ સદ્‌વારતા કરી રહ્યાં હતા. ત્યાં નજીકથી જ એક વિપ્ર પસાર થયો. તેને મુક્તમુનિના બે શબ્દો કાને પડ્યા. એ શબ્દો કર્ણમાંથી હૃદયમાં ઊતર્યા. શબ્દો મીઠા લાગ્યા. તે ઘડીવાર ઉભો રહ્યો.

મુક્તમુનિએ તેની સામે જોઈ કહ્યું મહાપુરુષ ! તમે ઉભા કેમ છો ? અહીં આવો. બેસો અમે કૃષ્ણ ભગવાનની કથા કરી રહ્યા છીએ. બે ઘડી તમે પણ શ્રીકૃષ્ણ કથા સાંભળો. મુક્તમુનિનો કર્ણ પ્રિય અવાજ અને નિર્માની મૃદુ સ્વભાવથી બ્રાહ્મણ આકર્ષાયો. સ્વામીએ તેને સભામાં અગ્રસ્થાને બેસાડ્યો.

મુક્તમુનિના સદ્‌બોધથી વિપ્રનું હૃદય પરિવર્તન થયું. અંતરમાં શાંતિ થઈ. સારું લાગ્યું. તેણે કહ્યું, હે સ્વામી! તમારા ધરમ નિયમ હોય તે કહો મારે તમારા મંડળમાં આવવું છે. દયાળુ સ્વામી બોલ્યા, ભાઈ! એવી ઉતાવળ ન કરો અમે તમને શ્રીકૃષ્ણ ભગવાનનો એક મંત્ર આપીએ છીએ તમને ઠીક લાગે તો દરરોજ તેનો જાપ કરજો. અને માત્ર અરધો કલાક ભગવાનનું ભજન-સ્મરણ કરજો. તમે સુખી થશો.

બ્રાહ્મણ રાજી થઈ ગયો. તેણે કહ્યું, હે મહારાજ ! આજ મારા ઘેર જમવાનું રાખો. મુક્તમુનિએ તે વિપ્રનો ભાવ જાણ્યો ને બીજી સંતોના ત્રણ ઉપવાસની પીડા જાણી. પોતે બોલ્યા, જુઓ ભાઈ ! અમારા ઈષ્ટદેવે અમને ઘી, ગોળ, દૂધ, દહીં વગેરે ખાવાની ના પાડી છે. માટે તમે જમવામાં માત્ર ખીચડી બનાવજો. ઘીનો ઉપયોગ બિલ્કુલ ન કરશો તો માત્ર એ ખીચડી અમે જમીશું.

હરખાતો હરખાતો તે ઘેર ગયો. બહુ પ્રેમથી ખીચડી બનાવી. સૌ પ્રથમ ઠાકોરજી જમાડવા માટે એક થાળીમાં ખીચડી લીધી. પછી તેને વિચાર થયો જે કોરી ખીચડી ન ધરાવાય. અન્ન પવિત્ર જેટલું યે ઘી નાખવું જોઈએ. એમ વિચારી થોડું ઘી નાખ્યું. ઠાકોરજીને થાળ ધરાવ્યો. પછી તેણે પ્રભુ પ્રેરણાથી એ ખીચડીમાંથી બે ગ્રામ ખીચડી લઈ તપેલામાં નાખી બધી ખીચડી સારી રીતે હલાવી તે ખીચડીનું તપેલું મુક્તમુનિ આગળ મુકી કહ્યું, લ્યો મહારાજ ! આપ સૌ સંતો પ્રભુ પ્રસાદ જમો.

મુક્તમુનિએ બધા સંતોને પતરાવળામાં ખીચડી આપી કહ્યું, જમો સંતો ! આજે ચોથા દિવસે શ્રીજી મહારાજે આપણને જમવા આપ્યું છે. સંતો શ્રીહરિ સ્મરણ કરી જમવા જાય છે તેવામાં જ ભાયાત્માનંદ ઉભા થઈ ગયા. ખીચડી જમવા ઈન્કાર કર્યો. તેમણે કહ્યું, આ ખીચડી ઘી મિશ્રિત છે. ઘી ખાવાની મહારાજની આજ્ઞા નથી. પતરાવળાં સંતોના હાથમાં રહી ગયા. મુક્તાનંદ સ્વામીએ વિચાર્યું. આજનો પ્રસાદ સંતો નહિ જમે તો તેમને ચાર દિવસના ઉપવાસ થશે. વળી હવે પછી જમવાનું ક્યારે મળશે તેનો કોઈ અંદાજ નથી.

સ્વામી ઉભા થઈ બોલ્યા, હે સંતો ભાયાત્માનંદ મુનિ

કહે છે તે વાત સત્ય છે. ઘી જમવાની મહાપ્રભુની આજ્ઞા નથી. પરંતુ મારું માનવું છે કે આજે આપણને ચોથો ઉપવાસ છે. આ દેશમાં આપણે વિકટ કહેવાય એવી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છીએ. આજે દૈવી પ્રેરણાથી આપણને જમવા મળ્યું છે. બ્રાહ્મણે ભાવથી ખીચડી બનાવી છે. આપણે ઘી નથી જમતા તે વાત તે જાણે છે. તેણે આપણી ખીચડીમાં ઘી નથી નાખ્યું. શ્રીહરિને ધરાવેલ ખીચડીમાંથી થોડોક પ્રસાદભુત ભાગ આપણી ખીચડીમાં નાખ્યો છે. પ્રસાદીમાં ઘી રહેલું છે એટલા પુરતો જ પ્રસાદનો ઈન્કાર કરવો એ મને વાજબી નથી લાગતું. બ્રાહ્મણ નવો સત્સંગી છે. નહિ જમીએ તો તેને આપણો અભાવ આવશે. અને ખીચડીનો બગાડ થશે. વળી દૈવ ઈચ્છાથી મળેલું અન્ન આપણે નહિ જમીએ તો કાલે પાંચમો ઉપવાસ શરૂ થશે. માટે હે સંતો ! દેશકાળને અનુસરીને હું કહું છું કે આપ ખીચડી જમો. શ્રીહરિની આજ્ઞા ઉલ્લંઘનનું શ્રીહરિ જે પ્રાયશ્ચિત આપશે તે તમારા બધા વતી હું ભોગવીશ. માટે નિશ્ચિંતપણે તમે જમો.

કેટલાક દિવસ પછી મુક્તાનંદ સ્વામી ગઢપુર આવ્યા. શ્રીહરિ દરબારમાં વિરાજમાન હતા. સૌએ શ્રીહરિને દંડવત પ્રણામ કર્યા. મહારાજે બધાના ખબર અંતર પૂછ્યા.

મુક્તાનંદ સ્વામીએ કહ્યું, કે મહારાજ ! એકવાર મારવાડ પ્રદેશમાં ફરતાં ફરતાં ત્રણ દિવસ સુધી અમને ખાવાનું ન મળ્યું. સંતો ચાલવાને અસમર્થ થઈ ગયા હતા. ચોથે દિવસે આપની પ્રેરણાથી એક નવા સતસંગી થયેલા બ્રાહ્મણે અમારા માટે ખીચડી બનાવી પરંતુ તે બ્રાહ્મણે ઠાકોરજીને ધરાવેલા થાળમાંથી બે ગ્રાસ ઘી વાળી ખીચડી અમારા તપેલાની ખીચડીમાં શુભ આશયથી ભળવી હશે. તે ખીચડી અમે જમ્યા હતા. પરંતુ આપની આજ્ઞા પાલનમાં દૃઢ રહેલા આ ભાયાત્માનંદ સ્વામી જમ્યા ન હતા. હું તેમની પ્રશંસા કરું છું. સન્માન કરું છું. તેને લીધે મારી સાથે રહેલા સંતો પણ ત્રણ દિવસના ઉપવાસ છતાં જમવા તૈયાર ન હતા. વળી ભવિષ્યમાં ક્યારે જમવા મળશે એને કોઈ નિરધાર ન હતો. આથી મેં તેમને જમવા કહ્યું હતું. અને એ પણ કહ્યું હતું કે મહારાજની આજ્ઞાના લોપ માટે તેઓ જે સજા કરશે, જે દંડ આપશે, પ્રાયશ્ચિત આપશે તે તમારા બધા વતી હું ભોગવીશ. માટે તમો જમો. આમ મારા કહેવાથી સંતો ખીચડી જમ્યા હતા. હવે આપ જે પ્રાયશ્ચિત આપો તે હું કરીશ.

સંત પ્રિય શ્રીહરિ બોલ્યા, હે મુનિવર શાસ્ત્રમાં આપત્કાળના ધર્મ જુદાં કહ્યા છે. જ્યારે આપત્કાળ આવે ત્યારે મુખ્ય ધર્મ ગૌણ બની જાય છે. તમે જે નિર્ણય લીધો તે ઉચિત જ હતો. તમારે પ્રાયશ્ચિતની કોઈ જરૂર નથી. ભાયાત્માનંદ સ્વામીએ ભલે અમારી આજ્ઞાને પ્રધાન માની પરંતુ તેમને પણ તમારો નિર્ણય અનુવર્તનીય હતો.

મહાભારતના યુધ્ધમાં કૌરવ પક્ષે દ્રોણાચાર્ય જ્યારે સેનાધિપતિ બન્યા ત્યારે દુર્યોધનને કહ્યું, હું મન મુકીને લડીશ. પાંડવોને વિનાશને પંથે લઈ જઈશ પરંતુ તમારે મારા અશ્વત્થામાનું રક્ષણ કરવું. જો એને કંઈ થયું તો હું શસ્ત્રો છોડી દઈશ. દ્રોણાચાર્યે પાંડવ સેનાનો ઘણો સંહાર કરી નાખ્યો. દુર્યોધનની ઈચ્છા મુજબ તેણે યુધિષ્ઠિરને જીવતા પકડી દુર્યોધન પાસે લાવવાના હતા. એક દિવસ તેમણે એવો વ્યૂહ ગોઠવ્યો. યુધિષ્ઠિર સામે એટલી આક્રમકતાથી લડતા હતા કે યુધિષ્ઠિર પાછા પડતા ગયા. શ્રીકૃષ્ણે ભીમને મદદમાં મોકલી દીધો અને અર્જુનને કહ્યું, દ્રોણાચાર્યને કોઈ પણ રીતે લડતા અટકાવવા પડશે. નહિતર તમે બચશો નહિ. અશ્વત્થામા નામનો એક હાથી હણાયો છે. માટે આપણે અશ્વત્થામા મરાયો એવું જાહેર કરો. તેમ કરવાથી દ્રોણાચાર્ય લડવું બંધ કરશે. શ્રીકૃષ્ણના કહેવા મુજબ પાંડવોએ કર્યું. દ્રોણાચાર્ય ઢીલા પડ્યા. પરંતુ બનાવના સત્યપણા વિષે તેમને શંકા ગઈ. તેથી વિચાર્યું કે જો યુધિષ્ઠિર કહે તો જ વાત સાચી મનાય. યુધિષ્ઠિર સત્યવાદી હતા. આથી તેમણે કહ્યું કે મારો પુત્ર મરાયો છે તેવું યુધિષ્ઠિર કહે તો જ સાચું માનીશ. શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને કહ્યું, હવે તમારું સતવાદીપણું છોડો અને અશ્વત્થામા મરાયો છે તે જાહેર કરો. આ તમારે આપત્કાળનો સમય છે. શ્રી કૃષ્ણે કહ્યું એટલે યુધિષ્ઠિરને ન છૂટકે કહેવું પડ્યું. અશ્વત્થામા મરાયો એવું યુધિષ્ઠિર બોલ્યા કે તરત જ આચાર્યે શસ્ત્રો છોડી દીધાં. પછી ભલે પાછળથી ઉમેર્યું કે ''નરો વા કુંજરો વા'' પરંતુ દ્રોણગુરુને લડતા અટકાવવા અસત્યનો આશરો લેવો પડ્યો. ભલાઈને માટે બોલાતું આપત્કાલિન અસત્ય સત્યથી ચડિયાતું છે.

શ્રીહરિએ ભાયાત્માનંદ સ્વામી સામે જોયું. પછી બોલ્યા, મુનિવર ! તમે પણ મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું તો છે જ. જ્યારે સંતો સમૂહમાં હોય ત્યારે બધા સંતો જેમ વર્તતા હોય તેમ વર્તવું જોઈએ. તેમનાથી જુદા પડીને જુદી રીતે વર્તાય નહિ. એમ અમે ઘણીવાર કહ્યું છે. સર્વે સંતને એક સરખી રીતે બરોબર વર્તવું તે ધર્મ છે. તમે બરોબર વર્તવારૂપ ધર્મ ચૂક્યા છો એ તમારો દોષ છે. એમ કહી નારાજગી વ્યક્ત કરી.

મહારાજે મુક્તમુનિ પર રાજી થઈ તેમની પ્રશંસા કરી.

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વચનમાંથી

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

**હીરાવાડી વિસ્તારમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન રાત્રી પારાયણ પ્રસંગે (તા. ૨૯-૧-૧૪) :** શ્રીમદ્ સત્સંગિજીવન એ ધર્મશાસ્ત્ર છે. કથા સાંભળ્યા પછી સત્સંગિજીવન હોય કે અન્ય નાના મોટા સત્છાસ્ત્રો હોય તેનું ઘેર જઈને દરેકે જ્યારે પણ ટાઈમ મળે ત્યારે થોડું વાંચન મનન કરવું જોઈએ. જો કે આજે ભાગ દોડની લાઈફમાં દરેકની વાંચનની રુચિ ઓછી થતી જાય છે. કોઈની પાસે ટાઈમ નથી. અહીં સાંભળ્યું એટલું સાચું ! ટેકનોલોજીનો ઘણો વિકાસ થયો છે. તેનાથી ઘણા કાર્યો ઝડપથી થવા લાગ્યા છે. પરંતુ તેનાથી એક બીજા પ્રત્યે લાગણી - સંબંધોમાં ઘણી ખોટ પડી છે. ભાવાત્મક સંબંધોમાં અંતર વધ્યું છે. બાપને દીકરા સાથે કે દીકરાને બાપ સાથે પ્રત્યક્ષ સાથે બેસીને વાત કરવાનો ટાઈમ નથી. થોડી વાત કરીને બાકીનું મોબાઈલના માધ્યમથી પતાવતા હોય છે. કુટુંબના સભ્યોને સાથે બેસીને જમવાનો ટાઈમ નથી. આ પરિસ્થિતિમાં સત્સંગ સભા તથા કથાનું માધ્યમ ખૂબ ઉપયોગી બનતું હોય છે. કથા-પારાયણથી પારિવારિક સંબંધો, સંસ્કારોની સાથે સાથે જીવનમાં ધર્મ-ભક્તિની પણ દ્રઢતા થતી હોય છે.

આ ગ્રંથની મહારાજે અન્ય ઘણા ગ્રંથોનો આધાર લઈને રચના કરાવી છે. કેવી રીતે સવારે ઉઠવું. નહાવું, પૂજા કરવી કે ભક્તિ કરવી તથા કોઈની સાથે કેવી રીતે વાત કરવી કે વ્યવહાર કરવો વગેરે તમામ નાની-મોટી બાબતો આ ગ્રંથમાંથી આપણને શીખવા મળે છે. આખો દિવસ દોડધામ કરીએ પરંતુ તેમાંથી ટાઈમ કાઢીને દરરોજ ફક્ત અડધી કલાક કે એક કલાક સત્સંગ માટે ફાળવ્યો હોય તો તેનાથી આપણી મહારાજ સાથે વિશેષ પ્રીતિ થાય છે.

કૂવામાંથી પાણી સીંચવા માટેનું દોરડું હોય તે થાળાના પથ્થર સાથે દરરોજ ઘસાતું હોય છે. શરૂઆતના તબક્કે જોઈએ તો પથ્થર પર દોરડાના ઘસારાનો કાપો ન દેખાય. પરંતુ આ ઘટમાળ સતત ૧૨-૧૫ વર્ષ સુધી ચાલું રહે અને પછી આપણે પથ્થર પર જોઈએ તો દોરડાના ઘસારાનો કાપો સ્પષ્ટ દેખાય. એમ સત્સંગ કરવાથી કે મંદિરે જવાથી તરત જ તેની અસર ન જણાય. પરંતુ લાંબા ગાળે તેની આપણા સંસ્કાર ઉપર સ્પષ્ટ અસર જણાતી હોય છે. જો કે ઘણા તો મંદિરે દરરોજ જતા હોય તો પણ અમૂક ટાઈમે કોરે કોરા બહાર નીકળતા હોય છે. કારણ કે તેઓને મંદિરે જઈને જે ગ્રહણ કરવાનું હોય છે તે ગ્રહણ ન કરતા અન્ય નકામો કચરો લઈને ઘેર આવતા હોય છે. અન્યના દોષો જોવામાં ટાઈમ પૂરો થઈ જતો હોય છે. મંદિર એ આપણા દોષોમાંથી મુક્ત થવાનું સ્થાન છે.

જીવન વ્યવહારની ભાગ દોડનો અંત આપવવાનો નથી. બાજુમાં જ રોડ પર જુઓ તો વાહનોના કેટલા હોર્ન વાગી રહ્યાં છે, કેટલી ભાગદોડ થઈ રહી છે. રોડ પરની આ ભાગદોડ તો કદાચ રાત્રીના સમયે હળવી થઈ જતી હોય છે કે શમી જતી હોય છે. પરંતુ આપણા અંતરમાં જે ભાગદોડ ચાલી રહી છે. સંકલ્પ-વિકલ્પ ચાલી રહ્યા છે તેનો ક્યારેય અંત આવતો નથી. એટલે સત્સંગમાં કે કથામાં બેસીને આપણા અંતરનો તપાસ કરવો. સત્સંગિજીવન ગ્રંથનું વાંચન- મનન કે શ્રવણ કરવાથી ખ્યાલ આવે છે કે આ ગ્રંથમાં મહારાજના ચરિત્રો તો છે જ પરંતુ એથી વિશેષ ચાંચ ડૂબતી હોય તો જણાશે કે ધર્મશાસ્ત્ર તરીકે આ ગ્રંથ અગાધ છે. તેનો પાર પામી શકાય તેમ નથી. આ ગ્રંથ આપણા જીવનમાં દર્પણરૂપ છે. સત્સંગીને જીવન જીવવા માટેની કળા તેમાંથી આદર્શરૂપે શીખવા મળે છે.

આ વિસ્તારમાં છેલ્લા ૨૦ વર્ષથી પણ વધારે વર્ષોથી નિયમિત એકાદશીની સત્સંગ સભાનું આયોજન થાય છે. તેનું ફળ આજે આપણે દ્રષ્ટિ સમક્ષ જોઈ રહ્યા છીએ. નાના મોટા દરેક યજમાનો તેમજ આ વિસ્તારના સત્સંગી માત્રનું મહારાજ ખૂબ રૂડું કરે, શ્રેય કરે, મંગલ કરે તેવી શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ઓસ્ટ્રેલીયા ધર્મપ્રવાસ

- સાધુ રામકૃષ્ણદાસ (કોટેશ્વર)

ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વજીવ હિતાવહનો સંદેશ વિશ્વવ્યાપી બને એ માટે પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સંતો અવિરત વિચરણ કરી રહ્યાં છે. અમેરિકા, આફ્રિકા અને યુરોપની જેમજ ઓસ્ટ્રેલીયામાં પણ શ્રી નરનારાયણદેવની કૃપાથી એમની જ છત્રછાયામાં સત્સંગ અવિરત વિકસી રહ્યો છે. સીડની, મેલબોર્ન, પર્થમાં મહામંદિરોના નિર્માણબાદ ઓસ્ટ્રેલીયાના એડીલેડ નગરમાં પૂ. મહારાજશ્રીના આશીર્વાદ તથા ભુજ મંદિરના પૂ. મહંત સ્વામીની પ્રેરણા તથા સૌ સંતો ભક્તોના સાથ સહકારથી એક જ વર્ષના ટૂંકા ગાળામાં નૂતન સુંદર ભવ્ય મંદિર સાકાર થયું. જેનો પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૩-૨-૧૪ થી ૧૭-૨-૧૪ પર્યંત ઉજવાયો. સીડની, મેલબોર્ન, પર્થ, બ્રિસબેન, ન્યુઝીલેન્ડ, યુ.કે., હોંગકોંગ, આફ્રિકા થી અનેક ભક્તો આ મહોત્સવનો લાભ લેવા પધાર્યા હતા. સૌ સંતોએ એડીલેડમાં નાનો સમુદાય હોવા છતાં ખૂબ ખૂબ જાત મહેનત અને શ્રદ્ધાથી આવું ભવ્ય મંદિર નિર્માણ કરવા બદલ સૌ યુવાનોને ખૂબ ખૂબ અભિનંદન અને આશીર્વચન પાઠવ્યા હતા. પૂ. મહારાજશ્રીએ સ્વહસ્તે શ્રી ઘનશ્યામ મહારાજ આદિક દેવોની પ્રાણ પ્રતિષ્ઠા કરી ભવ્ય મકાનને મોક્ષકારી મંદિરમાં પરિવર્તિત કર્યું હતું. ‘‘આ મૂર્તિમાં પ્રત્યક્ષ ભાવ રાખી ને ભક્તિને સત્સંગ કરજો, અક્ષરધામના અધિપતિ તમારી સર્વ મનોકામનાઓ અહીં જ પૂર્ણ કરશે.’’ એવા રૂડા આશીર્વાદ પૂ. મહારાજશ્રીએ આપ્યા હતા. સૌ ભક્તોને ખૂબ ખૂબ આનંદ પમાડી પૂ. મહારાજશ્રી તા. ૧૭-૨-૧૪ ના રોજ સીડની પધાર્યા હતા. સીડનીમાં આપણા બન્ને મંદિરોમાં પ.પૂ. મહારાજશ્રીએ આરતી, સભા તથા આશીર્વચનનો લાભ આપ્યો હતો. ઓસ્ટ્રેલીયા ખંડનું સૌ પ્રથમ મંદિર શ્રી સ્વામિનારાયણ મંદિર (આઈ.એસ.એસ.ઓ.) માં સત્સંગ વૃદ્ધિ પામતા મંદિરને વિશાળ બનાવાયુ. જેમાં શ્રી હનુમાનજી, શ્રી ગણપતિજી તથા પંચદેવનું પુનઃ સ્થાપન તથા પૂજન પ.પૂ. મહારાજશ્રીએ કર્યું હતું. તથા સભામાં આ સત્સંગ તથા મંદિરનો વિકાસ જોઈ અતિ રાજીપો દર્શાવ્યો હતો ને ખૂબ ખૂબ આશીર્વાદ પાઠવ્યા હતા. સાથો સાથ એપ્રિલ-૨૦૧૫ માં ઉજવનાર ભવ્ય દશાબ્દિ મહોત્સવની ઘોષણા બાદ આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રવાસમાં શા. સ્વામી શ્રી પુરુષોત્તમપ્રકાશદાસજી (નારણઘાટ), શા. સ્વામી શ્રી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) તથા હજુરી પાર્ષદ વનરાજ ભગત પ.પૂ. મહારાજશ્રી સાથે સેવામાં જોડાયા હતા.


**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

www.swaminarayan.info
www.swaminarayan.in

ભારતીય સમય મુજબ આરતી દર્શન : મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫
● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૩૦ ● શયન આરતી ૨૦-૧૫

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**

shreeswaminarayan9@gmail.com

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી



અને માર્ગને વિષે ચાલતે શિવાલયાદિક જે દેવમંદિર આવે તેને જોઈને તેને નમસ્કાર કરવા અને આદર થકી તે દેવના દર્શન કરવા ॥ ૨૩॥ .....તથા શિવરાત્રીનું વ્રત જે તે આદર થકી કરવું અને તે વ્રતના દિવસને વિષે મોટા ઉત્સવ કરવા ॥ ૭૯॥ આમ શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં શિવની પૂજા નું પ્રતિપાદન કરેલ છે. વળી શ્રીજી મહારાજ પણ વિચરણ દરમ્યાન ગુજરાત ના જે જે ભાગમાં જતા ત્યાં માર્ગમાં આવતા શિવાલયોની અચૂક પૂજા- અભિષેક કરતા. ડભાણમાં શ્રીજી મહારાજે રૂદ્રયાગ યજ્ઞ કરેલો ત્યારે ડભાણના આ સિધ્ધેશ્વર મહાદેવના શિવલીંગની શ્રીજી મહારાજે પૂજા અર્ચના કરેલ તથા કેરીના રસથી શ્રીજી મહારાજે સ્વયં આ શિવલીંગનો અભિષેક પણ કરેલો. અને શંખ ભરી ભરી બ્રાહ્મણો તથા સંતોને પ્રસાદ પણ આપ્યો હતો. આ શિવલીંગ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના હોલ નંબર ૫માં દર્શનાર્થે રાખેલ છે.

---

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન** (ફક્ત વોડાફોન ધારકો માટે)

પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.

મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - ફેબ્રુઆરી-૨૦૧૪

રૂા.૫૧,૦૦૦/- માવજી હરજી રાઘવાણી ધ.પ. જસુબેન માવજી રાઘવાણી નાઈરોબી-બળદીયા (કચ્છ)

રૂા.૧૫,૦૦૦/- કમલભાઈ ચંદુલાલ શાહ ધ.પ. સ્મિતા કમલભાઈ શાહ નાઈરોબી

રૂા.૧૪,૦૦૦/- પટેલ રમણલાલ કેશવલાલ - રાજપુરવાળા - (યુ.એસ.એ.)-સાબરમતી

રૂા.૧૧,૦૦૦/- ધીરજભાઈ કે. પટેલ-સોલા

રૂા. ૫,૦૦૧/- અ.નિ. નવનીતલાલ વાડીલાલ પટેલ હ. ડૉ. હિરેનભાઈ પટેલ મહાપૂજા.

રૂા. ૫,૦૦૦/- અતુલભાઈ ભાનુપ્રસાદ પોથીવાલા ત્રીજો વાર્ષિક પાટોત્સવ.

રૂા. ૫,૦૦૦/- પ.ભ. રમેશભાઈ પ્રહલાદભાઈ પટેલ (દૂધવાળા) અમદાવાદ

રૂા. ૫,૦૦૦/- પ્રફુલભાઈ ત્રિવેદી-અમદાવાદ

રૂા. ૫,૦૦૦/- નરેન્દ્રભાઈ બી. પટેલ પરિવાર, અ.નિ. નટવરલાલ પરિવાર, વિશાલ એન્ડ પટેલ પરિવાર - પાલડી

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - ફેબ્રુઆરી-૨૦૧૪

| | |
|---|---|
| તા.૦૨-૦૨-૧૪ | અ.નિ જગદીશચંદ્ર રમણીકલાલ સોની - ખાડીયા<br>હ. હેતલભાઈ તથા દર્શિતભાઈ |
| તા.૦૫-૦૨-૧૪ | (સવારે) ધનજીલાલજી હરજી રાબડીયા - કેરા (કચ્છ) હા. નૈરોબી |
| તા.૦૫-૦૨-૧૪ | (બપોરે) ડો.અનંતભાઈ ચીમનભાઈ પટેલ - ઊંઝા |
| તા.૦૯-૦૨-૧૪ | અ.નિ.મોહનલાલ રેવાશંકર ત્રિવેદી પરિવાર - પ્રાંતિજ |
| તા.૧૧-૦૨-૧૪ | અશ્વિનકુમાર (બચુભાઈ) ડાહ્યાભાઈ અમીન - વેજલપુર |
| તા.૧૫-૦૨-૧૪ | રમેશભાઈ રણછોડભાઈ મારફતીયા - સેટેલાઈટ<br>હ. જયોત્સનાબેન, પ્રગ્નેશ, જ્ઞાનેશ, નિરા-તેજ |
| તા.૨૬-૦૨-૧૪ | કલ્યાણભાઈ પ્રેમજીભાઈ રાબડીયા - માંડવી (કચ્છ) |

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## ભાવપૂર્ણ ભક્તિ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

આજે દેવાધિદેવ સ્વામિનારાયણ ભગવાન દેવળીયા પધાર્યા છે. ત્યાં કેશીનીબા બહુ પ્રેમી ભક્ત હતા. તેમણે શ્રીજી મહારાજને કહ્યું પ્રભુ ! તમારો શું કાર્યક્રમ છે ? મહારાજ કહે, સવારે ઉઠી સ્નાન કરીને ચાલી નીકળીશું. મછિયાવ જવાનું છે. મોટો ઉત્સવ કરવાનો છે. મહારાજ! મછીયાવમાં ઉત્સવ કરો કે અમારે અહીં ઉત્સવ કરો એમાં મને કોઈ વાંધો નથી પણ એક વિનંતી તમારે સ્વીકારવાની છે. કઈ વિનંતી ? થાળ જમ્યા સિવાય જવાય નહીં. રાત્રે અહીં રોકાયા છો ને સવારે એમને એમ ભૂખ્યા ભૂખ્યા વિદાય ન અપાય. મહારાજ કહે, ભૂખ અને ભાવ એ તો બધું બરાબર છે પણ અમારે મછીયાવ પહોંચવાનું છે. એ ગમે તેમ થાય મહારાજ ! શ્રીજી મહારાજે કહ્યું હવે થાળની વાત તો તમારો આગ્રહ આવતી કાલનો છે ને ! આવતી કાલે જોઈશું.

મહારાજ રાત્રે પોઢી ગયા. કેશીનીબાને વિચાર આવ્યો અમે ભગવાનના છીએ, ભગવાન અમારા છે. ગમે એમ કરો ને, કાંઈ વાંધો નહીં. ભગવાન માફ કરશે. પણ જમાડ્યા સિવાય તો જવા ન દઉં. ભાવ પુરે પુરો હતો. યુક્તિ મનમાંથી ઘડી કાઢી. રાત્રીના સમયે કેશીનીબા પોતાના રૂમમાંથી બહાર નીકળ્યા. અને શ્રીજી મહારાજની માણકી ઘોડી જ્યાં બાંધી હતી ત્યાં પહોંચી ગયા. જઈને ઘોડીને હાથ ફેરવીને કહે હે બહેન ! તું તો અમારી નાતની છે. એટલે કે નારી જાતી છે. હું પણ સ્ત્રી છું. તું પણ સ્ત્રી છે. તો જરાક મારી આબરૂ જાળવજે. મારે શ્રીજી મહારાજને જમાડવા છે. ભગવાન સવારના ઉઠીને ભાગવાના છે પણ તું જરા મને મદદ કર. અને માણકીને ખીલેથી છોડી અને રાજ્ય મહેલના નીચે ભોંયતળીયામાં એક ઓરડામાં બાંધી દીધી. માણકી ઘોડીને વિનંતી એટલા માટે કરી કે ઓરડામાં બાંધેલી ઘોડી જો આવજા કરે તો બધી પોલ પકડાઈ જાય. એટલે ઘોડીને કહે છે કે તું મને મદદ કરજે, બોલતી નહિ. એમ કહીને માણકી ઘોડીને પુરી દીધી.

સવારે મહારાજ જાણે કંઈ જાણતા ન હોય એમ જાગી સ્નાનાદિક વિધિ કરી તૈયાર થયા અને આજ્ઞા કરી, ચાલો પાર્ષદો તૈયાર થાવ. ત્યાં તો મહારાજની માણકી ઘોડી સંભાળનાર પાર્ષદ કહે છે. મહારાજ ! ઘોડી નથી. રાજ્ય મહેલમાંથી ઘોડી જાય ક્યાં ? તપાસ કરો. છૂટી ગઈ હશે તો આટલામાં જ ફરતી હશે. મહારાજ ! આખા ચોકમાં ક્યાંય નથી. ચોકીદારને બોલાવ્યો શું છે ભાઈ ? મહારાજ ! હું તો અહીં ખાટલો ઢાળીને જ દરવાજા વચ્ચે ઉભો છું. કોઈ કૈતા કોઈ આવ્યું નથી ને ગયું નથી. કોના ભોગ લાગ્યા હોય તે રાતના રાજમહેલના દરવાજે આવે! હું ભડાકે દઈ દઉં. ચોકીદાર પાવરવાળો નીકળ્યો. શ્રીજી મહારાજ કહે છે, કોઈ આવ્યું નથી, ચકલું પણ ફરક્યું નથી તો અમારી માણકી જાય ક્યાં ? ચોકીદાર કહે છે, કોઈ આવ્યું નથી મે દરવાજો ખોલ્યો નથી. અહીં રાજમહેલમાં ચોકમાં ક્યાંય નથી. ચોકીદારની વાણી સાંભળીને મહારાજ બોલ્યા કે તો શું આકાશમાંથી દેવતાઓ આવીને ઘોડી ઉપાડી ગયા ? કેશીનીબા કહે મહારાજ ! અમે ગુનો કબુલ કરીએ છીએ. ઘોડી અમારા રાજમહેલમાંથી ચોરાઈ ગઈ એ અમારી ક્ષતિ છે. અમારી સલામતી વ્યવસ્થા વ્યવસ્થિત ન ગણાય એ અમારી ભૂલ અમે સ્વીકારીએ છીએ. અને મહારાજ ! તમને ખાતરી આપીએ છીએ કે ગમે ત્યાંથી ચોરને અમે શોધી કાઢીશું અને માણકી ઘોડી હાજર કરીશું. પણ પ્રભુ વાર તો લાગેને ! ચારે બાજુ સિપાઈઓને મોકલીશું. તપાસ શરૂ કરી દઈએ હમણાં જ. થોડો સમય તો લાગે. પ્રભુ ! કાંઈ એકદમ ચોરી થોડી પકડાય ! ત્યાં સુધીમાં મહારાજ થાળ થઈ જશે. શ્રીજી મહારાજ કહે છે આટલી બધી ખાત્રી છે તમને કે ચોર પકડાઈ જશે ! ઘોડી હાથમાં આવી જશે ! હા, મહારાજ, એ વાતમાં માલ નહીં, અમારા ઈષ્ટદેવની ઘોડી ચોરનારને જવા ન દઈએ. પકડી જ પાડીશું. શ્રીજી મહારાજ કહે તો પછી એ ચોર અહીં રાજમહેલમાં જ હશે. બહાર ક્યાંય ન હોય.

મહારાજ ભક્તની ભાવનાને વશ થઈ રોકાયા. થાળ જમ્યા. પછી કેશીનીબાએ માફી માગી હે મહારાજ ! ક્ષમા કરશો. મહારાજ કહે, તમે માણકીને ઘાસ નાંખ્યું અને પાણી પણ પાયું છે. અમે જાણીએ છીએ. અમને કોઈ નારાજી નથી થઈ. મહારાજ અમારો અપરાધ તો

નહીં થયો હોય ને ? શ્રીજી મહારાજ કહે તમારો કોઈ અપરાધ નથી થયો. અમે તમારો ભાવ જોઈને રાજી થયા છીએ.

જે ભક્તના હૈયામાં પ્રેમ હોય, ભગવાન પ્રત્યે ભક્તિ હોય તો એ કદાચ થોડી હઠ કરે તોય રાજી થઈને મહારાજ સ્વીકારે છે. છોકરું હઠે ચડે તો ઘણીવાર મા-બાપ ખુશ થાય છે. એના જેવું ભગવાનને છે.

કેવી સુંદર વાત ! કેવો અદ્‌ભુત આ ભક્તનો ભાવ ! નિર્મળ ભક્તના નિર્મળ હૈયાનો નિર્મળ પ્રેમ હોય ત્યાં પરમેશ્વરને પણ પરવશ થવું પડે છે હો. અને શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં પણ એજ કહ્યું છે કે ''ભગવાન પ્રત્યે નિર્મળ સ્નેહ એનું જ નામ ભક્તિ છે.'' અને નિષ્કુળાનંદ સ્વામીએ પણ એ જ વાતને ટેકો આપ્યો કે -

**''દાન પુણ્યને વ્રત વિધિ કરે, ભક્તિ નવધા કોય;**
**સ્નેહ વિના સર્વે સુનું જેમ ભોજન ધૃત વિન હોય.''**

માટે કેશીનીબા જેવી ભાવપૂર્ણ ભક્તિ કરી ભગવાનને રાજી કરી લેવા.

●

## વિદ્યા કઈ રીતે મલે ?

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

જૂના જમાનાની વાત છે. પહેલા ઋષિ મુનિઓ જંગલમાં રહેતા. જંગલમાં આશ્રમ બનાવી ત્યાં નિવાસ કરતા. જયદિપ નામે એક યુવાન હતો. તેણે પણ એમ વિચાર્યું કે મારે વિદ્વાન થવું છે. વિદ્યાના પારને પામવું છે. સૌથી શ્રેષ્ઠ થવું છે. પણ પુસ્તક હાથમાં પકડવું નથી. આ જયદિપ પણ ઋષિનો પુત્ર હતો. આ જયદિપના આશ્રમની નજીકમાં જ મૃદગલ મુનિનો આશ્રમ હતો. મૃદગલ મુનિ ખૂબ જ વિદ્વાન હતા. તેમને એક પુત્ર હતો. તેનું નામ જયવર્ધન. આ જયવર્ધન પોતાના પિતા પાસેથી નાનપણથી જ ખૂબ વિદ્યા અભ્યાસ કરીને વિદ્વાન બન્યો હતો. આ જયદિપ એ જયવર્ધનનો ખાસ મિત્ર હતો. તે તેમની સાથે રમતો. જંગલમાં ફરવા જતો. પવિત્ર નદીમાં સ્નાન કરવા જતો. પણ ભણતો નહિ. જેથી તે અભ્યાસ વગર અજ્ઞાની રહી ગયેલો.

સમય સમયની વાત છે. સમય જતાં જયવર્ધનને ધર્મ સભાના આમંત્રણો આવવા લાગ્યા. કારણ કે તેમને પોતાના પિતા મૃદગલમુનિ પાસે અભ્યાસ કર્યો હતો. તેમના માટે રાજા મહારાજાઓના આમંત્રણો આવે. જયવર્ધન માટે હાથી-પાલખી આવે. આવું ભવ્ય સન્માન થતું જોઈ જયદિપને ઈર્ષ્યા થતી. મારી સાથે મોટો થનાર જયવર્ધનની આજે વાહવાહ થવા લાગી છે. અને હું અહી જંગલમાં રખડ્યા કરું છું. મને કંઈ પ્રાપ્તિ થઈ નહીં. પણ મને ખબર છે એની વાહવાહ નું કારણ એની પ્રગતિનું કારણ શું છે આટલો બધો આદર સમાજમાં તેમનો કેમ થાય છે એ પણ મને ખબર છે. વિદ્વતાથી આ બધી પ્રાપ્તિ થઈ છે. એક માત્ર વિદ્વતાના કારણે આજે પૂજાય છે. હવે મારે પણ વિદ્યા પ્રાપ્ત કરીને મોટા વિદ્વાન બની જવું છે. મારે પણ મારી વાહ વાહ કરાવવી છે. મારે પણ એની જેમ જગતમાં પૂજાવું છે. પણ મારે પુસ્તક નથી પકડવું. મારે ગુરુની સેવા નથી કરવી. મારે તો તપના બળે આગળ વધવું છે. અતિ કઠોર તપ કરીને હું વિદ્યાની પ્રાપ્તિ કરીને વિદ્વાન થઈશ.

જયદિપ ઈન્દ્રને પ્રસન્ન કરવા અતિ કઠોર તપ કરવા લાગ્યો. પ્રથમ તબક્કે દિવસમાં એક વખત ભોજન કરી તપ શરૂ કર્યું. પછી આહાર બંધ કરી ફક્ત પાણી પીને તપ કરવા લાગ્યો. ઠંડી ગરમી વરસાદ સહન કરવા લાગ્યો. પછી તો વાયુ ભક્ષણ કરીને તપ કર્યું. આવું કઠોર તપ કર્યું. ઈન્દ્રદેવ પ્રસન્ન થયા. અને કહ્યું માંગ માંગ તારે શું જોઈએ છે ? જય કહે મારે વગર ભણે વિદ્વાન થવું છે. મારે પુસ્તક વાંચવા નથી અને મારે વિદ્વાન થવું છે. ઈન્દ્રએ કહ્યું, ''વરદાનથી વિદ્યા નથી મળથી. મહેનત કર, ગુરુની સેવા કર.'' ઈન્દ્ર તો આટલું કહીને ચાલ્યા ગયા. જયદિપે જીદ કરી મારે તો તપથી જ વિદ્યા મેળવવી છે. હઠાગ્રહી જયદિપે ફરીથી તપ શરૂ કર્યું.

એટલા જ ઉત્સાહથી તપ કરવા લાગ્યો. જેટલો પહેલા હતો. પણ એ સમજતો નથી. એને સમજાવે કોણ કે વિદ્યા અભ્યાસ મહેનત કરવાથી મળે. ગુરૂની સેવા કરવાથી મળે, તપ કરવાથી નહિ, જયદિપ નિત્ય તપની શરૂઆત કરતા પહેલા દરરોજ ગંગાકિનારે સ્નાન કરવા જતો. ત્યાં તેણે એક દૃશ્ય જોયું. એક વૃદ્ધ બ્રાહ્મણ ધરતી પરથી મુઠ્ઠી માટી લઈને ગંગાના વેગીલા પ્રવાહમાં નાખતો. વારંવાર મુઠ્ઠી માટી લે અને પ્રવાહમાં નાખે. આ જોઈને જયદિપ બોલ્યો, ''એ ડોસા શું કરો છો ?'' આ વૃદ્ધે જયદિપ સામું ધ્યાન ન આપતા પોતાનું કામ ચાલું રાખ્યું. જયદિપ, ફરીથી પૂછે છે એ ડોસા શું કરો છો ? પણ એ વૃદ્ધ તો પોતાના કામમાં જ રચ્યા પચ્યા હતા. એટલે જયદિપે તેનો હાથ પકડીને ઉભા રાખ્યા અને પૂછ્યું કે આ શું કરો છો તમે? ત્યારે આ વૃદ્ધ કહે છે ગંગાપાર કરવી છે અને પાણીનો પ્રવાહ વધતો જ જાય છે વધતો જ જાય છે. તો

ગંગા પાર કરવામાં તકલીફ પડે તેમ છે. માટે આ મુઠ્ઠી ભરી ભરીને માટી નાંખીને બંધ કરી દઈશ. એટલે માટીના બંધથી આરામથી ગંગા પાર થઈ જશે. બંધ પણ બની જશે. જયદિપ ખૂબ હસવા લાગ્યો. અરે ડોસા ! અક્કલ નથી કે શું ? આમ તો હજારો જન્મે પણ તું ગંગા પર બંધ નહિ બાંધી શકે. આ શક્ય જ નથી. સાવ અશક્ય બાબત છે. તેમ બોલી ફરી આ વૃદ્ધ પર હસવા લાગ્યો. ત્યારે આ વૃદ્ધે કહ્યું કે તું જો વગર ભણે વિદ્વાન થઈ શકતો હોય તો હું મુઠ્ઠી મુઠ્ઠીએ બંધ કેમ ન બાંધી શકું ?'' વિદ્યાની સાધના આગળ તપની સાધના મુઠ્ઠી રેત બરોબર છે.'' જયદિપનું મગજ ઠેકાણે આવી ગયું. વાત સાવ સાચી છે. ખોટી નથી. આ વાત સમજાવવા માટે ઈન્દ્ર વૃદ્ધના રૂપે પોતે જ હતા. પછી તો ઈન્દ્રે જયદિપને કહ્યું જા તું વિદ્વાન બનીશ. ભણવા માંડ, અભ્યાસ કર. ગુરૂની સેવા, કર, મહેનત કર, સરસ્વતીજી તારી ઉપર રાજી થશે. પછી જયદિપે પોતાના પિતા પાસે જઈને ઈન્દ્ર પાસેથી વરદાન મળ્યું તે વાત કરી. ઋષિ તેને તપોધન મુનિ પાસે અભ્યાસ માટે લઈ ગયા. મુનિએ જયના મસ્તક પર હાથ મુકી કહ્યું તારે અભ્યાસ કરવો હોય તો આટલું ધ્યાનમાં રાખજે.

"आलस्य मद मोहौच चापलं गौष्ठि रेव च ।
स्तब्धता चाभिमानित्वं तथा डत्यागित्व मेवच ।।

આળસ, મોહ, ચપળતા, વાતોડિયાપણું, ઉધ્ધતાઈ, અભિમાન અને લોભ વિદ્યાર્થીઓના એ સાત દોષ ગણાય છે. એ સાત દોષ છોડે તો જ વિદ્યા સફળ થાય.

"क्षणशः कणशश्चैव विद्यामर्थ च साधयेत ।।"

ધનવાન થવું હોય તો, એક એક કણનો ઉપયોગ કરો, અને વિદ્યાવાન થવું હોય તો, એક એક ક્ષણનો ઉપયોગ કરો.

सुखार्थीनः कुतोविद्या नास्ति विद्यार्थीनः सुखम् ।
सुखार्थीवा त्यजेत् विद्यां विद्यार्थीवा त्यजेत् सुखम् ।।"

સુખ અને સાનુકુળતાની અપેક્ષા રાખનારો ભણી શકતો નથી. વિદ્યાર્થીને અપેક્ષાઓ ન જોઈએ. સુખના સ્વપ્ન જોનારાઓ એ કાં ભણવાનું છોડી દેવું જોઈએ અથવા અપેક્ષાઓ છોડીને અભ્યાસમાં લાગી જવું જોઈએ. કારણ કે વિદ્યાભ્યાસ એ કઠોર સાધના છે.

જયદિપ ગુરુના વચન પ્રમાણે વર્તી વિદ્વાન બન્યો. તેની વિદ્વતા અજોડ બની ગઈ. સૌ વખાણવા લાગ્યા.

તો મિત્રો ! તમને ખબર પડી ને કે વિદ્યા કેવી રીતે પ્રાપ્ત થાય. અભ્યાસથી બરાબરને ? તો ધ્યાન રાખજો, પુસ્તક પૂજવાથી એટલે કે કંકુ ચોખા ચોટાડવાથી વિદ્યાની દેવી સરસ્વતીજી રાજી થતી નથી પણ પ્રત્યેક પાનાનો ઉપયોગ કરવાથી વાંચન-અભ્યાસ કરવાથી રાજી થાય છે. માટે મહેનત કરો.

સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં કહ્યું છે કે, ''જે માણસ મહેનત કરે છે તેના ઉપર જ ભગવાનની કૃપા થાય છે. આળસુ ઉપર નહિ.

અનુસંધાન પેજ નં. ૯ નું

મિતભાષી મહાપુરુષે તા. ૪ ફેબ્રુ. ૨૦૧૪ વસંત પંચમીના દિને શિક્ષાપત્રીની પોતે પૂજા કરીને હેતભાવ પૂર્વક આરતી ઉતારી. શ્રીજીના એક સ્વરૂપે - ધર્મવંશી આચાર્યે, શ્રીજીના જ બીજા સ્વરૂપની - શ્રી શિક્ષાપત્રીની આરતી, શ્રીજીના જ ત્રીજા સ્વરૂપની મંદિરમાં મૂર્તિ, સમક્ષ જ્યારે આરતી ઉતારી ત્યારે જીવનની એક અણમોલ ધન્ય ઘડીની પ્રાપ્તિ થઈ. અનેક હરિભક્તોએ શ્રીજીના આ ત્રણેય સ્વરૂપોને નિહાળીને ધન્યતા અનુભવી. પ્રસંગની પૂર્ણાહુતિ બાદ, જ્યારે આ વિદ્વાન આચાર્યશ્રી થોડીવાર સુધી અંતરમાં ઊંડા ઊતરી ગયા. અને ત્યારબાદ તે ધ્યાનસ્થ અવસ્થામાંથી બહાર આવીને આ સિધ્ધ પુરુષે ઉપરની તમામ બાબતો અંગે ઘણી ઊપદેશાત્મક વાતો કરી અને **મને ભારપૂર્વક જણાવ્યું કે, હિતેન્દ્રભાઈ આ બધી જ વિગતો તમે લેખ રૂપે લખીને સર્વે હરિભક્તોના ધ્યાનમાં લાવજો.** અમદાવાદ દેશના અગ્રગણ્ય સંતવર્ય શ્રી બ્રહ્માનંદ સ્વામીને, સત્સંગની મર્યાદાનો કોઈ રીતે લોપ ન થાય તેવું અંગ હતું. ત્યારે આ તો, અમદાવાદ દેશના પૂર્વ પીઠાધિપતિ છે તે હંમેશા હરિભક્તોના રૂડા થવા સારુ, તેમની કસર ટાળવા સારું ચિંતિત રહેતા હોય છે. તેથી હરિભક્તો અજાણે પણ આ ઉપર જણાવેલ દોષના ભોગ ન બને તે સારુ તેઓશ્રીએ આ ઉપદેશ આપણને આપ્યો છે. અને અંતમાં સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીની કડી ટાંકતાં તેઓએ જણાવ્યું કે,

**સો વાતની એક વાત છે, નવ કરવો આજ્ઞાનો લોપ**
**રાજી કરવાનું રહ્યું પરું, પણ ન કરાવીએ હરિને કોપ.**

સૌ સત્સંગીજનો પ.પૂ. શ્રી મોટા મહારાજશ્રીના આ આજ્ઞા વચનો હૃદયમાં ધારજ્યો અને સૌ તે પ્રમાણે વર્તીને શ્રીજીનો અને ધર્મવંશી આચાર્યશ્રીનો રાજીપો મેળવજો.

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**"કલ્યાણ જોઈતું હોય તો વિચારની દઢતા રાખવી"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

પરમાત્માને પ્રાપ્ત કરવા છે તો જીવનમાં પરમાત્માને પ્રથમ સ્થાન આપવું પડશે. શરીરમાં આસક્તિ નહિ રાખવાની કે આપણે શું કરીએ છીએ ? ભગવાનને છોડીને શરીરને વધારે મહત્વ આપીએ છીએ. ભગવાને દયા કરીને મનુષ્ય શરીર આપ્યું છે. તો સત્સંગ કરી લેવો. તમામ ગુણ સત્સંગમાંથી આવે છે. આપણા શરીરમાં જે પ્રકૃતિના ભાગ છે તે, મન, ઈન્દ્રિયો, અંતઃકરણ તેને આપણે પોતાના માની લઈએ છીએ. પરંતુ સત્યનો સ્વીકાર કરી લેવાનો. આ શરીર છે તે આપણા જન્મ પહેલા નહોતું. અને મૃત્યુ પછી પણ આપણું નથી રહેવાનું અને આજે આપણી પાસે આપણું શરીર છે તો પણ આપણું નથી. કેમ કે, આપણું હોય તો આપણી મરજી પ્રમાણે ચાલે ને ? આપણે બિમાર ન પડીએ. આપણને વૃદ્ધાવસ્થા ન આવે, આપણે જ્યારે ઈચ્છીએ ત્યારે ઉંઘ આવી જાય, મન અને ઈન્દ્રિયો પણ બધું આપણે કહીએ તેવું જ કરે. પરંતુ તેવું નથી. તો જે વસ્તુ પર પોતાની મરજી ચાલતી નથી તે આપણી છે જ નહિ. માટે સતત જાગૃતિ રાખવાની કે આ શરીર નાશવંત છે. આપણે આ સંસારમાં આવ્યા છીએ અને જવાનું છે તે નક્કી જ છે. પરંતુ ક્યારે જવાનું છે તે નક્કી નથી. વર્તમાનનું ઠેકાણું નથી. અને ભવિષ્યમાં જવાની તૈયારી પણ નથી. બધા લોકોનું જીવન આ રીતે જ પુરુ થઈ જતું હોય છે. પરંતુ આપણું વર્તમાન સારૂ છે. પરમાત્માની કૃપાથી આપણને આવો સુંદર સત્સંગ પ્રાપ્ત થયો છે. માટે કલ્યાણ જોઈતું હોય તો વિચારની દઢતા રાખવાની. અને બે વસ્તુ કાયમ માટે યાદ રાખવાની. 'આ જગતમાં મારૂ કાંઈ નથી.' અને 'મને કાંઈ પણ જોઈએ નહિ'. પહેલી વસ્તુ સ્વીકારી લઈશું તો બીજી વસ્તુ આપો આપ આવી જશે.

પહેલી વસ્તુનો સ્વીકાર થઈ જશે તો અંતઃકરણ, મન અને દેહથી સંતોષ, શાંતિ અને ધીરજની ભાવના આવશે અને રાજી થઈને ભગવાનનું ભજન કરી શકીશું. એક વખત નદી કિનારે એક મહાત્મા બેઠા હતા અને બૂમો પાડતા હતા કે જેને જે જોઈએ તે લેતા જાઓ. તો બધા લોકોને એવું લાગ્યું કે મહાત્માનું મગજ ખરાબ થઈ ગયું છે. માટે આવું કરે છે. તો એક માણસે પૂછ્યું કે આપ શું આપો છો ? તો મહાત્માએ કીધું કે આપને શું જોઈએ છે ? તો તે માણસે કીધું કે ધન, દોલત, સંપત્તિ આપો અને મોટો માણસ બનાવી દો. એવું કાંઈક કરો. તો મહાત્માએ બે પડીકી આપી અને કીધું કે આમા 'હીરા' છે અને આમા 'મોતી' છે. તેણે એક પડીકી ખોલી તો તેમાં લખ્યું હતું કે 'સમય' અને બીજી પડીકીમાં લખેલું હતું કે 'ધીરજ' આથી તેણે મહાત્માને પૂછ્યું કે આ શું છે ? તો મહાત્માએ કીધું કે 'સમય' હીરા કરતા પણ વધુ મૂલ્યવાન છે. સમય જેવી અમૂલ્ય વસ્તુ કાંઈ જ નથી. તમે તમારો સમય ખર્ચીને ધનની પ્રાપ્તિ કરી શકો છો. પરંતુ ધન ખર્ચીને સમયની પ્રાપ્તિ થતી નથી. આપણી પાસે કરોડો રૂપિયા હોય પરંતુ આપણો સમય પુરો થઈ ગયો હોય, આયુષ્ય પુરુ થઈ ગયું હોય તો પછી ધન કામ આવતું નથી. સમય ક્યારેય રોકાતો નથી. દરરોજ જેમ જેમ સમય પસાર થાય છે તેમ તેમ આપણા આયુષ્યમાંથી એક એક પળ ઓછી થતી જાય છે. અને સમય ખર્ચીને પણ તમારે જે ફળ જોઈતું હોય તે પ્રાપ્ત ન થાય તો ધીરજરૂપી મોતી જેના પાસે છે તે સમયના સદ્‌પયોગથી ગમે તે વસ્તુ પ્રાપ્ત કરી શકે છે. અને કોઈપણ વ્યક્તિની બધી ઈચ્છા ક્યારેય પુરી થતી નથી. ઈચ્છાપૂર્તિ તે આપણા હાથની વાત નથી. પરંતુ ઈચ્છાનો ત્યાગ તે આપણા હાથમાં છે. 'ઈચ્છા' અને 'કામના' જ માણસના જન્મ-મરણનું કારણ છે. મરતા મરતા પણ માણસની કાંઈક ને કાંઈક ઈચ્છા બાકી રહી જાય છે. માટે આસક્તિનો ત્યાગ કરી શરણાગતિ સ્વીકારી લેવાની અને જીવ પરમાત્માનો અંશ છે. તેમ પરમાત્માને પોતાના માની લઈએ તો શરણાગત થવાનું ખૂબ સહેલુ છે. બાળક માની ગોદમાં જઈને બેસી જાય તો તેને કાંઈ પણ પ્રયત્ન કરવો પડતો નથી. આપ મેળે બધું મળી જાય છે. બાળકને એટલી બધી વ્યાકુળતા હોય છે કે મારે મા વગર ચાલશે જ નહિ, તેમ પરમાત્માને મેળવવા માટે પણ વ્યાકુળતા જોઈએ. પરમાત્માને પ્રેમથી પોકારવું પડે છે. આપણે પરમાત્માને છોડીને સંસારના શરણાગત થઈ જઈએ છીએ. કામના અને ઈચ્છાની પૂર્તિ માટે દોટ લગાવીએ છીએ. પરંતુ પરમાત્માની શરણાગતિ સ્વીકારી અહમ્‌પણાનો ત્યાગ કરવાનો છે. અહંકારનો ત્યાગ સહેલો છે. કેમ કે ? તે સ્વાભાવિક નથી, વાસ્તવિક નથી પોતે બનાવેલો છે. વાસ્તવિક કોને કહેવાય ? સૂર્ય પ્રકાશ છે તે વાસ્તવિક છે. તાપ અને ગરમી તે સૂર્યની સાથે જ આવે છે. વાસ્તવિક વસ્તુનો ત્યાગ શક્ય નથી. આપણે જન્મયા ત્યારે આપણામાં અહંકાર નહોતો. બાળક જન્મે ત્યારે નિખાલસ હોય છે. પરંતુ જગતનું જોઈને શીખે છે. જેવા કાર્યો કરે છે તેવા ગુણો માણસમાં આવે છે. જગતની ક્ષણભંગુર વસ્તુને ઉપાર્જિત કરીને તેનો માણસમાં અહંકાર આવે છે.

માણસને જ્યારે આ દુનિયામાંથી જવાનું હોય ત્યારે પણ અહંકાર નથી હોતો. એટલે અહંકાર વચ્ચે આવે છે. એટલે અહમ્‌નો ત્યાગ કરવો સરળ બને છે. બિમાર માણસના ચહેરા પરથી ખ્યાલ આવી જ જાય છે કે તે માણસ બિમાર છે. પરંતુ માણસનું અંતઃકરણ રોગી હોય તો કઈ રીતે ઓળખાય? તો તે માણસના સ્વભાવ પરથી ઓળખાઈ જાય છે. તરત ખ્યાલ નથી આવતો પણ થોડો સમય જોડે રહેવાથી તરત ખ્યાલ આવી જાય છે કે આ માણસમા કેટલા અવગુણ ભરેલા છે. એવું નથી કે આપણે સત્સંગમાં આવીએ એટલે એકદમ જ્ઞાની પંડિત થઈ જઈએ. પરંતુ અગ્નિની સમીપે જઈએ તો તાપ તો લાગે જ. અગ્નિની આંચ લાગે અને તાપ ન લાગે તે શક્ય જ નથી. અર્થાત્ સત્સંગમાં બેસીએ એટલે અંતઃકરણની અશુદ્ધિ દૂર થાય છે. ધીમે ધીમે અસર તો થવાની જ છે. સત્સંગનું ફળ તો મળે જ છે. ધીમે ધીમે આપણામાં રહેલા અવગુણો દૂર થાય છે.

●

**માહાત્મ્ય**

- સાંખ્યયોગી કોકીલાબા (સુરેન્દ્રનગર)

માહાત્મ્ય તો સમગ્ર અધ્યાત્મ સાધનાનો પ્રાણ છે. તેના વિના નતો સાધના ટકી શકે કે ન તો પ્રગતિ કરી શકાય. આત્યંતિક મુક્તિની સાધનામાં ભગવત્ સ્વરૂપનું જ્ઞાન ને માહાત્મ્ય સહિત નિશ્ચય અનિવાર્ય છે. જેમ લૌકિક પ્રકારની સિધ્ધિ સફળતા પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થ - પ્રેરકબળ તરીકેની ભૂમિકા ભજવે છે. એવી જ રીતે આધ્યાત્મિક જગતમાં પણ સફળતા પ્રાપ્ત કરવા માટે માહાત્મ્ય એક મહત્વની અનિવાર્ય ભૂમિકા ભજવે છે. જો વસ્તુની સિધ્ધિનો મહિમા સમજાય તો જ તેની પ્રાપ્તિ માટેનો ખપ અને ઈશક જાગે અને અનેક પ્રકારની મુશ્કેલીઓ વેઠીને સખત પુરુષાર્થ કરાય છે.

પ્રભુ પંથે પ્રત્યેક સિધ્ધિ માટે પ્રભુ અને સંતનું માહાત્મ્ય રોકડા રૂપિયા જેવુ છે. જેટલા રૂપિયા વધારે એટલું વધારે સમૃદ્ધ થવાય. એજ રીતે જેટલો સત્સંગનો મહિમા વધારે એટલા વધારે કલ્યાણકારી સદ્‌ગુણો પ્રાપ્ત કરી શકાય. તેથી વધારે આધ્યાત્મિક દ્દષ્ટિએ સમૃદ્ધ થવાય છે.

મહિમા હોય તો જ પૂરા સત્સંગી થવાય. આત્યંતિક મોક્ષ થાય ને આશ્રય અચળ રહે અને ભગવાન તથા સંતોનો સંબંધ અચલ રહે છે. અને અખંડ અહોપણું રહે છે. અલમસ્તાઈથી આનંદમાં રહેવાય ને ભગવાન તથા સંતમાં અસાધારણ હેત થાય છે. આત્મા અનાત્માના વિવેકનું ભાન થાય. દાસત્વપણું વિશેષ સુદઢ થાય. મહારાજની આજ્ઞા પાળતા સંતો ભક્તોનો અવગુણ ન આવે, વેરની આંટી ન બંધાય ને કામ, ક્રોધ, માન, ઈર્ષ્યા, મસ્તર આદિક દોષો દૂર થાય ને હૃદય નિર્મળ થાય છે. ઈન્દ્રિયો અંતઃકરણ જીતાય ને પંચવિષય પ્રત્યેની આસક્તિ ઓછી થાય જેથી ભૂંડા ઘાટ માત્ર ટળી જાય ને ઈન્દ્રિયો અંતઃકરણની વિષયો પ્રત્યેની દાઢો અંબાઈ જાય છે.

આમ મહિમા તો ઈલેકટ્રિક કરન્ટ જેવો પ્રબળ છે. મંદિરમાં કે ઘરમાં વિદ્યુત પ્રવાહ આવે તો કેટલું બધું કામ થઈ જાય. એવી જ રીતે સત્સંગ માં જો મહિમા દ્રઢ થાય તો સાધનામાં ઘણું બધું કાર્ય સરળ થઈ જાય. મહિમા અધ્યાત્મ સાધનરૂપી શરીરમાં હૃદય સ્થાને છે. જો હૃદય સ્થાન મજબૂત તો બધા જ અવયવ મજબૂત રહે પણ જો હૃદયમાં ખામી હોય તો બધા જ અવયવોમાં ખામી કહેતા અવયવો ઢીલા પડી જાય છે. તેમ જો મહિમા યથાર્થ દ્રઢ હોય તો નવધા ભક્તિનાં બધા જ અંગો તથા તપ, ત્યાગ, નિયમ, ધર્મ વગેરે મજબૂત થાય છે. જેટલો મહિમા સમજાય તેટલો પ્રકાશ હૃદયમાં થાય છે. આત્યંતિક મોક્ષ મેળવતો હોય તો માહાત્મ્ય સમજવું જ જોઈએ. વાસના ટાળવા માટેનું અંતિમ સાધન માહાત્મ્ય છે. સ્વભાવ ટાળવા માટે મહિમા સમજવો જોઈએ. માન ટાળવા માટે પણ મહિમા સમજવો જોઈએ. મહિમા વિનાનું જીવન નકામું છે. મહિમા વિનાનું જીવન તો પાણી વિનાની નદી હોય, પ્રાણ વિનાનું શરીર હોય તેમજ સુગંધ વિનાના પુષ્પ જેવું તેમજ મીઠાશ વિનાના ફળ જેવું ગણાય છે. શાકમાં મીઠું ન હોય ને શીરામાં ખાંડ ન હોય તો ન ભાવે. ભોજન સાવ ફીક્કું લાગે. એમ મહિમા વગરની સાધનામાં ફિક્કાસ જ રહ્યાં કરે. મહિમા વિના સત્સંગ સમજાય નહિ. મહિમા હોય તો સત્સંગ દિવસે દિવસે વધે છે. મહિમા વિનાના સાધન વૃથા છે. કરોડો મચ્છર ગરૂડ તુલ્ય થઈ શકે નહિ. તેમ હરિભક્તો ને પરસ્પર હેત ન હોય અને સાધન અપાર કરે તો પણ પૂર્ણ ફળ મળે નહિ. બીજા અંગો નિરોગી હોય પણ શ્વાસ બંધ થઈ જાય તો કોઈ સહાય કરી શકે નહિ. મહિમા વિનાના સાધનો કુચા જેવા છે. મહિમા વિનાનું જીવન શબ સમાન છે.

માયિક જીવને તો માયિક વસ્તુ ગમે. ગીંગો ગોબરમાં જ લોભાય ને ગધેડો કૂચામાં લોભાય છે. ચિંતામણીનો મહિમા બાળક જાણતો નથી તેથી બદરી ફળ, કેરી આદિક ફળને પણ તેથી અધિક માને છે. મહિમા વિના પરિક્ષિતને પણ સંશય થયો. સાચા સંત ભેગા રહીને સંતનું માહાત્મ્ય ન સમજાય તો રંક રહ્યાં ગણાય. માહાત્મ્ય વિના બીજા ફાવે તેટલા ગુણ હોય પણ મોક્ષ થાય નહિ. નરકમાં પડેલા જીવ પણ ભગવાન, ધર્મકુળ, સંત અને હરિભક્તોનો મહિમા સમજે ને એકવાર સંભારે તોય મોક્ષ થાય છે. સુખને શાંતિ માત્ર માહાત્મ્યમાં છે. માટે ભગવાનના મહિમાની વાતો નિરંતર કરવી ને સાંભળવી. મહારાજ તો પોતાનું અક્ષરધામ, મુકતો-પાર્ષદોને પોતાનું સમગ્ર ઐશ્વર્ય તે લઈને અહીંયા પધાર્યા છે. દેહને મૂકીને જેને પામવા છે તે આ દેહે જ મલ્યા છે. મહિમા સમજવા જેવું બીજું કોઈ મોટું સાધન નથી. ને મહિમા વિના

બીજા ગમે એટલા સાધન કરે તોય પણ જીવ બળને પામે નહિ. જેના હૃદયમાં મહિમાએ સહિત ભગવાનની ભક્તિ હોય તો બીજા કલ્યાણકારી ગુણ ન હોય તો પણ તેના હૃદયમાં સર્વે આવે છે. મહિમા સહિત ભક્તિ જેના હૃદયમાં નથી ને શમ, દમ, સંતોષ આદિક જે કલ્યાણકારી રૂડા ગુણ તેના હૃદયમાં છે તોય પણ નહિ જેવા જ છે. કેમ જે અંતે નાશ પામી જશે. માહાત્મ્યે સહિત ભક્તિ એજ વાસના ટાળવાનું મહા મોટું અચળ સાધન છે. લોયાના ૧૭ માં વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું છે જે, ''જેને ભગવાનને સંતનું માહાત્મ્ય સમજાણું છે તેનો પાયો સત્સંગમાં અચળ છે. જેને માહાત્મ્ય નથી સમજાણું તેનો વિશ્વાસ નહિ.'' મહિમા વિનાની ભક્તિ એકડા વિનાના મીંડા જેવી કહેવાય છે.

આ માહાત્મ્ય સહિત ભક્તિ કેવી રીતે ઉદય થાય તે શ્રીજી મહારાજે વડતાલના ૩ જા વચનામૃતમાં સમજાવ્યું છે. ચાર પ્રકારના જે મોટા પુરુષ કહ્યાં તેમાં જે વીજળીના અગ્નિ જેવા તથા સમુદ્રના અગ્નિ જેવા મોટા હોય તેમની સેવા જો પોતપોતાના ધર્મમાં રહીને મન-કર્મ-વચને કરે તો તે જીવના હૃદયમાં માહાત્મ્ય સહિત ભક્તિ ઉદય થાય છે. તેમજ ગઢડા અંત્યના ૫ માં વચનામૃતમાં કહ્યું છે જે, શુક સનકાદિક જેવા જે મોટા પુરુષ તેની જે સેવા ને પ્રસંગ થકી મહાત્મ્યે સહિત ભક્તિ જીવના હૃદયમાં આવે છે. ભગવાનના અવતારોની જે કથાઓ તેને હેતે સહિત સાંભળે તો ભગવાનને વિષે ભક્તિ ઉપજે છે. મહાત્મ્ય સહિત ભક્તિ ઉદય થાય તે માટે સત્‌પુરુષનો પ્રસંગ અનિવાર્ય છે.

હવે ઉદય થયેલી ભક્તિના સંરક્ષણ, પોષણ અને સંવર્ધન માટે પણ સત્‌પુરુષની જરૂર પડે છે. ઉદય થયેલી ભક્તિને વૃદ્ધિ પમાડવા માટે પવિત્ર દેશમાં રહેવું, ભૂંડો, કાળ વર્તતો હોય ત્યાંથી આઘું પાછું ખસી નીકળવું. સત્‌પુરુષનો મન, કર્મ, વચને પ્રસંગ કરવાથી આપણા હૃદયમાં માહાત્મ્ય સહિત ભક્તિ સોળે કળાએ ખીલી ઉઠે છે. તેના ફળ સ્વરૂપે ભગવાનની પ્રસન્નતા અને આત્યંતિક મુક્તિરૂપ ફળની પ્રાપ્તિ થાય છે.

જેને ભગવાન કે ભગવાનના સંતોનો મહિમા સમજાય જાય છે તેના સર્વે કામ થઈ જાય છે. જેને મહિમા નથી તેને દોષો પીડે છે. માયા પીડે છે. ઈન્દ્રિયો ને અંતઃકરણ પીડે છે. કાબુમાં રહેતા નથી. પંચ વિષયે લાચાર બનાવી દીધા છે. આ તમામ દોષોની દવારૂપે મહિમા સમજવો જરૂરી છે. જીવનમાં મહિમા હોય તો જ જીવનની કિંમત છે.

●

## સંગ તેવો રંગ

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ, તા. કડી)

સંગ કોને કહેવાય ? સંગ કેવો કરવો તેની ભલામણ કરતાં શ્રીજી મહારાજે ગઢડા પ્રથમના ૭૮ માં વચનામૃતમાં કહ્યું છે કે, ''સારો-ભૂંડો જે સંગ થાય છે તેની વિકતિ એમ છે જે, જેનો સંગ થાય તે સાથે કોઈ રીતે અંતર રહે નહિ. ત્યારે તેનો સંગ થયો જાણવો અને ઉપરથી તો શત્રુને પણ હૈયામાં ઘાલીને મળે છે પણ અંતરમાં તો તે સાથે લાખો ગાઉનું છેટું છે. એવી રીતે ઉપરથી સંગ હોય તે સંગ ન કહેવાય અને મન, કર્મ, વચને કરીને સંગ તો પરમેશ્વર અથવા પરમેશ્વરનાં ભક્ત તેનો જ કરવો જેથી જીવનું કલ્યાણ થાય પણ પાપીનો સંગ તો ક્યારેય ન કરવો.''

જીવનમાં નાનપણથી ખૂબ કષ્ટો સહન કરી, ખૂબ મહેનત કરી, પેટે પાટા બાંધીને મા-બાપ બાળકને શિક્ષણ આપે છે. સારા સંસ્કારો આપે છે. પરંતુ જો તેમાં કુસંગરૂપી ઝેરનું એક ટીપું પડી જાય તો જીવન ઝેર સમાન બની જાય છે.

વડતાલના જોબન પગી એટલે મહાન લૂંટારા. તેઓ નાનપણમાં સંસ્કારી મા-બાપના દીકરા હતાં. મા-બાપ તેમને નાની ઉંમરે મૂકી ધામમાં જતા રહ્યાં. આ જોબનને ગામના કુસંગી નારણગીરી બાવાનો સંગ થયો. અને આ કુસંગનાં સંગે તેમનામાં ચોરી, લૂંટફાટ, શિકાર જેવા વ્યસન ઘર કરી ગયાં. આથી તેઓ મહાન લૂંટારા બની ગયા. પછી તો સમય જતાં જોબન પગીને ભગવાન સ્વામિનારાયણનો ભેટો થયો. મહારાજનો ભેટો થતાં જ જોબનપગી લૂંટારામાંથી જોબન ભગત બની ગયા. હાથમાં શસ્ત્ર, સરંજામ, હથિયારને બદલે માળા આવી ગઈ. જોબનપગીને કુસંગના યોગે અનેક કુસંસ્કારો ઘર કરી ગયા હતા. પરંતુ તેઓ જ્યારે ભગવાન સ્વામિનારાયણ અને સંતોના સંગમાં આવ્યા ત્યારે તેમના કુસંસ્કારો, ભગવાન સંબંધી દિવ્ય સંસ્કારોમાં પરિવર્તન થઈ ગયા. જેમ જોબન પગીના જીવનમાં નારણગીરી બાવારૂપી કુસંગે તહાબી મચાવી દીધી તેમ આપણા જીવનમાં વ્યસની કે અન્ય ખરાબ મિત્રોની સોબત થઈ જાય તો જીવન ખુવાર કરી નાંખે.

જેમ કોઈ સારું પુસ્તક હોય, પરંતુ જો તેને ઉધઈનો સંગ થાય તો પુસ્તકને નકામું કરી નાંખે. તેમ સત્સંગમાં કોઈ અભાવ-અવગુણની વાત કરે, ઢીલી વાત કરે તેવાનો સંગ કરીએ તો આપણે સત્સંગમાં ઉધઈના સંગવાળા પુસ્તક જેવા નકામા બની જઈએ. સત્સંગમાંથી પાછા પડી જઈએ.

શ્રીજી મહારાજે પણ શિક્ષાપત્રીના ૨૮ માં શ્લોકમાં આવો સંગ ન કરવાની આજ્ઞા કરતા કહ્યું છે કે, ''અને જે મનુષ્ય ભક્તિનું અથવા જ્ઞાનનું આલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ તેને વિષે અતિશય લોલુપ થકા પાપને વિષે પ્રવર્તતા હોય તે મનુષ્યનો સમાગમ ન કરવો.''

''જેવો સંગ તેવો રંગ'' લગાડે જ, ઉતરતાનો સંગ ઉતરતા કરે અને ચડિયાતાનો સંગ ચડિયાતા કરે, વસ્તુ, પદાર્થ કે વ્યક્તિ એકની એક જ હોય છે. પરંતુ તે જેવો સંગ કરે તેવા ગુણોને પામે છે.

આકાશમાં રહેલું પાણીનું બિંદુ વરસાદ બની શેરડીમાં જાય તો સાકર બને છે. આજ બિંદુ માછલીનાં મુખમાં જાય તો મોતી બને છે. પરંતુ એજ બિંદુ સાપના મુખમાં જાય તો હળાહળ ઝેર બને છે. માટે સારા સંગને જ પસંદ કરવો. જેમ પાણીનું બિંદુ તો એક જ છે. પરંતુ તેનું ભવિષ્ય તે કોનો સંગ કરે છે તેની ઉપર છે તેમ આપણા જીવનની ઉન્નતિ અને અધોગતિનો આધાર આપણે કોનો સંગ કરીએ છીએ તેના પર જ છે.

ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં લખ્યું છે કે, એક તો કોઈ ઉપાયે સત્સંગમાં રહે તેવા ન હોય ને જો સારા નો સંગ થઈ જાય તો ટકી જાય ને સારો પણ થઈ જાય. અને એક તો સત્સંગમાંથી કોઈ દિવસ જાય એવો ન હોય પણ નબળા નો સંગ થાય ને તેના શબ્દોની અસર થાય તો સત્સંગમાંથી ક્યારે જતો રહે તે કહી શકાય નહી. માટે સંગ તો ઉત્તમનો જ કરવો, પણ ઉતરતાનો ક્યારેય ન કરવો.

આપણાંથી ચડિયાતાનો સંગ કરીશું તો ક્યાંક આપણે ઢીલા પડી ગયા હોઈશું તો મહિમાસભર કરી દેશે, મોટા પુરુષથી આપણને નિકટ લાવશે.

●

## અલૌકિક રંગોત્સવ

- જાનકી નીકીકુમાર પટેલ (ઘાટલોડીયા)

શ્રી નરનારાયણદેવનું ધામ અમદાવાદમાં શ્રીહરિએ પુષ્પદોલોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવ્યો. સ્વામિનારાયણ ભગવાને સંતો દ્વારા પુષ્પનો હિંડોળો બનાવડાવ્યો અને એ હિંડોળામાં શ્રી નરનારાયણદેવનું સ્વરૂપ પધરાવીને ભગવાનને આરતી ઉતારી અને સ્વયં નરનારાયણ દેવને ઝુલાવ્યા.

આરતી પછી હજારો સંતો-હરિભક્તો શ્રી નરનારાયણદેવના વિશાળ ચોકમાં ભેગા થયા હતા. મહારાજે આજ્ઞા આપી એટલે રંગોત્સવ શરૂ થયો. ઢોલ વાગવા માંડ્યો. ચોકમાં મધ્યમાં છત્રી છે ત્યાં પાટ ઉપર બીજી પાટ ગોઠવી આ પાટ ઉપર કેસૂડાના રંગના મોટા પાત્રો ભરેલા મૂક્યા. ગુલાલના કોથળા મૂક્યાં. શ્રીહરિએ ઝોળી તૈયાર કરી એક ચોરસ વસ્ત્રના બે છેડા કાંડે બાંધ્યા અને બે છેડા છૂટા પકડ્યા. એમાં ગુલાલ ભરીને મહારાજ સૌ સંતો અને હરિભક્તો ઉપર ફેંકવા માંડ્યા. સંતોની પીચકારી હાથમાં લઈને સૌના ઉપર રંગની ઝડીઓ વરસાવવા માંડ્યા. પછી તો સંતો અને ભક્તો વચ્ચે અદ્‌ભુત રંગ લીલા શરૂ થઈ.

આ તો અલૌકિક ઉત્સવ છે. આની એક આગવી મઝા હોય છે. આ ઉત્સવમાં નાનો મોટો ગૃહી ત્યાગી કાંઈ જોવાય નહિ. જેને જેની સાથે ભાવ હોય એ બધાને રંગમાં તરબોળ કરાય. મહારાજના સહજાનંદી રંગથી ભીંજાવા માટે બધા પડાપડી કરતા હતા. આ રંગોત્સવમાં લોયાના સુરાખાચર પણ આવેલા. સુરાખાચરે સોમલા ખાચરને પકડ્યા. બાપુએ ગુલાલની મૂઠ્ઠી ભરીને સોમલા ખાચરના મોઢા ઉપર ગુલાલ નાંખ્યો. થોડો ગુલાલ આંખમાં પણ ગયો. એટલે સોમલા ખાચર એકબાજુ બેસી ગયા. છતાં સુરાખાચર કોનું નામ ? સોમલાને છોડે જ નહિ. ત્યાં બ્રહ્માનંદ સ્વામી બાજુમાં રમતા હતા. આ જોઈને સ્વામીને દયા આવી ગઈ. આ બિચારા દૂબળા સોમલાને પેલો જાડીયો સુરો ખાચર હેરાન કરે છે. સુરો તો મજબુત છે. આવું ન ચાલે તરત જ બ્રહ્માનંદ સ્વામી સોમલા ખાચરની વહારે ધાયા.

સુરા ખાચરે કડકાઈથી કહ્યું, ‘‘દૂર રહેજો સ્વામી અત્યારે તો નજીક આવશો તો તમનેય નહિ છોડું.’’ સ્વામી કહે, કશો વાંધો નહિ. તમે નહિ છોડો તો હું થોડો તમને છોડીશ ! પછી તો સ્વામી અને સુરા ખાચર વચ્ચે ગુલાલ અને રંગની ફેંકાફેંકી અને મસ્તી જામી. બે ઘડી જોવાનું મન થાય એવી એ મસ્તી હતી. સુરા ખાચરમા બળ બહુ, સંતોને એવી પ્રેક્ટીસ ન હોય કે કોઈને દબાવી દેવો. પછાડી દેવો. બળવાળા બાપુ રંગમાં આવી ગયા. બાવડામાં બળ બહુ એટલે બાપુએ સ્વામીની ચોટલી ઝાલી અને સ્વામીને એવા દબાવ્યા કે નીચે બેસાડી દીધા. સ્વામીએ વિચાર કર્યો કે આ જાડીયો બહુ બળીયો છે. લાવ હું પણ જેવા સાથે તેવો થાઉં. અર્થાત્ હું પણ સુરાખાચરની ચોટલી પકડું. સ્વામીએ રઘવાટમાં સુરા બાપુના માથે ચોટલી પકડવા હાથ ફેરવવા માંડ્યો. માથા ઉપર હાથ ગોળ ગોળ ફેરવે પણ ચોટલી હાથમાં આવે નહિ. ક્યાં ગઈ ચોટલી ? પણ ચોટલી હાથમાં આવે જ નહિ.

આ દૃશ્ય જોઈને શ્રીજી મહારાજ ખૂબ હસવા માંડ્યા. સંતો અને ભક્તોથી હસવું રોકાયું નહિ મહારાજ કહે, જુઓને આ ઉત્સવના આનંદમાં સ્વામીને એવો આવેગ આવી ગયો છે કે સ્વામી ભૂલી જ ગયા લાગે છે કે સુરા ખાચરને તો માથા ઉપર ટાલ છે ! ચોટલી જ ક્યાં છે ! ગમે એટલી માથામાં ખોળે પણ ચોટલી હોય તો મળે ને ! આ દૃશ્યથી મહારાજ, સંતો અને ભક્તોને અતિ આનંદ મળ્યો.

છેલ્લે મહારાજે તાળી પાડી હાથ ઉંચો કર્યો. સંતો અને ભક્તોએ જય જયકાર કર્યો. શ્રી નરનારાયણદેવનો આખો ચોક લાલ, નરનારાયણ દેવના ત્રણ દેરાય ગુલાલથી લાલ લાલ, પૃથ્વી લાલ, આકાશ લાલ, સંતો અને ભક્તોય લાલ, આકાશમાં સૂર્ય પણ લાલ. જ્યાં ધર્મના લાલ હોય ત્યાં બધે લાલ લાલ જ હોય. લાલ એટલે આનંદ ઉત્સવ. રંગ લીલાની સમાપ્તિ કરીને શ્રીહરિ સંતો અને ભક્તો સાથે નારાયણઘાટે સ્નાન કરવા પધાર્યા.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ અને શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે અવતાર તે જે તે ધ્યાન કરવા યોગ્ય છે તથા શ્રીકૃષ્ણ ભગવાનની જે પ્રતિમા તે પણ ધ્યાન કરવા યોગ્ય છે માટે એમનું ધ્યાન કરવું અને મનુષ્ય તથા દેવાદિક જે જીવ તે તો શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત હોય અને બ્રહ્મવેતા હોય તો પણ ધ્યાન કરવા યોગ્ય નથી. માટે એમનું ધ્યાન ન કરવું - શિક્ષાપત્રી નો ક્યો શ્લોક?

પ્ર. ૨ સુરતવાળા પારસી અરદેશરજીની નિષ્ઠા, બહાદુરી જોઈને મહારાજ અતિ રાજી થઈ ગયા તેમની સેવા અને નિષ્ઠાની યાદગીરીમાં સ્મૃતિ ચિન્હ તરીકે શું ભેટ આપી?

પ્ર. ૩ શ્રીજી મહારાજે કહ્યું કે, ''દર્શન કરવા તો ધરમપુરના કુશળ કુંવરબાઈ જેવા.'' એ કુશળ કુંવરબાઈ પૂર્વે કોણ હતા?

પ્ર. ૪ વૈષ્ણ ભક્ત પ.ભ. હેમરાજ શાહના દીકરાના નામ શું હતા?

પ્ર. ૫ બદ્રિકાશ્રમમાં સિંહવતી ગુફામાં ભગવાનના અંગમાંથી મોહિની સ્વરૂપ કન્યા ઉત્પન્ન થઈ અને હથિયાર ધારણ કરી દૈત્યને મારવા ઊભી રહી ત્યારે કન્યાએ શું કહ્યું?

પ્ર. ૬ ''બાંધુ ફૂલહિંડોળો, પ્યારા, પહેરાવું પટભૂષણ સારા નંદકુંવર તમને નીરખીને ફૂલીયે રે'' કીર્તનના રચયિતા નું નામ જણાવો.

પ્ર. ૭ કુસંગ કેટલા પ્રકારનો છે? વચનામૃતના આધારે જણાવશો.

## ફેબ્રુઆરી-૨૦૧૪ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) શ્લોક ૫૬. (૨) કોઈને છેતરવા ધર્માચરણ અથવા ભક્તિના આડંબર આચરવો તે દંભ એવા દંભથી રહિત એટલે નિર્દંભ. (૩) સદાય મારો હાથ ઝાલી રાખજો અને અંતે હાથ ઝાલીને તમારા ધામમાં લઈ જજો. (૪) વ.મ. ૬૦. (૫) દૈત્યોએ. (૬) એક શિગોડું. (૭) આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી.

૧ પટેલ ભાવનાબેન નટવરભાઈ (મુબારકપુર)
૨ પટેલ સરોજબેન રણછોડભાઈ (મુબારકપુર)
૩ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૪ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૫ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૬ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૭ શ્રી નરનારાયણ બાળ મંડળ (કલોલ-પંચવટી)
૮ બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ (ઝુલાસણ)
૯ ખંધેડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૧૦ સાંખ્યયોગી બહેનો શ્રી સ્વામિ. મંદિર (જુનુ) (મોરબી)
૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ-બાપુનગર) ન.ના.દેવ યુવક મંડળ
૧૨ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૧૩ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર-મૂળીદેશ)
૧૪ ગાંધી જ્યોત્સનાબેન એચ. (સુરેન્દ્રનગર)
૧૫ ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૧૬ પટેલ જયંતિભાઈ હીરાભાઈ (વહેલાલ)
૧૭ પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૧૮ પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૧૯ પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૨૦ પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૨૧ પટેલ સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૨૨ સાં.યો. કોકીલાબા તથા ઉષાબા (સુરેન્દ્રનગર)
૨૩ ઘરસભા બહેનો (લુણાવાડા)
૨૪ પટેલ લાલભાઈ એમ. (ગાંધીનગર)
૨૫ પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૨૬ પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઊંઝા)
૨૭ પટેલ દિપીકા કિરણકુમાર (નારણપુરા)
૨૮ પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૨૯ પટેલ રમેશભાઈ (રાણીપ)
૩૦ ડૉ. અરૂણભાઈ દેવજીભાઈ (રાણીપ)
૩૧ પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૩૨ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૩૩ શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું (રણજીતગઢ)
૩૪ પરમાર ભાનુબેન ભગવાનભાઈ (બોડકા)
૩૫ સાધુ ધર્મકિશોરદાસજી ગુરુ સ્વા. લક્ષ્મણજીવનદાસજી (એપ્રોચ-બાપુનગર)
૩૬ ઓચ્છવ મંડળ (શ્રી સ્વા. મંદિર એપ્રોચ-બાપુનગર)
૩૭ સાં.યો. રંજનબા તથા નાનીબેન (સ્વા. મંદિર વિરાટનગર-ઓઢવ)
૩૮ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૩૯ પટેલ વલ્લભભાઈ શીવાભાઈ (માણસા)
૪૦ શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (જમિયતપુરા)
૪૧ ગવૈયા સી.પી. સ્વામી (માણસા)
૪૨ ચોકસી ઈલાબેન નરેન્દ્રભાઈ (દરિયાપુર)
૪૩ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૪૪ સાં.યો. મંજુબા ગુરુ નર્મદાબા (કપડવંજ)
૪૫ ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૪૬ ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૪૭ સાં.યો. મંજુબા, ભારતીબા (કાલુપુર મંદિર હવેલી)
૪૮ પટેલ ધર્મિષ્ઠાબેન આર. (રાણીપ)
૪૯ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૫૦ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૫૧ ઠક્કર રીટાબેન જયેશભાઈ (વસ્ત્રાપુર)
૫૨ કા. પટેલ રૂપલબેન કંચનલાલ (લુણાવાડા)
૫૩ સાં.યો. શ્યામબાઈ અરજણ હીરાણી (ભુજ)
૫૪ સાં.યો. ધનબાઈ શીવજી ભંડેરી (મિરઝાપર)
૫૫ સાં.યો. રામબાઈ ધનજી વરસાણી (મિરઝાપર)
૫૬ સાં.યો. જયશ્રીબેન પ્રવિણ વરસાણી (મિરઝાપર)
૫૭ ભોરણીયા નથુભાઈ ભગવાનજી (ધુંટુ મોરબીનું)
૫૮ ભોરણીયા રમેશભાઈ નથુભાઈ (ધુંટુ મોરબીનું)
૫૯. સોની મીનાબેન મહેન્દ્રભાઈ (નરોડા)

# સત્સંગ સમાચાર

**અમદાવાદમાં પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૧૯૨ મો પાટોત્સવ ઉજવાયો**

સર્વોપરિ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયમાં સૌ પ્રથમ અમદાવાદમાં સ.ગુ. આનંદાનંદ સ્વામી પાસે મહા મંદિરનું નિર્માણ કરાવી સ્વસ્વરૂપ શ્રી નરનારાયણદેવ બાથમાં લઈ પધરાવીને સમસ્ત આશ્રિતજનો માટે મોક્ષનું દ્વાર ખુલ્લું મૂક્યું. સંવત ૧૮૭૮ ના ફાગણ સુદ-૩ થી લઈ આ શહેરની અવિરત પ્રગતિ થઈ છે. અને શ્રીહરિના લાખો આશ્રિતો આ નગરમાં હાલ વસે છે.

આજે ફાગણ સુદ-૨/૩ ને તા. ૩-૩-૧૪ ને સોમવારના પરમકૃપાળુ મહાપ્રતાપી દેવ શ્રી નરનારાયણદેવનો ૧૯૨ મો પાટોત્સવ મહોત્સવ શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપો દ્વારા વિધિવત રીતે સંપન્ન થયો. આ પ્રસંગના ઉપક્રમે તા. ૧-૩-૧૪ થી તા. ૩-૩-૧૪ પર્યન્ત સ.ગુ. બ્ર. સ્વામી વાસુદેવાનંદકૃત શ્રીમદ્ સત્સંગિભૂષણ ત્રિદિનાત્મક પારાયણ સંપ્રદાયના વિદ્વાન સુપ્રસિદ્ધ કથાકાર સંત પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના વક્તાપદે સંપન્ન થઈ. સહિતા પાઠમાં શાસ્ત્રી સ્વામી માધવપ્રિયદાસજી ગુરુ શા. સ્વા. સિધ્ધેશ્વરદાસજી વિરાજ્યા હતા.

પાટોત્સવના યજમાન પદે અ.નિ. પ.ભ. મહાસુખલાલ જેઠાલાલ સોની, અ.નિ. તારાબેન મહાસુખલાલ સોની પરિવારના પ.ભ. સુરેશભાઈ મહાસુખલાલ સોની પરિવાર (પાટણવાળા) યજમાનપદે રહ્યાં હતા.

ફાગણ સુદ-૧ ના મહાપૂજા આદિ કાર્યક્રમ થયા હતા. ફાગણ સુદ-૩ ત્રીજના સવારે ૫ થી ૬-૩૦ યજમાનો દ્વારા ઠાકોરજીનું પૂજન અને ૬-૩૦ થી ૭-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ આદિ દેવોનો ષોડશોપચાર મહાભિષેક દેવવિધિસર સંપન્ન થયો હતો. આ પ્રસંગના દર્શન દેવોને પણ દુર્લભ હતા. હજારો આશ્રિતજનોએ મહાભિષેકના દર્શન કરી જીવનને ધન્ય બનાવ્યું.

પ્રાસંગિક સભામાં સૌ પ્રથમ પૂ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. યજમાન પરિવારે સમસ્ત ધર્મકુળનું પૂજન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા.

ત્યારબાદ કથાની પૂર્ણાહુતિની આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ઉતારી હતી. ધામોધામનો સંતો મહંતોએ પોતાની પ્રેરક અમૃતવાણીનો લાભ આપેલ. પૂ. મહંત સ્વામીએ આગામી શ્રી નરનારાયણદેવ મહોત્સવની માહિતી સૌને પુરી પાડી હતી.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ સમસ્ત સભાને શ્રી નરનારાયણદેવનો દ્રઢ આશરો રાખવા અને નિયમ, નિશ્ચય અને પક્ષ શિર સાટે રાખવા અનુરોધ કરી આશીર્વાદ આપ્યા હતા.

ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા હતા. સૌ ભક્તજનો દર્શન કરી પ્રસાદ લઈ ખૂબજ ધન્યતા અનુભવતા હતા.

સમગ્ર પ્રસંગમાં સ.ગુ. સ્વામી હરિચરણદાસજી (કલોલ) સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારણઘાટ), બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજી, સ.ગુ. કોઠારી સ્વામી જે.પી. સ્વામી (શિકાગો), કોઠારી જે.કે. સ્વામી, યોગી સ્વામી, શા. નારાયણમુનિ સ્વામી, ભક્તિ સ્વામી પૂજારી, નટુ સ્વામી અને ભંડારી રામ સ્વામી આદિ સંતો-પાર્ષદોએ સુંદર સેવા કરી મહારાજને રાજી કર્યા હતા. (શા. સ્વા. નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે શિક્ષાપત્રીનું પૂજન-આરતી**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ્રસાદીના દિવ્ય સભા મંડપમાં મહાસુદ-૫ વસંત પંમચીના સવારે ૮-૩૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રીહરિએ લખેલ અલૌકિક ગ્રંથ શિક્ષાપત્રીનું પૂજન અર્ચન ત્યારબાદ સ.ગુ. શા. સ્વામી છપૈયાપ્રસાદદાસજીએ શિક્ષાપત્રીનું વાંચન કરીને શિક્ષાપત્રીનો મહિમાની સુંદર કથા કરી હતી અને આરતી વિધિવત રીતે થઈ હતી. આ પ્રસંગે સંત-હરિભક્તોએ દર્શનનો લાભ લઈ ધન્ય બન્યા હતા. સભામાં સંતો અને હરિભક્તોએ ૨૧૨ શ્લોકોનું પઠન કરી શિક્ષાપત્રી જયંતી ઉજવી હતી.

(શા. નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ૧૮ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના સંપૂર્ણ રાજીપાથી તથા સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા શા. પી.પી. સ્વામી (મહંતશ્રી નારાયણઘાટ)ની શુભ પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટમાં વિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજ આદિ દેવોનો પાટોત્સવ મહાવદ-૫ ના વિધિવત રીતે ઉજવાયો. પાટોત્સવના મુખ્ય યજમાન પ.ભ. વસંતીબેન બાબુલાલ પટેલ (હિરાપુર-નારણપુરા) પરિવારે લાભ લીધો હતો.

તા. ૨૦-૨-૧૪ના પ્રાતઃ પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે નિજ મંદિરમાં બિરાજમાન દેવોનો ષોડશોપચાર મહાભિષેક વેદ વિધિસર સંપન્ન થયો. ત્યારબાદ અન્નકૂટ આરતી અને પ્રાસંગિક સભા થઈ હતી. યજમાન પરિવારે ધર્મકુળનું પૂજન અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા.

આ પ્રસંગે ધામો ધામના સંતો પૈકી સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, મહંત શા.સ્વા. પૂર્ણપ્રકાશદાસજી (ધોળકા), શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજી

(વડનગર) તથા કાંકરિયા, નારણપુરા, એપ્રોચ અને કાલુપુર મંદિરના સંતો મહંતો પધાર્યા હતા. અને હરિભક્તો પણ વિશાળ સંખ્યામાં દર્શનાર્થે પધાર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ પ્રસન્ન થઈ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પાટોત્સવમાં બન્ને મહંત સ્વામીના માર્ગદર્શનથી સત્સંગ સમાજ, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આદિ સૌની સેવા પ્રેરણારૂપ હતી. (શા. દિવ્યપ્રકાશદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગર વસંત પંચમી શિક્ષાપત્રી પૂજન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવં પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીની પ્રેરણાથી ગુજરાતની સુપ્રસિદ્ધ ઐતિહાસિક નગરી વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજ સન્મુખ વસંત પંચમીના શિક્ષાપત્રીનું પૂજન-અર્ચન અને આરતી હરિભક્તોએ સમૂહમાં કરી હતી. કોઠારી શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજી તથા પૂજારી સ્વામી અભિષેકપ્રસાદદાસજીએ સભામાં શિક્ષાપત્રીની ૨૧૨ શ્લોકનું સમૂહ વાચન કરાવ્યું હતું. છેલ્લે સૌને ધાણી અને પતાસાનો પ્રસાદ વહેંચાયો હતો. (નવિનભાઈ ભાવસાર)

**શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર ભીમપુરાનો ૬ઠ્ઠો પાટોત્સવ અને પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી)ની શુભપ્રેરણાથી અ.નિ. ચૌધરી ગોબરભાઈ પ્રભુદાસ પરિવારના પ.ભ. ભરતભાઈ ડાહ્યાભાઈ ચૌધરી અને પ.ભ. સુરેશભાઈ ડાહ્યાભાઈ ચૌધરી આદિ પરિવાર તરફથી શ્રી સ્વામિનારાયણ મંદિર ભીમપુરાનો ૬ઠ્ઠો પાટોત્સવ અને તેના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત ગીતા પંચદિનાત્મક પારાયણ સ.ગુ. શા.સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે સંગીત સાથે તા. ૪-૨-૧૪ થી તા. ૮-૨-૧૪ પર્યન્ત ધામધૂમથી સંપન્ન થઈ.

તા. ૮-૨-૧૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક અને કથાની પૂર્ણાહુતિ થઈ હતી. સભામાં યજમાન પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. પ્રાસંગિક સભામાં સ.ગુ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, શા.સ્વા. નારાયણવલ્લભદાસજી, બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, મહંત સ્વામી શ્યામસુંદરદાસજી (મૂળી), શા.સ્વા. સૂર્યપ્રકાશદાસજી, શા.સ્વા યજ્ઞપ્રકાશદાસજી, ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજી શા. સિધ્ધેશ્વરદાસજી, શ્રીવલ્લભ સ્વામી, શા. છપૈયા સ્વામી, નિલકંઠ સ્વામી આદિ ધામોધામના સંતોની પ્રેરકવાણી બાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(શા. ચૈતન્યસ્વરૂપદાસજી અને શા. દિવ્યપ્રકાશદાસજી)

**માણેકપુર (ચૌધરીનું) ગામે ઉજવાયો મહોત્સવ**

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીના આશીર્વાદથી અ.નિ. ચૌધરી સેંધાભાઈ લવજીદાસ (મુખી)ની પુણ્ય સ્મૃતિ અર્થે તથા ગં.સ્વ. સોનીબા સેંધાભાઈ ચૌધરીની પ્રેરણાથી ગામ માણેકપુરના આંગણે અ.નિ. સ.ગુ. સ્વામી કરસનદાસજીએ બંધાવેલ શ્રી સ્વામિનારાયણ મંદિરના ૨૭ માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ભવ્યાતિભવ્ય મહોત્સવ તા. ૨૯-૧-૧૪ થી ૨-૨-૧૪ પર્યંત ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં સ.ગુ. નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત શ્રી ધીરજાખ્યાન પંચાન્હ પારાયણ, સંહિતા પાઠ, ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ, શોભાયાત્રા, રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમ આદિકનું આયોજન થયું હતું.

સમગ્ર મહોત્સવના યજમાનશ્રી ગં.સ્વ. સોનીબા સેંધાભાઈ લવજીદાસ ચૌધરી (મુખી) હ. રમણભાઈ, બળદેવભાઈ, મણીલાલ, મુળજીભાઈ, અમૃતભાઈ, દશરથભાઈ ઈશ્વરભાઈ આદિ પરિવારે અલભ્ય લાભ પ્રાપ્ત કર્યો હતો. સાથો સાથ આ શુભ પ્રસંગે તા. ૨-૨-૧૪ ના રોજ સમસ્ત સત્યાવીસ ગોળ ચૌધરી (આંજણા) સમાજનું ચોખળું કરવામાં આવેલ જેમાં સમસ્ત ચૌધરી સમાજમાંથી ૧૦૦૦૦ થી ૧૫૦૦૦ જ્ઞાતિબંધુઓએ પધારીને મહોત્સવને માણ્યો હતો.

મહોત્સવના ઉપલક્ષમાં શ્રી ધીરજાખ્યાન પંચાન્હ પારાયણના વક્તાપદે સંપ્રદાયના ચાર મૂર્ધન્ય વિદ્વાન સંતો બિરાજ્યાં હતા. જેમાં સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર), સ.ગુ. શા.સ્વા. સૂર્યપ્રકાશદાસજી (વાંકાનેર), સ.ગુ. શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ) અને સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)એ ખૂબ સુંદર કથાનો લાભ ભક્તોને આપ્યો હતો. સમગ્ર મહોત્સવનું માર્ગદર્શન સ.ગુ. સ્વા. દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.પી.પી .સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)એ પુરૂ પાડ્યું હતું.

મહોત્સવના પ્રથમ દિવસે યજમાન પરિવારજનો અને સર્વે ગ્રામજનો એ ઉત્સાહભેર પોથીયાત્રામાં દિવ્યાનંદ પ્રાપ્ત કર્યો હતો અને વાજતે ગાજતે પોથીજીને સભામંડપમાં પધરાવી હતી. ત્યારબાદ પ્રથમ દિવસે ભાઈઓનું સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને બહેનોની સભામાં પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી એ સર્વે બહેનોને દર્શન અને આશીર્વાદનો અલભ્ય લાભ પ્રાપ્ત કરાવ્યો હતો. ત્યારબાદ રોજ ધામોધામથી સંતો પધારી મંગલ પ્રવચન દ્વારા સત્સંગ સુખ આપતા. જેમાં સમગ્ર મહોત્સવ દરમ્યાન નવે ધામથી લગભગ ૧૬૦ જેટલા સંતો પધાર્યા હતા. એની સાથો સાથ

સંપ્રદાયના વિદ્વાન સંતો દ્વારા વ્યાખ્યાનમાળાનું પણ આયોજન કરેલ. જેમાં સ.ગુ. શા.સ્વા. હરિકેશવદાસજી (ગાંધીનગર), સ.ગુ.શા. સ્વામી નિર્ગુણદાસજી (અસારવા), સ.ગુ. શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા મહંતશ્રી), સ.ગુ. શા.સ્વા. હરિૐપ્રકાશદાસજી (નારણપુરા મહંતશ્રી), સ.ગુ. શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજી (કાલુપુર) દ્વારા સુંદર સત્સંગનો લાભ પ્રાપ્ત થયો હતો.

મહોત્સવ દરમ્યાન દરરોજ રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થયેલ. પ્રથમ દિવસે રાસ-ગરબા (જિજ્ઞેશ કવિરાજ બીજા દિવસે માતૃવંદના કાર્યક્રમ (અશ્વિન જોષી) ત્યારબાદ સત્સંગ ડાયરો (ઓસમાન મીર) અને છેલ્લે રાસ-ગરબા (દેવાંગ પટેલ) દરરોજ ગામના તથા આજુબાજુના ગામના મોટી સંખ્યામાં ભક્તોએ રાત્રીય કાર્યક્રમોનો આનંદ માણ્યો હતો. આ મહોત્સવ માત્ર માણેકપુર પુરતો સિમિત ન હતો. એવા આશયથી સમગ્ર મહોત્સવનું લાઈવ ટેલિકાસ્ટ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરની વેબસાઈટ **www.swaminarayan.in** તથા **www.livevisiter.com** પર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગના દર્શન વિદેશના ઘણા ભક્તોએ માણ્યા હતા.

મહોત્સવના છેલ્લા દિવસે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તથા પ.પૂ. ભાવિ આચાર્ય મહારાજશ્રી પ્રસંગને દિપાવવા પધાર્યા હતા. જેમાં સૌ પ્રથમ પૂ. મહારાજશ્રી શ્રી સ્વામિનારાયણ મંદિર (પટેલનું) માં ઠાકોરજીની આરતી ઉતારી શ્રી સ્વામિનારાયણ મંદિર (ચૌધરી) માં ઠાકોરજીનો અભિષેક કરી આરતી ઉતારી ઉતારે પધાર્યા હતા. અને ત્યારબાદ ફરીવાર મંદિરે પધારી અન્નકૂટની આરતી ઉતારી શોભાયાત્રામાં બિરાજમાન થયા હતા. અને ત્યારબાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રી સભામાં બિરાજમાન થયા હતા અને યજમાન પરિવારના નિવાસ સ્થાને પ.પૂ. ગાદીવાળાશ્રીએ બહેનોને દર્શન અને આશીર્વાદ પાઠવ્યા હતા. સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે કથાની પૂર્ણાહુતિ થઈ અને યજમાન પરિવારજનો દ્વારા ધર્મકુળનું પૂજન થયું અને સભામાં બિરાજમાન સંતોમાં પૂ. સ.ગુ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી તથા બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી આદિક સંતોએ આર્શીપ્રવચનનો લાભ આપ્યો હતો. ત્યારબાદ સમાજના આગેવાન સંતો અને ભક્તોએ મહોત્સવના યજમાનપદનો લાભ લેવા નવાજ્યાં હતા. અને છેલ્લે પૂ. આચાર્ય મહારાજશ્રી અને પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યાં હતા. ત્યારબાદ સર્વે જ્ઞાતિબંધુઓએ સમૂહ પ્રસાદ લીધો હતો. મહોત્સવના પાંચેય દિવસ ગામ ધુમાડાબંધ જમણવાર પણ થયો હતો.

સમગ્ર પ્રસંગમાં આયોજક સંતોના મંડળના નાના-મોટા સર્વે સંતોની સેવા પ્રેરણારૂપ હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ચૌધરી અને અને ગામના અન્ય યુવક મંડળના યુવાનોની સેવા અને શ્રી નરનારાયણદેવ મહિલા મંડળની સેવા પ્રેરણારૂપ હતી. સર્વે ભક્તોની સેવાથી મહોત્સવ જીવનનું એક સંભારણું બની ગયો. (સમસ્ત સત્સંગ સમાજ માણેકપુર (ચૌધરીનું))

**જામફળવાડી (રામોલ)માં ઉજવાયો શાકોત્સવ તથા વાર્ષિક પાટોત્સવ**

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી તથા સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ. શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર - જામફળવાડી (રામોલ)નો પ્રથમ વાર્ષિક પાટોત્સવ તથા ભવ્ય શાકોત્સવ તા. ૧૧-૨-૨૦૧૪ ના રોજ ધામધૂમથી ઉજવાયો.

સર્વે ભક્તોએ ભેગા મળી સેવાની ફાળવણી કરી ખૂબ સુંદર પ્રસંગના યજમાન બનવાનો લાભ લીધો હતો. સવારે ૬-૩૦ કલાકે પાટોત્સવના યજમાનશ્રી દ્વારા ઠાકોરજીનું પૂજન અર્ચન અને અભિષેક કરવામાં આવ્યો. ત્યારબાદ સવારે ૮ થી ૯ શ્રી સ્વામિનારાયણ મંદિર મહાદેવનગર દ્વારા અખંડ ધૂન કરવામાં આવી હતી. ૯ વાગે સભાના પ્રારંભ થયો. સભામાં સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી - કાલુપુર મહંતશ્રી તથા સ.ગુ. સ્વા. દેવપ્રકાશદાસજી - નારાયણઘાટ મહંતશ્રી, શા. દિવ્યપ્રકાશદાસજી, સ.ગુ. સ્વા. નિલકંઠદાસજી, શા. કુંજવિહારીદાસજી, વહેલાલથી પધારેલ ચેતન સ્વામી અને શ્રીજી સ્વામી આદિ સંતોએ આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ સંતો દ્વારા શાકોત્સવનો વઘાર થયો હતો અને સભા વિસર્જન બાદ ઠાકોરજી સમક્ષ ૫૬ ભોગ અન્નકૂટની આરતી પૂ. મહંત સ્વામી તથા દરેક યજમાનશ્રીએ ઉતારી હતી. છેલ્લે મોટી સંખ્યામાં સર્વે ભક્તોએ શાકોત્સવનો સમૂહ પ્રસાદ લીધો હતો

સમગ્ર પ્રસંગમાં બાળ મંડળની સેવા પ્રેરણારૂપ હતી. (સમસ્ત સત્સંગ સમાજ - જામફળવાડી)

**સાયરા ગામે પ્રથમ શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી અત્રે સાયરા ગામે પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે સૌ પ્રથમ ભવ્ય શાકોત્સવ ઉજવાયો. જેના પ્રેરક સ.ગુ. મહંત શા. સ્વામી અખિલેશ્વરદાસજી (મથુરા) રહ્યાં હતાં. યજમાનનો લાભ પટેલ હિરાભાઈ રેવાભાઈ હ. રિતેષ રેવાભાઈ આદિ પરિવારે પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. ધામોધામથી પધારેલા સંતો પૈકી બ્ર. શા.સ્વા. હરિસ્વરૂપાનંદજીએ સર્વોપરી ભગવાનનું માહાત્મ્ય કહ્યું હતું. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. કો. સ્વા. સર્વેશ્વરદાસજી અને આનંદસ્વરૂપ સ્વામી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી.

(દિપેન્સ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસાનો ૧૬ મો પાટોત્સવ હરિભક્તોએ સમૂહમાં ઉજવ્યો.

પાટોત્સવ પ્રસંગની તૈયારી પૂજારી સ્વામી વિશ્વેશ્વરદાસજી (મથુરા)એ કરાવી હતી. ઠાકોરજીને અભિષેક અન્નકૂટ અને સંતો દ્વારા કથાવાર્તા થઈ હતી. અત્રેની મહિલા મંડળે સમગ્ર પ્રકારની સેવા કરી ભગવાનને રાજી કર્યા હતા. સમગ્ર આયોજન સ.ગુ. મહંત શા.સ્વા. અખિલેશ્વરદાસજી (મથુરા) એ કર્યું હતું.

(રજનીભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાયડમાં દ્વિતીય શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા.સ્વા. અખિલેશ્વરદાસજીના માર્ગદર્શન પ્રેરણાથી અને અત્રેના કોઠારી શ્રી જગદીશભાઈ પટેલ, શ્રી જગદીશભાઈ જેઠાભાઈ પટેલ, શ્રી મનુભાઈ એન. પટેલ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આદિ સૌના સાથ સહકારથી શ્રી સ્વામિનારાયણ મંદિર બાયડ ખાતે દ્વિતીય ભવ્ય શાકોત્સવ ઉજવાયો. પ્રાસંગિક સભામાં શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીએ સુંદર કથામૃત પાન કરાવ્યું હતું. ધામો ધામના સંતોએ અમૃતવાણીનો લાભ આપેલ. બાયડ અને આજુબાજુના ગામના ભક્તોએ કથામૃત પાન કરી શાકોત્સવને માણ્યો હતો. રોટલા બનાવવાની સુંદર સેવા અત્રેના ગામના તમામ સત્સંગી બહેનોએ કરી હતી. દરેક ગામના હરિભક્તો વતી જેતે ગામના કોઠારીશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. દરેક હરિભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી ધન્ય બન્યા હતા.

(પૂજારી વિશ્વેશ્વરદાસજી, મથુરા)

**હીરાવાડીમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણ કથા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ સ.ગુ. મહંત શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ હીરાવાડીના આયોજનથી તા. ૨૩-૧-૧૪ થી તા. ૨૭-૧-૧૪ પર્યન્ત આગામી શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપક્રમે હીરાવાડીમાં સુંદર રાત્રીય પારાયણ યોજાઈ.

શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે શ્રીમદ્ સત્સંગિજીવન કથાનું (રાત્રીય) સંગીત સાથે કથામૃતપાન કરાવ્યું. આ પ્રસંગે પોથીયાત્રા, જન્મોત્સવ, ગાદી અભિષેક, શ્રી નરનારાયણદેવ પ્રતિષ્ઠા મહોત્સવ વગેરે પ્રસંગો ધામધૂમથી ઉજવાયા. કોટેશ્વર ગુરુકુળના બાળકોએ પણ સુંદર કાર્યક્રમ કરી સૌને આનંદિત કર્યા હતા.

તા. ૨૬-૧-૧૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત-મંડળ સાથે પધાર્યા હતા. અને અત્રે આયોજીત શાકોત્સવનાં શાકનો વઘાર કરી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગમાં સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, બ્ર. પૂ. રાજેશ્વરાનંદજી, સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ) શા. દિવ્યપ્રકાશદાસ, સ.ગુ. સ્વામી લક્ષ્મણજીવનદાસજી, માધવ સ્વામી આદિ ધામો ધામના સંતો પધાર્યા હતા. અમદાવાદ હવેલીના સાંખ્યયોગી બહેનો પણ પધાર્યા હતા. બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજીના હસ્તે શ્રી નરનારાયણદેવ ધાર્મિક પરીક્ષામાં તેમજ માધ્યમિક અને પ્રાથમિક શાળામાં સારા ગુણે ઉત્તિર્ણ થનારને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ સાથેનું પ્રમાણપત્ર સાથે સુંદર ઈનામ આપી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

પારાયણના મુખ્ય યજમાન શ્રી ગણેશભાઈ બહેચરભાઈ પટેલ (વિહાર) હ. ઘનશ્યામભાઈ તથા સતીષભાઈ આદિ સૌનું પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સન્માન કરી આશીર્વાદ આપ્યા હતા. અત્રે એકાદશી સત્સંગ સભાના પોષણ કર્તા શ્રી જયંતીભાઈ અને ગોરધનભાઈને પણ સન્માનિત કર્યા હતા.

(ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરાનો ૨૦ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા શા.સ્વા. માધવ સ્વામી અને તેમના દાદા ગુરુની શુભ પ્રેરણાથી તથા શ્રીમતી ભદ્રાબેન દિલીપભાઈ વકીલ પરિવારના યજમાનપદે નારણપુરા મંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજનો ૨૦ મો પાટોત્સવ તા. ૪-૨-૧૪ થી ૯-૨-૧૪ પર્યન્ત વિધિવત રીતે ઉજવાયો.

આ પ્રસંગે પોથીયાત્રા યજમાનના ઘરેથી નિજ મંદિર પહોંચી હતી. આ દિવસે સાંજે ૭ વાગે પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે બ્રહ્માનંદ હોલનું ઉદ્‌ઘાટન વિધિવત રીતે થયું હતું. છેલ્લે આશીર્વાદ આપતા પ.પૂ. મોટા મહારાજશ્રીએ હોલની પ્રશંસા કરતા કહ્યું કે અમને પણ આ હોલ જોઈ જમવાનું મન થાય છે. એમ કહી ખૂબજ રાજી થયા. શ્રીમદ્ સત્સંગિજીવન પંચદિનાત્મક કથા મહંત શા.સ્વા. હરિૐપ્રકાશદાસજીએ કરીને ભક્તોને સુંદર લાભ આપેલ. અનેક ધામોના સંતો પધાર્યા હતા. તા. ૯-૨-૧૪ ના રોજ સર્વાવતારી બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો ષોડશોપચાર અભિષેક પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદવિધિસર સંપન્ન થયો હતો.

રાત્રે શ્રી જયેશભાઈ સોની, રાજ વકીલ અને જોય વકીલ (યજમાન) દ્વારા ભજન સંધ્યા કાર્યક્રમ થયો હતો. હરિભક્તોને બન્ને સમય પ્રસાદ જમાડવાની સેવામાં શા. માધવ સ્વામીના માર્ગદર્શનથી મુકુન્દ સ્વામી, મુક્તસ્વરૂપ સ્વામી અને દેવ સ્વામી અને મહંત સ્વામીના ભૂદેવ શિષ્યો રહ્યાં હતા.

સભા સંચાલન શા. પ્રેમસ્વરૂપદાસજીએ સુંદર કર્યું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા ત્યારે સૌ ભક્તો આનંદ વિભોર થઈ વધાવ્યા હતા. સમસ્ત સભાને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. મહિલા મંડળ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી.

(વિશાલ ભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ**

પરમકૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી અત્રેના શા.સ્વા. ધર્મવલ્લભદાસજી તથા મહંત સ્વા. હરિવલ્લભદાસજી તથા શા. વ્રજવલ્લભદાસજી સ્વામીની પ્રેરણાથી બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસ વિધિવત રીતે ઉજવાયો. આ પ્રસંગે ભગવાનનું સિંહાસન ફૂલોથી દેદિપ્યમાન સુશોભિત કરી સૌને દર્શન કરાવ્યા હતા.

સૌ પ્રથમ આરતી, મહામંત્ર ધૂન, રાસ અને સંતો દ્વારા બાલ ચરિત્ર કથા કરવામાં આવતી, હરિભક્તો દ્વારા રોજે અવનવા બાળ ભોગ ધરાવતા હતા. તા. ૧૨-૧-૧૪ ના રોજ ઘનશ્યામ મહારાજ સન્મુખ અદ્‌ભુત શાકોત્સવ ઉજવ્યો હતો. જેમાં મહંત સ્વામી અને કોઠારી અમૃતભાઈ પ્રેરક રહ્યાં હતા. અનેક

ભક્તજનોએ સેવા કરી હતી. મકર સંક્રાંતિના સંત-પાર્ષદ મંડળે મંદિરને સુંદર શણગાર્યું હતું. હરિભક્તોને ઘેર ઘેર સંતો-ભક્તો ઝોળીએ ફર્યા હતા. તા. ૨૦-૧-૧૪ ના દિને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી બહેનોને દર્શન આશીર્વાદ આપવા પધાર્યા હતા.

(પ્રવિણભાઈ ઉપાધ્યાય)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મહાદેવનગર શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા આશીર્વાદથી તથા સંતોની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર મહાદેવનગરમાં તા. ૧૭-૧-૧૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ ઉજવાયો. પ્રાસંગિક સભામાં સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (નારણઘાટ મહંતશ્રી), શા. રામ સ્વામી (કોટેશ્વર), સ્વા. હરિકૃષ્ણદાસજી (એપ્રોચ) આદિ સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. હજારો ભક્તજનોએ શાકોત્સવનો પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. સમગ્ર પ્રસંગમાં વ્યવસ્થાપક કમિટી, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળે પ્રેરણારૂપ સેવા બજાવી હતી. સભા સંચાલન શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ સંભાળ્યું હતું. (નટુભાઈ હરગોવનભાઈ કોઠારી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા પંચમ પાટોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી ઉત્તમપ્રિયદાસજી તથા સ.ગુ. સ્વામી નારાયણપ્રસાદદાસજીની શુભ પ્રેરણાથી તેમજ પ.ભ. જસવંતભાઈ કાંતિલાલ મોદી પરિવાર તરફથી શ્રી સ્વામિનારાયણ મંદિરના પંચમ પાટોત્સવનું સુંદર આયોજન થયું હતું. પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી કૃત સિધ્ધિ ગ્રંથની ત્રિદિનાત્મક કથા સંપ્રદાયના સુપ્રસિદ્ધ કથાકાર સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના સુમધુર કંઠે થઈ હતી. કથા પ્રસંગમાં અમદાવાદથી પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. યજમાન પરિવારે પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ સમસ્ત સભાને આશીર્વાદ પાઠવ્યા હતા.

અન્ય સુંદર પ્રસંગોમાં હરિયાગ, જયયાત્રા, મહાભિષેક, મહા નૈવેદ્ય, ષોડશોપચાર પૂજા, ધર્મકુળ પૂજન, સંત પૂજન આદિ પ્રસંગોના દર્શન કરી હરિભક્તો ભાવ વિભોર બન્યા હતા.

(હિતેન્દ્રભાઈ રાઓલ)

**મણીનગર (સોજા) ગામે શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં સૌ પ્રથમ સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી મણીનગર (સોજા) ગામે તા. ૧૯-૨-૧૪ ના રોજ શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં સૌ પ્રથમ સત્સંગ સભા થઈ હતી. જેમાં શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી), શા. રામ સ્વામી (કોટેશ્વર), શા. ચૈતન્યસ્વરૂપદાસજી અને નિલકંઠ સ્વામી આદિ સંતોએ કથા વાર્તા કરી હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કીર્તન ભક્તિ કરી હતી. ૩૦૦ જેટલા ભક્તજનોએ સભાનો લાભ લીધો હતો.

(કોઠારી મોતીભાઈ)

**મારૂસણા ગામે શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા આશીર્વાદથી તથા અ.નિ. સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજીની દિવ્ય પ્રેરણાથી મારૂસણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૯-૧-૧૪ ના રોજ હરિભક્તોએ સાથે મળી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કથા કીર્તન આદિ કરીને શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં સુંદર સભાનું આયોજન કર્યું હતું.

(કોઠારીશ્રી, મારૂસણા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઉવારસદ દ્વિતીય પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ પૂજ્ય શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરવાળા)ના માર્ગદર્શનથી ઉવારસદ શ્રી સ્વામિનારાયણ મંદિર (ભાઈઓ-બહેનોનું ૧૧૪ વર્ષ જુનું) નો દ્વિતીય પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

પાટોત્સવ અંતર્ગત યજમાન પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ શકરાભાઈ પટેલ તથા કથાના યજમાનશ્રીના ઉત્સાહથી સ.ગુ. બ્ર. વાસુદેવાનંદ સ્વામી કૃત શ્રીમદ્ સત્સંગિભૂષણ શાસ્ત્રની કથા તા. ૧-૨-૧૪ થી તા. ૫-૨-૧૪ પર્યન્ત કથાકાર સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીના મધુર કંઠે સંગીત સાથે થઈ હતી.

તા. ૫-૨-૧૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક, અન્નકૂટ આરતી આદિ થયા હતા. સમગ્ર પ્રસંગમાં પૂજ્ય શાસ્ત્રી પી.પી. સ્વામી, પૂ. કે.પી. સ્વામી (જેતલપુર) આદિ સંત મંડળનો સંપૂર્ણ સહયોગ રહ્યો હતો. ધામો ધામના સંતો પૈકી અમદાવાદથી પૂ. શાસ્ત્રી સ્વામી જગતપ્રકાશદાસજી, શા. સ્વા. પૂર્ણપ્રકાશદાસજી, શા. સ્વા. નારાયણપ્રસાદદાસજી (મૂળી), પૂ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂ. શા. હરિૐ સ્વામી, પ્રેમસ્વરૂપ સ્વામી, દેવ સ્વામી, રામ સ્વામી, પૂ. યોગી સ્વામી, અને શા. હરિપ્રકાશ સ્વામી આદિ સંતો પધાર્યા હતા.

બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા. સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા કહ્યું કે યુવાનોમાં સત્સંગ ખૂબ વધે અને નવી પેઢીમાં સત્સંગ ઉતરોત્તર વૃદ્ધિ પામે અને દેવ પ્રત્યેની નિષ્ઠા વધે તેવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પાંચેય દિવસ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. છેલ્લે ભાઈઓ અને બહેનોના મંદિરમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ અન્નકૂટ આરતી ઉતારી હતી. આ પ્રસંગમાં શાકોત્સવ પણ ધામધૂમથી ઉજવ્યો હતો. સભા સંચાલન સ.ગુ. કોઠારી શા. યજ્ઞપ્રકાશદાસજી

(કાંકરિયા)એ સુંદર રીતે સંભાળ્યું હતું.

ગામ અને આજુબાજુના ગામના ઘણા હરિભક્તોએ કથા, દર્શન અને પ્રસાદનો લાભ લઈ ધન્યભાગી બન્યા હતા. છેલ્લે આભાર વિધિ પ.ભ. ઘનશ્યામભાઈ પટેલે કરી હતી.

(કોઠારીશ્રી બાબુભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વણઝરમાં શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. સ્વા. સ્વયંપ્રકાશદાસજીની પ્રેરણાથી તા. ૨-૨-૧૪ ના રોજ અત્રે પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે સુંદર શાકોત્સવ ઉજવાયો. પ્રાસંગિક સભામાં યજમાન હરિભક્તો પ.ભ. અરવિંદભાઈ ઠક્કર, શ્રી રાજુભાઈ ઠક્કર, શ્રી પ્રકાશભાઈ, શ્રી નિતીનભાઈ, રમણભાઈ કોઠારી અને જેઠાભાઈ આદિ હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીની આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. ધામોધામથી પધારેલા સંતો પૈકી સ.ગુ. શા.સ્વામી જગતપ્રકાશદાસજી અને શા. હરિૐ સ્વામીએ મહારાજના વખતમાં થયેલા ઉત્સવોની પરંપરા જણાવી હતી. સભા સંચાલન આનંદ સ્વામીએ કર્યું હતું. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(કોઠારી રમણભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નાંદોલ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર નાંદોલનો પાટોત્સવ શાકોત્સવ વિધિવત રીતે ઉજવાયા હતા. આ પ્રસંગે પૂ. ધ્યાની સ્વામીના સંત મંડળે કથાવાર્તા કરી હરિભક્તોએ રાજી કર્યા હતા. પાટોત્સવના યજમાન શ્રી દોલભાઈ અને શાકોત્સવના યજમાનશ્રી રમણભાઈ છોટાભાઈ રહ્યાં હતાં. કનીપુર, વર્ધાના મુવાડા, સલકી, દહેગામ આદિ ગામોના હરિભક્તોએ લાભ લીધો હતો. બહેનોએ અન્નકૂટની સુંદર સેવા બજાવી હતી. કોઠારી વિષ્ણુભાઈ આદિ હરિભક્તોની સેવા પ્રેરણારૂપ હતી. (કોઠારીશ્રી)

**આનંદપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર આનંદપુરામાં તા. ૨૬-૧-૧૪ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી શાકોત્સવ ઉજવાયો. સમગ્ર પ્રસંગમાં શા.સ્વા. સિધ્ધેશ્વરદાસજી અને માધવ સ્વામી માર્ગદર્શક-પ્રેરક રહ્યાં હતાં. ધામો ધામથી સંતોએ પધારી હરિભક્તોને કથાવાર્તાનું સુખ આપ્યું હતું. સભા સંચાલન શા. માધવ સ્વામીએ સંભાળ્યું હતું. (સાધુ જયવલ્લભદાસ)

**શ્રી નરનારાયણદેવ મહોત્સવના ઉપલક્ષમાં આજીવન સભ્યો બનાવવાની ઝુંબેશ**

આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવ મહામહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ માસિકના આજીવન સભ્યો (૧૧૦૦૦ બનાવવાની ઝુંબેશ પૈકી) બનાવવાની સુંદર ઝુંબેશ ચાલું છે. હમણાં મૂળી દેશના લીલાપુર ગામે મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે અને ભક્તિનગર (હળવદ) ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં સ્વામી ભક્તિહરિદાસજી આદિ સંતોની પ્રેરણાથી ધ્રાંગધ્રાના અંકના પ્રતિ. પ.ભ. અનીલભાઈ દુધરેજીયા દ્વારા ૯૦ જેટલા આજીવન સભ્યો બન્યા છે.

અંકના તમામ પ્રતિનિધિઓને પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ખાસ અનુરોધ છે કે આપ સૌ આજીવન સભ્યો બનાવવાની પ્રવૃતિ ગામોગામ શરૂ કરી દેશો.

**બાલવામાં ૪૨ માં જન્મોત્સવની પ્રથમ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા પ.પૂ. ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં આગામી સપ્ટેમ્બર માસમાં ભવ્ય ગાદીઅભિષેક દશાબ્દી મહોત્સવ તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના કલોલ ખાતે યોજાનાર ૪૨ માં જન્મોત્સવના ઉપલક્ષમાં બાલવા ખાતે પ્રથમ સત્સંગ સભા સદ્. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર)ની પ્રેરણાથી પ.ભ. શ્રી ઉદયનભાઈ મહારાજા (વિસનગર)ના માર્ગદર્શનમાં થઈ. જેમાં ભગવાનનું બળ, ધર્મકુળનો આશરો તથા માનવ દેહની દુર્લભતા ઉપર ઉપદેશાત્મક કથાનું રસપાન કરાવ્યું. તેમજ કેનેડા આઈ.એસ.એસ.ઓ. ના પ્રેસિડેન્ટશ્રી દશરથભાઈ ચૌધરીએ પણ કેનેડા સત્સંગમાં પ્રતિષ્ઠા ઉત્સવ વખતે શોભાયાત્રામાં પ.પૂ. મહારાજશ્રી પધાર્યા ત્યારે વરસાદ બંધ થઈ ગયો હતો. તે પ્રસંગો તાજા કર્યા હતા. વિસનગર યુવક મંડળ તથા બાલવા યુવક મંડળ દ્વારા આગામી ઉત્સવની સફળતા માટે તન, મન ધનથી જોડાવવાની હાકલ કરી હતી. પ્રસંગને સફળ બનાવવા શ્રી સ્વામિનારાયણ મહામંત્ર લેખન કાર્યની શરૂઆત થઈ ગયેલ છે.

(કોઠારશ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી વસંત પંચમી પાટોત્સવ રંગોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત સ્વામી શ્યામસુંદરદાસજીની પ્રેરણાથી મૂળીમાં શ્રીહરિએ સ્વહસ્તે પધરાવેલ મહાપ્રતાપી દેવ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો ૧૯૧ મો પાટોત્સવ પ.ભ. રમેશભાઈ રણછોડલાલ મારફતીયા (અમદાવાદ-હાલ અમેરિકા) પરિવારના યજમાનપદે ધામધૂમથી સંપન્ન થયો.

આ પ્રસંગે શ્રી શિક્ષાપત્રી ભાષ્ય પંચાન્હ પારાયણ તા. ૩૧-૧-૧૪ થી તા. ૪-૨-૧૪ પર્યન્ત સ.ગુ. શા.સ્વા. સૂર્યપ્રકાશદાસજીના વક્તાપદે થઈ હતી. જેના યજમાન પ.ભ. કાંતાબેન ધનજીભાઈ વિરજીભાઈ હિરાણી રહ્યાં હતાં. વસંત પંચમીના પ્રાતઃ ૬-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો મહાભિષેક ષોડશોપચારપૂર્વક થયો હતો. ત્યારબાદ હરિયાગની પૂર્ણાહુતિ અને અન્નકૂટ આરતી ઉતારી હતી. બહેનોને દર્શન આશીર્વાદ

આપવા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપગાદીવાળાશ્રીબા પધાર્યા હતા.

સ.ગુ. બ્રહ્માનંદ સભા મંડપમાં વિશાળ સભામાં અમદાવાદ, ભૂજ, જેતલપુર અને મૂળીના સંતોએ હૃદયપૂર્વક અંતરના ઉદ્‌ગારો કહ્યાં કે હરિભક્ત માત્રે પોતાની આજીવિકાનો દશાંશ-વિશાંસ ભાગ શ્રીહરિ સ્થાપિત મહા મંદિરોમાં જ આપવો. જે દેવના તાબા નીચેના હોય તે જ મંદિરમાં ધર્માદો આપવો એવી ખાસ ટકોર સાથે ભલામણ કરી હતી. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ કહ્યું કે દેવના થઈને રહેવામાં જ આપણું કલ્યાણ છે. એમ કહી રૂડા આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ મંદિરના વિશાળ ચોકમાં ભવ્ય શમિયાણામાં વસંત પંચમીનો રંગોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમપૂર્વક ઉજવાયો. હરિભક્તો મન મૂકીને કેસૂડાના રંગે રંગાયા. સભા સંચાલન શૈલેન્દ્રસિંહ ઝાલાએ કર્યું અને રસોડાની તમામ વ્યવસ્થા કોઠારી કૃષ્ણવલ્લભ સ્વામીના માર્ગદર્શન મુજબ સુંદર રીતે સંપન્ન થઈ. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**ઘનશ્યામનગર મંદિર પ્રથમ પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી તથા મૂળી મંદિરના અ.નિ. સ.ગુ. સ્વામી હરિનારાયણદાસજીના મંડળના સંતોની પ્રેરણાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરનો પ્રથમ પાટોત્સવ તા. ૨૧-૧-૧૪ ના રોજ વિધિવત રીતે ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ તા. ૧૭-૧-૧૪ થી તા. ૨૧-૧-૧૪ પર્યન્ત સ.ગુ.શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજીના વક્તાપદે થઈ હતી. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. અને તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ આરતી અને કથાની પૂર્ણાહુતિ અને શાકોત્સવ વિધિવત રીતે ઉજવાયા હતા. બહેનોના આગ્રહભર્યા આમંત્રણથી પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને બહેનોને દર્શન આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા.

પારાયણ પ્રસંગમાં આવતા ઉત્સવો સુંદર રીતે ઉજવ્યા હતા. પ્રસંગનું સંચાલન શા. ભક્તિવિહારીદાસે કર્યું હતું. રાત્રે દરરોજ વિદ્વાન સંતોના વ્યાખ્યાન થયા હતા. સમગ્ર આયોજન કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીના માર્ગદર્શનથી થયું હતું. ઉત્સવના પ્રેરક શા.સ્વા. ધર્મવલ્લભદાસજી અને શ્રીજીસ્વરૂપ સ્વામી રહ્યાં હતાં. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**લીલાપુર (તા. હળવદ)માં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ સહ પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર લીલાપુર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં તા. ૨૯-૧-૧૪ થી તા. ૧-૨-૧૪ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણનું સુંદર આયોજન થયુ હતું. આ પ્રસંગમાં સમગ્ર ધર્મકુળે પધારીને ગામને દિવ્યમય બનાવ્યું હતું. તા. ૧-૨-૧૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે (ભાઈઓના મંદિરમાં) ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા, શ્રીહરિયાગની પૂર્ણાહુતિ સાથે કથાની પણ પૂર્ણાહુતિ થઈ હતી. મહોત્સવનું સમગ્ર આયોજન મૂળી ધામના સ.ગુ. સ્વા. ભક્તિહરિદાસજી અને શાસ્ત્રી સ્વામી ધર્મવલ્લભદાસજીએ કર્યું હતું. સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. ધામો ધામના ૨૭૫ જેટલા સંતો, સાંખ્યયોગી બાઈઓ અને હજારો ભક્તજનો પધાર્યા હતા. બહેનોને આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા. સભા સંચાલન ભક્તિનંદન સ્વામીએ કર્યું હતું. સમગ્ર ગામે તન, મન અને ધનથી સેવા કરી શ્રીહરિ અને ધર્મકુળનો રાજીપો મેળવ્યો હતો. (પ્રતિ. અનિલભાઈ દુધરેજીયા)

**ભક્તિનગર (હળવદ) શ્રી સ્વામિનારાયણ મંદિર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર નવા ઈશનપુર (ભક્તિનગર) ગામે તા. ૨૨-૨-૧૪ ના રોજ અલૌકિક દુધપાક મહોત્સવ ઉજવાયો.

આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને તેઓશ્રીના વરદ્ હસ્તે દુધપાક ઉત્સવ ઉજવાયો. સમસ્ત ગામને રૂડા આશીર્વાદ આપી રાજી થયા. ધામો ધામના સંતોમાં સ.ગુ. સ્વામી શ્યામસુંદરદાસજી (મૂળી મહંતશ્રી) કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, ભક્તિહરિદાસજી સ્વામી, ચરાડવા મહંત સ્વામી આદિ સંતો પધાર્યા હતા. શ્રીજીસ્વરૂપ સ્વામી અને તેમના સંત મંડળે સુંદર સેવા કરી હતી. હળવદ દેશના હરિભક્તોએ ઉત્સવને માણ્યો અને ધન્ય ધન્ય બન્યા. ગામના તમામ ભક્તોની સેવા પ્રેરણારૂપ હતી. (પ્રતિ. અનીલભાઈ)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર વિહોકનમાં**

**પ.પૂ. મોટા મહારાજશ્રી**

શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુજર્સી વિહોકનમાં ૧૫ ફેબ્રુઆરી શનિવારના સાંજના શ્રી નરનારાયણદેવ ગાદીના ૬ઠ્ઠા (નિવૃત) આચાર્ય પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી, પૂ. બિન્દુરાજા અને તેમના ચિ. શ્રી સુવ્રતકુમાર અને ચિ. સૌમ્યકુમાર પધાર્યા હતા. આ પ્રસંગે આપણા આઈ.એસ.એસ.ઓ. ના દરેક ચેપ્ટરોમાંથી હરિભક્તો અને સંતો પણ ઉપસ્થિત રહ્યાં હતા. સૌ પ્રથમ પ.પૂ.મોટા મહારાજશ્રીએ મંદિરમાં બિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારી સૌને દર્શનનો મહા અલૌકિક લાભ આપ્યો. ત્યારબાદ પૂ. બિન્દુરાજાના બન્ને ચિરંજીવી શ્રી સુવ્રતકુમાર અને શ્રી સૌમ્યકુમારના ૧૧ માં જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ન્યુજર્સીના મેયર પી. ટર્નર તથા ડે. મેયરે પધારીને બન્ને ભાઈઓના બર્થડેની ઉજવણીમા શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે ઠાકોરજીનું સિંહાસન લાઈટ રોશની અને ફુલોથી સુંદર શણગાર્યું હતું. સભામાં સૌ પ્રથમ મહામંત્ર ધૂન, કીર્તન ભક્તિ બાદ પધારેલા સંતોએ બન્ને ભાઈઓને આશીર્વાદ સાથે શુભેચ્છા પાઠવી હતી. ન્યુજર્સીના મહંત સ્વામી, પૂજારી સ્વામી તેમજ આપણા દરેક મંદિરોના મહંત સ્વામીઓએ ફુલહાર

પહેરાવી શુભેચ્છા વ્યક્ત કરી હતી. સુંદર કેક બનાવીને પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ મોટા ગાદીવાળાશ્રી (બહેનોના વિભાગમાં) પૂ. બિન્દુરાજા તથા શ્રી સુવ્રતકુમાર, શ્રી સૌમ્યકુમાર તથા પૂજ્ય સંતો બન્ને મેયરશ્રી, અને પ.ભ. પ્રહલાદભાઈ આદિ સૌ હરિભક્તોએ કેક કાપીને જન્મોત્સવ ઉજવ્યો હતો. સભા સંતોએ અને હરિભક્તોએ શુભેચ્છા સાથે પ.પૂ. મોટા મહારાજશ્રી સત્સંગમાં જે કાર્ય કર્યું છે તે ન ભૂતો ન ભવિષ્યતિ છે. એમ કહી ભગવાન સર્વોપરિ શ્રીહરિની વાતો કરી હતી.

છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ સૌ હરિભક્તોની શુભેચ્છા-આશીર્વાદથી અતિ રાજી થઈ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સૌ સંત હરિભક્તોએ દર્શન બાદ પ્રસાદ ગ્રહણ કરી વિદાય થયા હતા. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો (ઈટાસ્કા)**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. મહંત જે.પી. સ્વામી તથા શાસ્ત્રી સ્વામી વિશ્વવિહારીદાસજીની પ્રેરણાથી તથા સર્વે હરિભક્તોના સંપૂર્ણ સાથ સહકારથી શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગોમાં શાકોત્સવ તથા વસંત પંચમીના શિક્ષાપત્રી જયંતી ઉત્સવ ધામધૂમ પૂર્વક ઉજવાયા.

અહી ઠંડી અને બરફની વર્ષા વચ્ચે પણ અનેક ભક્તો દર્શન કરવાનું ચૂક્યા ન હતા. શાકોત્સવના દિવસે બન્ને સંતોએ ઠાકોરજી સમક્ષ જાણે સ્વયં ભગવાન શ્રીહરિ શાક વધારતા હોય અને તેની સુગંધ આખા બ્રહ્માંડમાં પ્રસરતી હોય, બાજરાના રોટલા બહેનો કરતા હોય આવા અલૌકિક દર્શન કરી હજારો ભક્તજનો ભાવ વિભોર બની ગયા હતા. શાસ્ત્રી સ્વામીએ શાકોત્સવનો અનેરો મહિમા કહ્યો હતો.

વસંત પંચમી શિક્ષાપત્રી જયંતી ઉત્સવ સભામાં ૨૧૨ શ્લોકોનું સંતો-હરિભક્તોએ પાઠ કરી પૂજન કરી સુંદર રીતે ઉજવ્યો. સંતોએ શિક્ષાપત્રીનું સુંદર માહાત્મ્ય સમજાવ્યું અને તેને જીવનમાં આચરણ દ્વારા ઉતારવા ખાસ ભારપૂર્વક જણાવ્યું. સમગ્ર ધર્મકુળના રાજીપાથી સત્સંગ પ્રતિદિન વૃદ્ધિ પામતો જાય છે. (વસંત ત્રિવેદી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટનમાં સત્સંગ શિબિર**

આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન ખાતે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી શનિ-રવિ વિકેન્ડમાં મહંત સ્વામી દિવ્યપ્રકાશદાસજી અને સ્વામી ઘનશ્યામદાસજીના માર્ગદર્શન મુજબ સત્સંગ શિબિર સુંદર રીતે સંપન્ન થઈ. સૌ પ્રથમ મહામંત્ર ધૂન, કીર્તન બાદ સર્વોપરી ભગવાન શ્રીહરિની લીલા ચરિત્ર કથા થઈ હતી. મહંત સ્વામીએ ધનુર્માસમાં યમદંડની કથાનો લાભ આપેલ. સ્વામીએ આજના સત્સંગમાં સેવા કરનાર ડૉ. સુધાકર, શ્રી મનજીભાઈ આદિ ભક્તોનું સન્માન કરી નવાજ્યા હતા. છેલ્લે જનમંગલના પાઠ, થાળ આરતી કરી પ્રસાદ ગ્રહણ કરી સૌ છૂટા પડ્યા હતા. ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં શિબિરમાં જોડાયા હતા. (ઘનશ્યામ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં શાકોત્સવ**

શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ગત માસના છેલ્લા શનિવારના સાંજના ૫ થી ૮ દરમ્યાન મહંત શા. સ્વામી ધર્મકિશોરદાસજી તથા શા. વ્રજભૂષણદાસજીની પ્રેરણાથી સૌ હરિભક્તોએ સાથે મળી ઠાકોરજી સમક્ષ ભવ્ય શાકોત્સવ ઉજવ્યો હતો. ઠાકોરજી સમક્ષ આબેહૂબ શ્રી ઘનશ્યામ મહારાજ શાક બનાવતા હોય અને શ્રી નરનારાયણ ભગવાન શાકોત્સવની સામગ્રી આપતા અલૌકિક દર્શન કરાવ્યા હતા. સત્સંગી યુવાનોની સેવા અદ્ભુત હતી. શા. ડી.કે. સ્વામીએ શાકોત્સવની લીલાની કથા સંભળાવી હતી. વસંત પંચમીના સ્વામીએ શિક્ષાપત્રીનું પૂજન અર્ચન કર્યું હતું. સેવા કરનાર યજમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. અનેક હરિભક્તોએ દર્શન કરી પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. (શા. ડી.કે. સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એટલાન્ટા**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર એટલાન્ટામાં વસંત પંચમીના ઠાકોરજી સમક્ષ શિક્ષાપત્રીનું પૂજન-અર્ચન આરતી-સંત હરિભક્તોએ વિધિવત રીતે કરીને સભામાં સમૂહમાં ૨૧૨ શ્લોકોનું પઠન કર્યું હતું. સમગ્ર આયોજન હરિભક્તોના સાથ સહકારથી મહંત સ્વામી સત્યપ્રકાશદાસે કર્યું હતું. શાકોત્સવ પ્રસંગે ઠાકોરજીને સફેદ વાઘાના દર્શન કરાવી રીંગણનું શાક અને બાજરાના રોટલા બનાવતા દર્શન કરાવ્યા હતા. શાકોત્સવના યજમાન શ્રી મુકેશભાઈ પટેલ (વડુંવાળા) રહ્યાં હતા. અન્ય બીજા ભક્તો પણ યજમાન બન્યા હતા. બીજી સુંદર પ્રસાદ બનાવવાની કામગીરી શ્રી રાજેશભાઈ પટેલ, (ડાંગરવાવાળા) પરિવાર અને નાના મોટા દરેક ભક્તોએ સેવા કરી દર્શન કરી પ્રસાદ ગ્રહણ કરી શ્રીજી મહારાજ અને ધર્મકુળનો રાજીપો મેળવ્યો હતો.

(સત્યપ્રકાશ સ્વામી)

**કંટકી લુઈઝ વિલેમાં શાકોત્સવ**

શ્રી નરનારાયણદેવ સ્વામિનારાયણ મંદિર અમદાવાદ ગાદીના તાબા હેઠળ આવેલા કંટકી લુઈઝ વિલેમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત શા.સ્વામી ધર્મવલ્લભદાસજી તથા હરિનંદન સ્વામીની પ્રેરણાથી ફેબ્રુઆરી માસના પ્રારંભમાં ઠાકોરજી સમક્ષ શાકોત્સવની ભવ્ય ઉજવણી થઈ હતી. અહીં પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે ટૂંકા સમયમાં મંદિરની પ્રતિષ્ઠા થનાર છે. શાકોત્સવમાં સ્થાનિક અને આજુબાજુના શહેરમાંથી ભક્તોએ લાભ લીધો હતો. પ્રમુખશ્રી વિષ્ણુભાઈ અને યુવાન હરિભક્તો તેમજ મહિલા મંડળની સુંદર સેવા સાંપડી હતી. અનેક ભક્તોએ યજમાન બની સેવા કરી હતી. સંતોએ શાકોત્સવનું માહાત્મ્ય કહ્યું હતું. સૌ ભક્તોએ દર્શન કરી કથામૃત પાન કરી શાકોત્સવનો પ્રસાદ લઈ વિદાય થયા હતા.

(પ્રવિણ શાહ)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| પોષ સુદ-૧ | અ.નિ. બળદેવભાઈ ડાહ્યાભાઈ પટેલ (અડદીયો) | અમદાવાદ |
| પોષ સુદ-૨/૩ | અ.નિ. વાઘુભા કરણસિંહ રાણા પુણ્યતિથિ નિમિત્તે (ચુરમાના લાડુ) | |
| પોષ સુદ-૪ | જબુબેન ગોવિંદભાઈ પટેલ (અડદીયો) | અમદાવાદ |
| પોષ સુદ-૫ | અરવિંદભાઈ કાંતિલાલ પટેલ (દૂધપાક) | કરજીસણ |
| પોષ સુદ-૫ | સોની ચંદુલાલ હિરાલાલ (મોહનથાળ) | અમદાવાદ |
| પોષ સુદ-૫ | દેવતીબેન ભરતભાઈ વરસાણી (ચુરમાના લાડુ) | ભુજ-કચ્છ |
| પોષ સુદ-૫ | સામબાઈ નાથાભાઈ વરસાણી (મોહનથાળ) | સામત્રા |
| પોષ સુદ-૬ | અ.નિ. વિમલ કરશનભાઈ વેકરીયાના સ્મરણાર્થે (ચુરમાના લાડુ) | માંડવી |
| પોષ સુદ-૭ | રેવાબેન પ્રભુદાસ પટેલ (મોહનથાળ) | હિંમતનગર |
| પોષ સુદ-૧૦ | અ.નિ. માતુશ્રી ગં.સ્વ. જ્યોતિબેન અંબાલાલ પટેલ (બુંદીના લાડુ) | અમદાવાદ |
| પોષ સુદ-૧૨ | પટેલ શંકરભાઈ રામદાસભાઈ (અડદીયો) | બાપુનગર |
| પોષ સુદ-૧૨ | કલ્પનાબેન વિજયભાઈ જોષી (મોહનથાળ) | અમદાવાદ |
| પોષ સુદ-૧૨ | પ્રદિપાબેન નારાણભાઈ પટેલ (મોહનથાળ) | અમદાવાદ |
| પોષ સુદ-૧૨ | અનિલ ભરતભાઈ પટેલ (મોહનથાળ) | અમદાવાદ |
| પોષ સુદ-૧૨ | પટેલ કચરદાસ સોમદાસ પટેલ (મોહનથાળ) | રાણીપ |
| પોષ સુદ-૧૩ | સૂરેખાબેન ભરતભાઈ પટેલ (દૂધપાક) | કડી |
| પોષ સુદ-૧૩ | બ્રહ્મભટ્ટ વિજય છોટાલાલ (ચુરમાના લાડુ) | વડોદરા |
| પોષ સુદ-૧૪ | ઠક્કર માધવલાલ મોહન નાનાલાલ (અડદીયો) | વિસલપુર |
| પોષ સુદ-૧૪ | અ.નિ. ગૌરીબેન (અડદીયો) | સુરત |
| પોષ સુદ-૧૪ | મનજી વિશ્રામ વરસાણી (અડદીયો) | બળદીયા-કચ્છ |
| પોષ સુદ-૧૪ | અ.નિ. જમનાબેન ગોવિંદભાઈ ઉગામેડીવાળા (ચુરમાના લાડુ) | ભાવનગર |
| પોષ સુદ-૧૪ | પટેલ કોકીલાબેન જયંતિભાઈ (બુંદીના લાડુ) | ડાંગરવા |
| પોષ સુદ-૧૪ | પ્રહલાદભાઈ બ્રહ્મભટ્ટ (અડદીયો) | નારણપુરા |
| પોષ સુદ-૧૪ | ભવનીકાબા ઈન્દ્રવિજયસિંહ ચુડાસમા (અડદીયો) | અમેરિકા |
| પોષ સુદ-૧૪ | એક હરિભક્ત (અડદીયો) | અમદાવાદ |
| પોષ સુદ-૧૪ | અ.નિ. પાર્ષદ મુકુંદ ભગત (અડદીયો) | વાવોલ |
| પોષ સુદ-૧૫ | ધનજીભાઈ (મોહનથાળ) | મહુવા |
| પોષ વદ-૧ | રઘુવિરજીભાઈ અમીન (મોહનથાળ) | અમદાવાદ |
| પોષ વદ-૩ | પુનિત ઈશ્વરભાઈ પટેલ (ડ્રાયફ્રુટ હલવો) | અમદાવાદ |
| પોષ વદ-૩ | અ.નિ. શારદાબેન જયંતિલાલ મીસ્ત્રી (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| પોષ વદ-૩ | પટેલ શ્લોક દિલીપભાઈ (અડદીયો) | હિંમતનગર |
| પોષ વદ-૩ | યુવરાજ કૃણાલભાઈ પટેલ (અડદીયો) | બાયડ |
| પોષ વદ-૩ | પટેલ રેવાબેન હીરાદાસ (ચુરમના લાડુ) | મોખાસણ |
| પોષ વદ-૪ | ટ્રોઈ સમીરભાઈ ચૌધરી (સાટા-જલેબી) | બાલવા |
| પોષ વદ-૪ | પટેલ ભગવાનદાસ ચુનીલાલ (મગશ) | અમદાવાદ |
| પોષ વદ-૭ | જીગ્નેશ પી. રાઠોડ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| પોષ વદ-૭ | અ.નિ. રતિભાઈ પરષોત્તમદાસ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| પોષ વદ-૭ | ડૉ. કનુભાઈ એન્જીનીયર (અડદીયો) | અમદાવાદ |
| પોષ વદ-૭ | સોનલબેન કે. પટેલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| પોષ વદ-૧૦ | પટેલ ભગવાનભાઈ બળદેવભાઈ (સાટા-જલેબી) | રાણીપ |
| પોષ વદ-૧૦ | હર્ષદભાઈ એ. પટેલ (મગસ) | અમદાવાદ |
| પોષ વદ-૧૦ | સ્વામિનારાયણ મંદિર મેલબોર્ન (સાટા-જલેબી) | ઓસ્ટ્રેલીયા |
| પોષ વદ-૧૨ | ભગાભાઈ પટેલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| પોષ વદ-૧૨ | પટેલ ભોગીલાલ જેઠાભાઈ (મૈસુબ) | લાલોડા |
| પોષ વદ-૩૦ | અ.નિ. રતનબેન જાદવજીભાઈ પટેલ (મગસ) | માંડવી-કચ્છ |
| પોષ વદ-૩૦ | પ્રશાંત સુરેશભાઈ સોનાણી (મગશ) | અમદાવાદ |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૭૭૭/- મૂળજીભાઈ કાચા ટેલર શ્રીજી પ્રસન્નાર્થે — લેસ્ટર (યુ.કે.)

૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ — ધૂળકોટ-નાઈરોબી
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે

૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ — દહેગામ
માસિક પુણ્ય તિથિ નિમિત્તે

૧૦૧/- અ.નિ. પરમાર અશ્વિનભાઈ ધીરુભાઈના સ્મરણાર્થે — જાંબુડી

૧૦૧/- પટેલ સવિતાબેન મનસુખભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — હઠીપુરા

૧૦૧/- પટેલ દિપકભાઈ ઘનશ્યામભાઈ — અમદાવાદ
તા. ૮-૨-૧૪ જન્મ દિને

૧૦૦/- બ્રહ્મભટ્ટ અશોકકુમાર વ્રજલાલ શ્રીજી પ્રસન્નાર્થે — કરજીસણ

૧૦૧/- પટેલ અંકિતકુમાર વિનોદચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે — કપડવંજ

૧૦૧/- પટેલ પુષ્પાબેન વિનોદચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે — કપડવંજ

૧૦૦/- પટેલ આરુષિ આશિષકુમાર શ્રીજી પ્રસન્નાર્થે — કનીપુર

૧૦૦/- દરજી મનોજભાઈ અશોકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — નરોડા

૧૦૧/- પટેલ કોમલબેન મહેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — લાલોડા

૨૦૦/- ભાવસાર વિશાલાબેન પ્રવિણભાઈ લગ્ન પ્રસંગે — ગોઝારીયા

૫૦૧/- અમીન બંસરી રિપલ શુભ લગ્ન પ્રસંગે — બારેજા

૨૦૦/- પટેલ ભરતભાઈ મંગળભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે — સોજા

૨૦૦/- જાડેજા વિ.જે શ્રીજી પ્રસન્નાર્થે — આદીપુર (કચ્છ)

૨૦૧/- પટેલ રિઆન પ્રતિકભાઈ જન્મ દિને — આનંદપુરા

૫૦૧/- સિંધવ મહેન્દ્ર વલ્લભભાઈ અમરશીભાઈ — બળોલ-ભાલ
કંપનીમાં જોબ મળી તે નિમિત્તે

૨૦૦/- પટેલ મહેશભાઈ ઉમેદભાઈ ચિ. જસ્મીનના લગ્ન પ્રસંગે — નાંદોલ

૨૦૧/- પટેલ મંજુલાબેન રસિકલાલ — વડુ
ચિ. પૌત્ર ઓમ કાર્તિકકુમારના જન્મ પ્રસંગે

૨૦૧/- પટેલ યુગ સંદિપભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — સાયલા

૫૦૦/- પટેલ કંકુબેન ગોકળદાસના સ્મરણાર્થે (હ. કિરીટભાઈ) — લવારપુર

૧૦૧/- અમીન યોગેન્દ્રકુમાર ઠાકોરલાલ — ચલોડા
ચિ. આશિષે ઑસ્ટ્રેલીયા મકાન રાખ્યું તે નિમિત્તે

૧૦૧/- પટેલ ડાહ્યાભાઈ બેચરભાઈ — માઢવા
ચિ. પૌત્રી હર્નિશાના લગ્ન પ્રસંગે

૧૧૧/- અ.નિ. મોદી ચંચળબેન રણછોડલાલ શ્રીજી પ્રસન્નાર્થે — મહેસાણા

૧૦૦/- ડાભી રાજાજી બાદરજીના સ્મરણાર્થે — ડાંગરવા

૫૦૧/- પટેલ લાલભાઈ શંકરભાઈ — સાબરમતી
ચિ. પુત્ર રાજેન્દ્રભાઈની ચિ. પુત્રી રચનાના શુભ લગ્ન પ્રસંગે

૧૦૦/- પરમાર રણછોડભાઈ કરશનભાઈ — બળોલ-ભાલ
ચિ. જયદિપના લગ્ન પ્રસંગે

૫૦૧/- અંકિત હર્ષદકુમાર ચિ. દેયાનના જન્મ નિમિત્તે — અમદાવાદ

૧૦૦/- મોદી અમરતલાલ મગનલાલ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ

૧૦૧/- ભાવસાર પારુલબેન જનકકુમાર — અમદાવાદ
ઓપરેશન સારું થયું તે નિમિત્તે

**૫૦૦૧/-** પટેલ શાંતાબેન વિઠ્ઠલભાઈ — રિદ્રોલવાળા-અમદાવાદ
શ્રી નરનારાયણદેવની કૃપાથી મોતેયાનું ઓપરેશન
સફળ થયું તે નિમિત્તે

૧૦૦/- પટેલ રેખાબેન ઈશ્વરભાઈ જન્મ દિને — અસલાલી

૧૦૦/- પટેલ હેતવીબેન વિરલભાઈ જન્મ દિને — અસલાલી

૧૦૧/- પટેલ જી.જી. પુત્રના લગ્ન પ્રસંગે — વડુવાળા

૨૫૦/- વોરા ભૂમિ ધનવલકુમાર તેમના પિતાશ્રીના જન્મ દિને — અમદાવાદ

૧૦૦/- જાનિ રિતેષ નવિનચંદ્ર તેમના પિતાશ્રીના જન્મ દિને — બાકરોલ

૧૦૦/- સાપરીયા અલ્પેશ શામજી શ્રીજી પ્રસન્નાર્થે — બારડોલી

૫૦૦/- પિંડોરીયા શામજી વેલજી શ્રીજી પ્રસન્નાર્થે — માધાપર (કચ્છ)

૧૦૦/- સોની મનોજકુમાર સૂર્યકાંતભાઈ — જુના દેવળીયાવાળા
નવી ગાડી નિમિત્તે

૧૦૧/- ભાવસાર ચંદુભાઈ પુરુષોત્તમદાસ શ્રીજી પ્રસન્નાર્થે — નવાવાડજ

૧૧૧/- પટેલ જયંતીભાઈ મણીભાઈ ચિ. દિશાના લગ્ન નિમિત્તે — અમદાવાદ

૧૦૦/- પટેલ અશ્વિનભાઈ સીતારામભાઈ — ઉંઝા
ચિ. અવિ ધો-૧૧ પાસ નિમિત્તે

૨૦૦/- પટેલ ધ્વનિત તૃષિતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — નરોડા

૨૦૧/- પટેલ આલાપ દેવાંગભાઈ — અમદાવાદ
ચિ. પુત્રી જયતિના લગ્ન નિમિત્તે

૧૫૧/- ભાવસાર પિયુષકુમાર બંસીલાલ લગ્ન પ્રસંગે — અમદાવાદ

૧૦૧/- સિધ્ધપુરા દિવાળીબેન અંબાલાલના સ્મરણાર્થે — બીલીયા

૧૦૦/- પટેલ કિરીટભાઈ ચંદુભાઈ તેમના પિતાશ્રીનું — વાસણા
સ્વાસ્થ્ય સારુ થયું તે નિમિત્તે

૧૦૦/- બ્રહ્મભટ્ટ ઘનશ્યામભાઈ નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બાયડ

૫૦૦/- પટેલ નરેશભાઈ અમૃતલાલ — રાજપુર
ચિ. જીગર અને પ્રિયંકાના લગ્ન નિમિત્તે

૧૦૦૦/- ચાવડા રાજેન્દ્રસિંહ ભીખાજી મફાજી — બિલોદરા
ડ્રોમાં બાઈક લાગ્યું તે નિમિત્તે

૫૦૧/- પટેલ કલ્પનાબેન નરેશકુમાર — રાજપુર
ચિ. પ્રિતી અને વિકીકુમારના લગ્ન પ્રસંગે

૧૫૧/- કા. વિજયભાઈ પી. ચિ. કિશનના લગ્ન નિમિત્તે — દહેગામ

૨૦૨/- કા. ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે — મુંબઈ

૧૦૧/- મીસ્ત્રી સંજયભાઈ ગોપાળદાસ — ખણુંસા
ચિ. રાધવના વેવિશાળ નિમિત્તે

૧૦૧/- ચાવડા જયમલ ગંગદાસભાઈ પુત્રના લગ્ન પ્રસંગે — રામપરા

૨૦૦/- પટેલ જીતેન્દ્રકુમાર અમૃતલાલ શ્રીજી પ્રસન્નાર્થે — રાણીપ

૧૧૦૧/- ચૌહાણ લક્ષ્મીબેન લક્ષ્મણ ચૌહાણ — લેસ્ટર
હ. મૂળજીભાઈ કાચા ટેલર શ્રીજી પ્રસન્નાર્થે

૨૦૧/- મોદી હસમુખભાઈ પ્રહલાદભાઈ — અમદાવાદ
ચિ. પૌત્રી આરસીના જન્મ નિમિત્તે

૧૦૧/- વાટલીયા રાધવભાઈ પોપટભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ

૧૦૧/- ગજેરા સુમિત નંદલાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — નાના સમઢીયાળા

૧૦૧/- ભૂવા સાવન દિનેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ

૧૧૦૦/- પટેલ ચંદ્રિકાબેન ઘનશ્યામભાઈ — દેઉસણા
અમેરિકામાં નવો સ્ટોર કર્યો તે નિમિત્તે

૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે — મહેસાણા

૧૦૦/- મોદી નવનીતલાલ ગોપાળદાસ ચિ. મોસમના લગ્ન પ્રસંગે — રાણીપ

૧૫૧/- પટેલ શંકરભાઈ મણીભાઈ નવું એકટીવા લીધું તે નિમિત્તે — અસલાલી

૨૦૦/- પટેલ કાનદાસ કરશનદાસ ચિ. નિતેશના લગ્ન નિમિતે — વડુવાળા

૧૦૦/- અ.નિ. કમળાશંકર તથા સૂર્યબાળા ત્રિવેદી — અમદાવાદ
શ્રીજી પ્રસન્નાર્થે

૧૦૧/- ઠક્કર કૃણાલ ઘનશ્યામભાઈ જન્મ દિને — કલોલી

૧૦૦/- પટેલ સુરેશભાઈ હાથીભાઈ — વક્તાપુર
ચિ. એકમના વેવિશાળ નિમિત્તે

૫૦૦/- પટેલ તેજસ પરિસદકુમાર કેનેડામાં જોબ મળી તે નિમિત્તે — ડાંગરવા

૧૦૧/- પટેલ કપિલાબેન પ્રવિણભાઈ — નાંદોલ
ચિ. પુત્ર યુ.કે.માં રિન્યુલ થયો તે નિમિત્તે

૧૦૧/- પ્રજાપતિ લવજીભાઈ દેવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ઉગટ

૨૦૦/- એક હરિભક્ત શ્રીજી પ્રસન્નાર્થે — કોઠંબા

૧૦૦/- વાઘેલા મહેન્દ્રસિંહ ભાવુભા શ્રીજી પ્રસન્નાર્થે — ગોધાવી

૧૦૦/- વાઘેલા મનહરબા મહેન્દ્રસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગોધાવી

૧૦૦/- વાઘેલા આનંદબા ઘનશ્યામસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગોધાવી

૧૦૦/- વાઘેલા અમરબા નવલસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગોધાવી

૧૦૧/- વાઘેલા શિવસિંહ વેલુભા શ્રીજી પ્રસન્નાર્થે — ગરોડીયા

૧૦૧/- બારોટ નિકુંજ જીતેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — નરોડા

૧૦૦/- પટેલ ભાવેશ વિષ્ણુભાઈ ગ્રીન કાર્ડ મળ્યુ તે નિમિત્તે — નાંદોલ

૨૦૦/- પટેલ ગીરીશભાઈ બેચરભાઈ લંડન હેરો પ્રવાસ નિમિત્તે — લાલોડા

૧૦૦/- પટેલ અંજનાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — નાંદોલ

૧૦૦/- પટેલ પ્રભુદાસ મોતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — નાંદોલ

૧૦૦/- જોશી વત્સલકુમાર નિતીનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — કોઠંબા

૧૦૦/- પટેલ કાનજીભાઈ મોતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ખેરોલ

૧૦૦/- વાઘેલા હંસાબા જસુભાના સ્મરણાર્થે — ગોધાવી

૫૦૦/- પટેલ કેયુર શંકરભાઈ ચિ. હેતના જન્મ નિમિત્તે — ઝુંડાલ

૧૦૧/- પટેલ ઘનશ્યામભાઈ બેચરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — ચલોડા

૫૦૦/- સોની દિલીપકુમાર નગીનદાસ ચિ. સંદિપના લગ્ન પ્રસંગે — સાણંદ

૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગરોડીયા

૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે — ગરોડીયા

૧૦૦/- કા. આકાશ બિપીનચંદ્ર લગ્ન તિથિ નિમિત્તે — બાલાસિનોર

| | | |
|---|---|---|
| ૧૦૧/- | પટેલ એચ. કે. કચરાભાઈ મોતીરામની પુણ્યતિથિ નિમિત્તે | ધોળાકુવા |
| ૧૦૦/- | મોરી અંકિતાબેન કનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | કાલીયાણા |
| ૭૫૧/- | પટેલ પિનલકુમાર ભરતભાઈ ઓસ્ટ્રેલીયા ગયા તે નિમિત્તે | જાનવડ |
| ૭૫૧/- | પટેલ ભરતકુમાર જગજીવનદાસ નવા મકાનના વાસ્તુ નિમિત્તે | જાનવડ |
| ૧૦૧/- | પટેલ હરજીવનદાસ રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | રતનપુર |
| ૧૦૧/- | પટેલ હર્ષિલકુમાર ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | રતનપુર |
| ૧૦૧/- | પટેલ મધુબેન અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે | રતનપુર |
| ૧૦૧/- | પટેલ પ્રવિણભાઈ રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | રતનપુર |
| ૧૧૧/- | સોની રમેશચંદ્ર મનસુખલાલ ચિ. પ્રપૌત્ર ક્રિયાંસની બાબરી નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧/- | દરજી પ્રજ્ઞેશકુમાર ભીખાભાઈ શ્રીહરિ પ્રસન્નાર્થે | દહેગામ |
| ૨૦૧/- | વાઘેલા જામભા ગોપાલજી શ્રીજી પ્રસન્નાર્થે | ગોધાવી |
| ૧૦૦/- | પટેલ ચંદ્રેશકુમાર જસુભાઈ તા. ૨૯-૩ જન્મ દિને | આકરૂંદ-બાયડ |
| ૧૦૦/- | પટેલ શ્રેય હિતેષભાઈ ગાંધીનગર ગુજરાત ક્રિકેટ એસોસીએશન અન્ડર ૧૪ માં સિલેકટ થયા તે નિમિત્તે | |
| ૫૦૧/- | રાણા જગતસિંહ બબાસિંહ ચિ. કોમલબેનના લગ્ન નિમિત્તે | ધરમપુર |
| ૨૫૦/- | વાઘેલા હિતેન્દ્રસિંહ પ્રવિણસિંહ ચિ. ભારતીબાના શુભ લગ્ન પ્રસંગે | ખોડા |
| ૧૦૧/- | પટેલ પંથ તુષારભાઈ જન્મ દિને | જમીયતપુરા |
| ૧૦૧/- | પટેલ દેશય ગૌરવભાઈ ચૌલ ક્રિયા નિમિત્તે | જમીયતપુરા |
| ૧૦૦/- | પટેલ પ્રવિણચંદ્ર અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે | ઉવારસદ |
| ૫૦૧/- | મહારાજા કુસુમબેન શાંતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે | અમેરિકા |
| ૨૦૧/- | પટેલ અશોકભાઈ ઉમેદરામ શ્રીજી પ્રસન્નાર્થે | ઈટાદરાવાળા |
| ૧૦૧/- | ઠક્કર ઘનશ્યામભાઈ નારણભાઈ જન્મ દિને | અમદાવાદ |
| ૧૦૧/- | રાઓલ રાજેન્દ્રસિંહ અભેસિંહ શ્રીજી પ્રસન્નાર્થે | મિતલી |
| ૧૦૦/- | શાહ ભગવતભાઈ ફકીરચંદ શ્રીજી પ્રસન્નાર્થે | ગાંધીનગર |
| ૨૦૧/- | પટેલ ઘનશ્યામભાઈ વિઠ્ઠલદાસ ચિ. સુહાનીના લગ્ન પ્રસંગે | વાગોસણા |
| ૧૦૧/- | ભાવસાર જીનેશ પારસકુમાર જન્મ દિને | ગાંધીનગર |
| ૫૦૧/- | પટેલ દશરથભાઈ નટવરભાઈ આઈ-૨૦ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે | પોરવાળા-ગાંધીનગર |
| ૩૦૧/- | ચૌહાણ મયુર શરદભાઈ જોબ મળી તે નિમિત્તે | ગાંધીનગર |
| ૧૦૧/- | પટેલ એ. ગોપાલભાઈ જુની ગાડી ખરીદી તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧/- | સોની સુમનલાલ જમનાદાસ શ્રી નરનારાયણદેવ પાટોત્સવ નિમિત્તે | અમદાવાદ |
| ૨૦૦/- | પટેલ ઘનશ્યામભાઈ ભોળાભાઈ ચિ. મૌનિકાબેનના લગ્ન પ્રસંગે | વિહાર |
| ૧૦૧/- | મકવાણા મણીલાલ શામજીભાઈ ચિ. ઘનશ્યામના લગ્ન પ્રસંગે | અમદાવાદ |

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીના નાના ગુરુભાઈ કોઠારી પાર્ષદ ડિગંબર ભગત ગુરુ સ.ગુ. ચિતારા સ્વામી બળદેવપ્રસાદદાસજી (ઉં. ૬૮ વર્ષ) મહાવદ-૪ ને તા. ૧૮-૨-૨૦૧૪ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. છેલ્લા ૫૦ વર્ષથી અમદાવાદ મંદિરમાં સેવા કરતા હતા.**

**મૂળી : શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળીના વયોવૃદ્ધ તપોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ સંત સ.ગુ. સ્વામી નરનારાયણદાસજી ગુરુ વૈદ્ય સ્વામી ગોપાલચરણદાસજી (ઉ. ૯૬ વર્ષ) મહાવદ-૩ ને તા. ૧૭-૨-૧૪ ને સોમવારના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા રતનપર મંદિરમાં અક્ષરનિવાસી થયા છે.**

**અમદાવાદ :** પ.ભ. ગોવિંદભાઈ રામાભાઈ પટેલ (ઈટાદરાવાળા)ના માતુશ્રી ચંચળબેન રામાભાઈ પટેલ (ઉ. ૧૦૦ વર્ષ) તા. ૩-૧-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** પ.ભ. ઘનશ્યામભાઈ હરિલાલ પટણી (ઉ. ૭૯ વર્ષ) (શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા ઓચ્છવીયા) તા. ૮-૧-૧૪ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ભાઉપુરા :** શ્રી નરનારાયણદેવના અનન્ય નિષ્ઠાવાળા પ.ભ. ત્રિભોવનભાઈ અમીચંદભાઈ પટેલ તા. ૧૫-૧-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** શ્રી નરનારાયણદેવના અનન્ય નિષ્ઠાવાન પ.ભ. પરસોતમભાઈ મોહનભાઈ ગામ્ભા (મેથાણવાળા) તા. ૨૦-૧-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**બીલીયા (સિધ્ધપુર) :** પ.ભ. પટેલ દિવાળીબેન અંબારામ સિધ્ધપુરા તા. ૨૧-૧-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સલાલ (ઈડર - હાલ કાલામાજુ અમેરિકા) :** પ.ભ. કનુભાઈ અને મુકેશભાઈના પિતાશ્રી પ.ભ. પ્રભુદાસ વિઠ્ઠલદાસ પટેલ તા. ૨૫-૧-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ડાંગરવા :** પ.ભ. રાજાજી બાદરજી ડાભી તા. ૧-૧-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**માણેકપુર :** પ.ભ. મણીબેન જેઠાભાઈ ચૌધરી શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા તા. ૧૬-૧૨-૧૩ ના રોજ અક્ષરનિવાસી થયા છે.

**મોરબી :** મૂળી શ્રી રાધાકૃષ્ણદેવના નિષ્ઠાવાન પ.ભ. મુકેશભાઈ અને પ્રકાશભાઈ જોબનપુત્રાના પિતાશ્રી પ.ભ. નાનાલાલ ગિરધરલાલ જોબનપુત્રા (ઉ. ૮૫ વર્ષ) તા. ૧૨-૨-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**બાપુપુરા :** પ.ભ. ચૌધરી દેવજીભાઈ મણીલાલ (ઉ. ૩૫ વર્ષ) શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. શ્રીહરિ તેમના પરિવારને ધૈર્ય અને બળ પ્રેરે તેવી પ્રાર્થના.

**વાંકાનેર (મૂળી દેશ) :** પ.ભ. હિરાલાલ ગંગારામભાઈ ઝવેરી (મૂળીમાં શ્રી ઘનશ્યામ મહારાજે વાંકાનેરના પરમ ભક્ત છગનભાઈ ઝવેરી પાસે સોનાના તોડા માગીને લીધેલા તેની પરંપરાના) તા. ૧૯-૨-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ગાંધીનગર :** પ.ભ. કપિલાબેન ચંદુભાઈ સોલંકી તા. ૧૭-૨-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**માણસા :** પ.ભ. પટેલ રામાભાઈ ત્રિકમદાસ (પરીડા) તા. ૧૭-૧-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ધમાસણા :** શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સક્રિય સભ્ય રાજુભાઈ પટેલના પિતાશ્રી ચિમનભાઈ મથુરભાઈ પટેલ તા. ૧૮-૨-૧૪ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ધમાસણા :** પ.ભ. ભાવિન ભાઈલાલભાઈ પટેલ (ઉ. ૨૫ વર્ષ) તા. ૨૨-૨-૧૪ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.































૧. શ્રી સ્વામિનારાયણ મંદિર નારણઘાટ પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનોઅભિષેક કરતાં આચાર્ય મહારાજશ્રી. ૨. નાથદ્વારા મંદિરમાં પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ દર્શન. ૩. છપૈયા જન્મ સ્થાન મંદિરમાં મૂખ્ય બારશાખનું ખાતવિધિ કરતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૪. વણઝર મંદિરમાં શાકોત્સવ કરતાં પ.પૂ. મોટા મહારાજશ્રી. ૫. આનંદપુરા મંદિરમાં શાકોત્સવ કરતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૬. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ૪૨માં જન્મોત્સવના ઉપલક્ષમાં બાલવામાં સત્સંગ સભા. ૭. મણિનગર (સોજા) ગામે શ્રીનરનારાયણદેવ મહોત્સવ નિમિત્તે (પ્રથમ) સભામાં ઉદ્‌બોધન કરતાં સંતો. ૮. ભાવપુરા મંદિરમાં પાટોત્સવ પ્રસંગે સભામાં લાભ લેતા હરિભક્તો. ૯. બારેજા મંદિરમાં પાટોત્સવ પ્રસંગે સભામાં લાભ લેતા હરિભક્તો. ૧૦. કલોલ પંચવટી મંદિરમાં ૪૨માં જન્મોત્સવના ઉપલક્ષમાંબહેનો દ્વારા સમૂહ મહાપૂજા.

Registered under RNI-GUJGUJ/2007/20221 "Permitted to post at Ahd PSO on 11 the every month under postal
REG. NO. GAMC.- 003/12-14 issued ssp Ahd Valid up to 31-12-2014 Licenced to Post without pre payment
No.CPMG/GJ/01/2012 valid up to 30-06--2014







૧. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ત્રીજા વાર્ષિક દિન પ્રસંગે સભામાં દર્શન આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી. ૨. કાલુપુર મંદિરના સભામંડપમાં પ.પૂ.મોટા મહારાજશ્રીના પવિત્ર સાંનિધ્યમાં અ.નિ.કોઠારી પાર્ષદ ડિગંબર ભગતની ગુણાનુવાદ સભા.


પ.પૂ.ધ.ધુ.આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા તથા પ.પૂ.ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સાનિધ્યમાં

પ્રારંભ
તા.૮-૫-૨૦૧૪

# ષટમ્ બાળ સત્સંગ શિબિર

પૂર્ણાહુતિ
તા.૯-૫-૨૦૧૪

ફી માત્ર : રૂા. ૫૦/- વય મર્યાદા ૧૨ થી ૨૦ વર્ષ

આયોજક/સ્થળઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા, ગાંધીનગર (ગુજરાત)

પ્રવેશ પત્ર માટેઃ- ભદ્રેશ-૯૭૩૭૧૭૮૩૮૫ ● રાજુભાઈ-૯૮૭૯૩૬૮૫૫૫ ● યોગેશ-૮૬૯૦૫૫૨૬૫૮

www.swaminarayan.in


Praful Kharsani